ISSN-0971-8397

# યોજના

વિશેષાંક

જાન્યુઆરી-૨૦૧૫ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૨૦

## ભારતમાં સીધાં વિદેશી મૂડીરોકાણના સંદર્ભમાં નીતિવિષયક ફેરફારો

ભારતમાં સંપૂર્ણ સ્વચ્છતા આડેના અવરોધો

સ્વચ્છ ભારત અભિયાન : પ્રગતિશીલ ભારતનું એક મહત્ત્વનું મિશન

રાષ્ટ્રીય મતદાતા દિવસ - ૨૫ જાન્યુઆરી

વિશેષ લેખ


ભારતમાં આવકની અસમાનતા : કારણો અને પરિણામો













## Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :

**Business Manager (Journals)**

Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
ADG (In-charge), Publications Division, Ministry of I & B, Payable at New Delhi

### આગામી આકર્ષણો

**ફેબ્રુઆરી ૨૦૧૫**

**સમવાયતંત્ર (ફેડરાલીઝમ) અને ભારતીય રાજકારણ**

**માર્ચ ૨૦૧૫**

**અંદાજપત્ર (વિશેષાંક) ૨૦૧૫-૧૬**

# યોજના

**YR. XXXXII VO. X**

નિયામક અને મુખ્યતંત્રી
**રાજેશ કે. ઝા**

નાયબ નિયામક : **અમિતા મારુ**
તંત્રી : **અજય ઇન્દ્રેકર**


આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતાં લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

| | |
|---|---|
| **છૂટક નકલ** | **: રૂ. ૧૦-૦૦** |
| **વાર્ષિક લવાજમ** | **: રૂ. ૧૦૦-૦૦** |
| **બે વર્ષ** | **: રૂ. ૧૮૦-૦૦** |
| **ત્રણ વર્ષ** | **: રૂ. ૨૫૦-૦૦** |

લવાજમની રકમ "S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦ Yojana (Guj.)"ના નામે મનીઓર્ડર/ચેક/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે. લવાજમ મોકલવાનું સરનામું :


**યોજના કાર્યાલય**

લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડિંગ,
યુ.કો. બેંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦


## આયોજન અને વિકાસને સમર્પિત


**વર્ષ : ૪૨ અંક : ૧૦ જાન્યુઆરી-૨૦૧૫ સળંગ અંક : ૭૬૯**


## વિષયસૂચિ


| | | |
|---|---|---|
| ભારતમાં 'સંપૂર્ણ સ્વચ્છતા' આડેના અવરોધો | ગ્રેગરી પિઅર્સ | ૫ |
| સ્વચ્છ ભારત અભિયાન : પ્રગતિશીલ ભારતનું એક મહત્ત્વનું મિશન | કે. એન. પાઠક | ૧૦ |
| ભારતમાં આવકની અસમાનતા : કારણો અને પરિણામો | તુલસી જયકુમાર | ૧૬ |
| સ્વચ્છતાના પાઠ શીખવતી શાળા | શિલ્પા વઘાસિયા | ૨૫ |
| પ્રવાસી ભારતીય દિવસ | યોગેશ પંડ્યા | ૨૯ |
| ગાંધીજીના મતે - ગ્રામવાદ એટલે જ વિકાસ | ડૉ. બાદરભાઈ વાય. કુરેશી | ૩૧ |
| ટકાઉ વિકાસ અને પર્યાવરણ ઈન્ડેક્ષ | હિમાંશુ સી. વ્યાસ | ૩૩ |
| આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તન વચ્ચેનો સંબંધ | ડૉ. રજનીકાંત પરસાણિયા | ૩૭ |
| ભારતમાં સીધા વિદેશી મૂડીરોકાણના સંદર્ભમાં નીતિવિષયક ફેરફાર | સોજીન શીન | ૪૦ |
| સ્વચ્છતા, વિકાસ અને સામાજિક પરિવર્તન | ડૉ. કાંતિ બી. મુંજપરા | ૪૪ |
| સ્વચ્છતા અને વિકાસનો સંગમ : "સ્વચ્છ ભારત મિશન" | ડૉ. અર્ચના એ. પરમાર | ૪૭ |
| ભારતમાં સામાજિક પરિવર્તનની રૂપરેખા | સોમાભાઈ એલ. ઠાકોર | ૫૦ |
| કાશ્મીરના સંરક્ષણ માટે સરદારે આઝાદી પછીના પ્રારંભના વર્ષોમાં કેવા ક્રાંતિકારી કદમ ઉઠાવ્યા હતા ? | પ્રભાકર ખમાર | ૫૩ |
| રાષ્ટ્રીય મતદાતા દિવસ - ૨૫ જાન્યુઆરી | ડૉ. એચ. એ. હસન | ૫૫ |
| ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ સામાજિક પરિવર્તન અને વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના | રાજવી એ. મુલાણી | ૫૮ |
| સંપોષિત વિકાસ | દેવાંશ પટેલ | ૬૩ |


## ટાઈટલ


- આવરણ ડિઝાઈન : — ૧
- યોજના જાહેરાત : — ૨
- પ્રવચનના અંશો : — ૩
- પ્રકાશન વિભાગનાં પુસ્તકો : — ૪



**Website : www.yojana.gov.in**
**E-mail Address : yojanagujarati@gmail.com**

## તંત્રીલેખ

# ગાંધીજી અને સ્વચ્છતા

**ચા**લો એક વાત સાથે શરૂઆત કરીએ. હકીકતમાં આ વાત ગાંધીજીના જીવનનું જ એક પાનું છે. વર્ષ ૧૮૯૮. ડર્બન, દક્ષિણ આફ્રિકા. ગાંધીજી વકીલ તરીકે કામ કરતા હતા અને ઘણી વખત તેમના કારકૂનો તેમની સાથે તેમને ઘરે રોકાઈ જતાં હતાં. એક વખત 'અસ્પૃશ્ય માતાપિતા'ને ત્યાં જન્મેલ એક ખ્રિસ્તી કારકૂન તેમની સાથે રોકાયો હતો. ઓરડાઓમાં મળમૂત્ર એકત્ર કરવા માટેના પાત્રની જોગવાઈ હતી, જેને સવારે કસ્તૂરબા સાફ કરતા હતા. જોકે નીચલી જ્ઞાતિના વ્યક્તિના મળમૂત્ર સાફ કરવા તેઓ રાજી નહોતા અને ગાંધીજી પણ આવું કરે તેઓ તેઓ ઈચ્છતાં નહોતાં. ગાંધીજીનો આગ્રહ હતો કે તેમણે આ કામ કરવું જોઈએ અને આનંદપૂર્વક કરવું જોઈએ. તેમણે તેમની આત્મકથામાં લખ્યું છે કે, 'હું મારી જાતને ભૂલી ગયો હતો, અને દયાનું ઝરણું મારામાં સૂકાઈ ગયું હતું. મેં તેનો હાથ પકડ્યો હતો, લાચાર મહિલાને દરવાજા સુધી ઘસડી ગયો હતો, જે સીડીની બરોબર સામે હતો અને તેને બહાર કાઢી મૂકવાના આશય સાથે તેને મેં ખોલ્યો હતો.' ગાંધીજીએ પોતાના જાત પર શરમ અનુભવવાના અર્થમાં આ વાતને વાગોળી છે.

ગાંધીજીની સ્વચ્છતા અને તેના જ્ઞાતિના પરિમાણની સમજણને સમજવા આ વાત અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સાફસફાઈ અને સ્વચ્છતાના મુદ્દે ગાંધીજીની સક્રિય ભાગીદારી વ્યક્તિગત સ્વચ્છતા કે મ્યુનિસિપલ સ્વચ્છતાના પ્રશ્ન પૂરતી મર્યાદિત નહોતી, પણ તેનો સંબંધ દુનિયાની સાર્વત્રિક સમજણ સાથે હતો. આ અર્થમાં તે વ્યક્તિગત, સમાજ અને રાજય વચ્ચે બહુપરિમાણિય સંબંધને વ્યાખ્યાયિત કરે છે. તેઓ સમજતા હતા કે દક્ષિણ આફ્રિકામાં સ્વચ્છતા રાજકીય મુદ્દો હતો, જેણે બ્રિટિશરોને રંગભેદ અને વંશીય ભેદભાવને કાયમી બનાવવા માટેનું કારણ આપ્યું છે. ભારતીયો અને કાળા આફ્રિકનોના અધિકારો માટેના સંઘર્ષને સાફસફાઈ અને વ્યક્તિગત સ્વચ્છતાની આવશ્યકતાઓથી અલગ ન કરી શકાય. સ્વચ્છતા અને સાફસફાઈનો મુદ્દો દક્ષિણ આફ્રિકાના દિવસોથી ૧૯૪૭-૪૮માં તેમણે દિલ્હીમાં સફાઈ કામદારોની વસતિમાં રહેવાનું પસંદ કર્યું ત્યાં સુધી તેમની સાથે જોડાયેલો રહ્યો હતો. તેઓ સમજતા અને માનતા હતા કે જયાં સુધી સાફસફાઈ અને સ્વચ્છતા સાથે સામાજિક બહિષ્કારને ન જોડવામાં આવે ત્યાં સુધી તેની વાતો કરવાનો કોઈ અર્થ નથી. ખરેખર ગાંધીજી માટે સ્વચ્છતા ક્રાંતિકારી અને પરિવર્તનનો પવન ફૂંકવાની સંભવિતતા ધરાવતો વિચાર હતો.

અત્યારે સરકારે રાષ્ટ્રીય સ્તરે સ્વચ્છતા અભિયાન શરૂ કરતા એક વખત ફરી સાફસફાઈ અને સ્વચ્છતાનો મુદ્દો મુખ્ય પ્રવાહમાં આવ્યો છે. લાંબા સમયથી સ્વચ્છતા કાર્યક્રમ સરકારી નીતિનો એક ભાગ હતો, પણ અગાઉ તેને વહીવટી પ્રયાસ અને મીડિયામાં કવરેજ એમ બંને દૃષ્ટિએ જોઈએ તેવું પ્રોત્સાહન મળ્યું નહોતું. હવે સરકાર આગામી થોડા વર્ષો શહેરી કચરા વ્યવસ્થાપન, શૌચાલયોના નિર્માણ, સ્વચ્છતાના મુદ્દે સરકારી શિક્ષણ અને રાજ્ય સરકાર અને ઉદ્યોગ, કોર્પોરેટ સંસ્થાઓ, બિનસરકારી સંગઠનો વગેરે સાથે ભાગીદારીમાં સાફસફાઈ પર મોટો ખર્ચ કરવા પ્રતિબદ્ધ છે.

જોકે વિશેષ ધ્યાન નહેરો, શૌચાલયો, ઓફિસ અને મ્યુનિસપલ જગ્યાઓને સાફ કરવાની રોજિંદી જવાબદારી ધરાવતા લોકો પર આપવાની જરૂર છે. લાખો સફાઈ કામદારો છે, જેઓ ઓછા વેતન પર અને અમાનવીય સ્થિતિમાં કામ કરે છે. સામાજિક રીતે આ કામદારો સમાજના પછાત વર્ગ સાથે સંબંધ ધરાવે છે. મોટી સંખ્યામાં ચીંથરા અને કચરો એકત્ર કરે છે, જેમાંથી મોટા ભાગના લોકો ૧૪ વર્ષથી ઓછી વયના છે. તેમની કોઈ સામાજિક સુરક્ષા હોતી નથી. ભારતના ૯૦ ટકા સફાઈ કામદારો ૬૦ વર્ષની ઉંમરે પહોંચે તે અગાઉ વિવિધ ચેપી રોગનો ભોગ બનીને મૃત્યુ પામે છે તે આંચકાજનક બાબત છે. સ્પષ્ટ છે કે સાફસફાઈના સંદર્ભમાં બહિષ્કાર અને સન્માન સંબંધિત પ્રશ્નોને ઉઠાવવા જરૂરી છે અને અન્ય કોઈ કાર્યક્રમની જેમ રાજકીય ઈચ્છાશક્તિ દાખવવી જોઈએ તેમજ નાણાકીય સંસાધનો અને વહીવટી સાથસહકાર આપવો જોઈએ.

સરકારે આ અભિયાનના ભાગરૂપે ગાંધીજીને પ્રેરણામૂર્તિ બનાવ્યા છે તેનું પ્રતિકાત્મક મૂલ્ય અનેકગણું છે. જયારે દેશમાં ગટરની સાફસફાઈ કરતા એક પણ સફાઈ કામદાર અને કચરો વીણતા એક પણ બાળકનું મૃત્યુ ચેપી રોગથી નહીં થાય ત્યારે ગાંધીજીના ચશ્માની જોડીના પ્રતિકાત્મક મૂલ્યનું ખરેખર સન્માન થશે. અને હા, જયારે દલિત જ નહીં પણ તમામ જ્ઞાતિની વ્યક્તિઓ રાજીખુશીથી દેશમાં મ્યુનિસિપલ વ્યવસ્થામાં ગટરની સાફસફાઈના આધુનિકરણમાં સફાઈ-કર્મચારી તરીકે કામગીરી હાથમાં લેવા આગળ આવશે ત્યારે ગાંધીજી તેમનું સંતોષકારક હાસ્ય પ્રકટ કરશે. બાપૂ, ભારત ઝડપથી સ્વચ્છ દેશ બને તે માટે આશીર્વાદ આપો !

# ભારતમાં 'સંપૂર્ણ સ્વચ્છતા' આડેના અવરોધો

• ગ્રેગરી પિઅર્સ •

ભારતમાં વિવિધ પ્રકારના રોગચાળા અને મૃત્યુના ઊંચા દર માટે પ્રત્યક્ષ રીતે શૌચાલયનો અપૂરતો ઉપયોગ[1] જવાબદાર છે. પૂરતી સ્વચ્છતાની સુલભતા ન ધરાવતી વિશ્વની આશરે ૨૫ ટકા વસતિ ભારતમાં રહે છે અને ભારતમાં અંદાજે ૬૦ કરોડ લોકો જાહેરમાં મળત્યાગ કરે છે (યુનિસેફ ૨૦૧૨). પર્યાપ્ત શૌચાલયનો અભાવ અને તેનો ઓછો ઉપયોગ ભારતની જીડીપીમાં દર વર્ષે ઓછામાં ઓછા ૬.૪ ટકાનો ઘટાડો કરે છે (ડબલ્યુએસપી ૨૦૧૧, ચેમ્બર્સ અને વોન મેડીઝા ૨૦૧૩). સ્વચ્છતા માટેના ઉપાયો પર ધ્યાન કેન્દ્રિત કરવા છતાં અપૂરતી સાફસફાઈ માટે જવાબદાર પરિબળોની સમજણ હજુ અત્યંત ઓછી છે.

અહીં સમગ્ર દેશમાં જિલ્લા સ્તરે શૌચાલયના વપરાશમાં વિવિધતા સમજાવવા સ્થાનિક વિશ્લેષણની પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વૈશ્વિક સ્થાનિક સહસંબંધનું પરિક્ષણ પુષ્ટિ કરે છે કે જિલ્લા સ્તરે સ્વચ્છતાનો ઉપયોગ છૂટોછવાયો છે. સ્થાનિક આંકડાકીય પરિક્ષણમાં પણ ખુલાસો થયો છે કે જે જિલ્લાઓમાં પાંચ વર્ષથી ઓછી વયના બાળકોનો મૃત્યુદર ઊંચો છે ત્યાં સ્વચ્છતાની ગુણવત્તા અને વ્યવસ્થાનું માળખું અત્યંત નબળું છે. શૌચાલયના ઉપયોગના પ્રમાણભૂત સામાજિક-આર્થિક અને સંસ્થાકીય સહસબંધોને સમજાવ્યા પછી સ્થાનિક બહુવિધ કેન્દ્રોની સાતત્યતા પ્રદર્શિત કરવા એક વિશિષ્ટ મોડેલ કાર્યરત છે.

મોટા ભાગના સ્થાનિક સંશોધન ગામ કે નિકટતાના માપ પર, કે રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે સ્વચ્છતાના ઉપયોગ પર સંપૂર્ણપણે કેન્દ્રિત છે (મનિકુટ્ટી ૧૯૯૮, ચેમ્બર્સ ૨૦૦૯). તાજેતરમાં સ્વચ્છતાના કાર્યક્રમો અને તેના પરિણામો પર જિલ્લા સ્તરીય માહિતી ઉપલબ્ધ કરતા ઘણું બધું સાહિત્ય ઉપલબ્ધ થયું છે અને તેમાં સૂક્ષ્મ સ્તરીય અભ્યાસ કરવામાં આવ્યો છે. ભારત સરકાર દેશના ૯૫ ટકા જિલ્લાઓમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન (ટીએસસી) ચલાવે છે. આ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને ભંડોળ હસ્તાંતરિત કરે છે. પછી રાજ્ય સરકાર જિલ્લા સ્તરે અને જિલ્લા વહીવટીતંત્ર ગ્રામીણ સ્તરે ભંડોળ પહોંચાડે છે. તેનો હેતુ ભારતના તમામ ગામડાઓમાં ખુલ્લામાં મળત્યાગ સંપૂર્ણપણે નાબૂદ કરવાનો છે. આ રીતે જોઈએ તો આ કાર્યક્રમ કેન્દ્ર સરકારનો છે, પણ તેનું મૂળભૂત નિયંત્રણ અને આકારણી જિલ્લા વહીવટીતંત્રના હાથમાં છે.

હજુ હમણા સુધી ભારતમાં અપર્યાપ્ત સ્વચ્છતાના નિર્ણાયક પરિબળો પર સંશોધનો ભાગ્યે જ થતા હતા (યુનિસેફ ૨૦૦૮). સ્પીઅર્સે ટીએસસી જિલ્લા મુજબ ફાળવણીમાંથી બાળકોની ઊંચાઈ અને બાળ મૃત્યુદર પર મહત્ત્વપૂર્ણ, હકારાત્મક અસરો શોધવા અખિલ ભારતીય માહિતીનો ઉપયોગ કર્યો હતો (૨૦૧૨). બીજી તરફ, સ્ટોપ્નિત્ઝકી (૨૦૧૨)એ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૮ સુધી ટીએસસી કાર્યક્રમથી ભારતના જિલ્લાઓમાં શૌચાલયની માલિકીમાં નોંધપાત્ર વધારો થયો નહોતો.

ગુણવત્તાયુક્ત અભિગમનો ઉપયોગ કરીને કાર્યક્રમની માંગને પ્રોત્સાહન આપવાના પ્રયાસ છતાં ટીએસસી સંસાધનોના સ્થાનિક વપરાશ વિશે શંકા રહે છે. ઘોષ અને કેઈર્નક્રોસ ૨૦૦૧ અને ૨૦૧૧ની વસતિ ગણતરીનો ઉપયોગ કરીને સૂચવે છે કે રાજ્ય અને જિલ્લા સ્તરે શૌચાલયની સુલભતામાં પ્રાદેશિક ફેરફાર પર મહિલા સાક્ષરતા દર અને શહેરીકરણ દ્વારા પ્રભાવિત થાય છે (૨૦૧૩). વર્તમાન અભ્યાસ સમગ્ર ભારતમાં સ્વચ્છતાના ઉપયોગમાં સ્થાનિક ફેરફારના જિલ્લા મુજબ સિદ્ધાંતના પરિક્ષણ દ્વારા આ નવા સાહિત્યને પૂરક બને છે.

---

૧. આ અભ્યાસમાં 'શૌચાલય' અને 'સ્વચ્છતા'નો ઉપયોગ એકબીજાની અદલાબદલીમાં વપરાયો છે. 'સુલભતા' અને 'વપરાશ' વચ્ચે પ્રસ્તુત જણાય ત્યાં ફર્ક કરવામાં આવ્યો છે.

**સ્વચ્છતાના સ્થાનિક પરિબળો : જિલ્લાની ભૂમિકા**

શૌચાલયના ઉપયોગમાં નિર્ણાયક પરિબળોમાં સામાજિક-આર્થિક દરજ્જા માટે નિયંત્રણ પછી ભૌગોલિક નિકટતાની અસરને સૂચવવાનો પ્રયાસ બહુ ઓછા અભ્યાસમાં થયો છે. જોકે ભારતમાં પાંચ વર્ષથી ઓછી વયના મૃત્યુદર જેવા સ્વસ્છતા સંબંધિત સ્વાસ્થ્ય પરિણામોમાં સ્થાનિક ફેરફારની આકારણી કરતા સંશોધનો અને વર્તમાન અભ્યાસ વચ્ચે સરખામણી થઈ શકે છે (સિંહ, પાઠક અને ચૌહાણ ૨૦૧૧, કુમાર, સિંહ અને રાય ૨૦૧૨).

ઉપર ઉલ્લેખ કર્યા મુજબ, ગ્રામીણ વિસ્તાર કે નજીકની શહેરી વસાહતમાં અપૂરતી સ્વચ્છતા કે સાફસફાઈના સ્થાનિક પરિબળોની વિભાવના પ્રગટ કરવી અત્યંત સરળ છે. આ માપદંડો પર ખુલ્લામાં મળોત્સર્જનમાંથી સીધા, નકારાત્મક અનપેક્ષિત પરિણામો જોવા મળે છે (કાર્ન અને હરડા ૨૦૦૨, જ્યોર્જ ૨૦૦૯). જ્યારે કેટલાંક પરિવારના લોકો ખુલ્લામાં મળોત્સર્જનને જાળવી રાખે છે, ત્યારે રોગ પ્રસરાવતા જીવાણુઓ કે વાહકો સરળતાપૂર્વક આખા સમુદાયમાં પ્રસરી શકે છે. તેનાથી વિપરીત ભારતમાં રાજ્યો ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશો (એલએમઆઈસી)ના રાજ્યોની સરખામણીમાં મૂળભૂત સેવા નીતિમાં મોટું વિવેકાધીન ભંડોળ ધરાવે છે, એટલે સ્વચ્છતા કે સાફસફાઈના પરિણામો ઘણી વખત પ્રાદેશિક નીતિને આભારી હોય છે (એલ્ડન અને કોમિન્સ ૨૦૧૨, ઘોષ અને કેઈર્નક્રોસ ૨૦૧૩, રાવ અને સિંહ ૨૦૦૩).

જિલ્લાઓ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટી માળખાના પેટાવિભાગો છે તેમજ તેઓ સ્થળના આધારે કેટલાંક શહેરીકૃત વિસ્તારો કે સેંકડો ગ્રામડાઓમાં ફેલાયેલા હોઈ શકે છે. જિલ્લાની વસતિ કેટલાંક લાખથી લઈને કરોડ સુધી હોઈ શકે છે. તદનુસાર જિલ્લા સ્તરે સાફસફાઈનો સ્થાનિક સિદ્ધાંત તાત્કાલિક દેખાતો નથી. સ્પષ્ટ છે કે જિલ્લા સ્તરે શૌચાલયના ઉપયોગના સ્થાનિક સંબંધને ફક્ત ભૌતિક વ્યવસ્થાની પ્રક્રિયા તરીકે ન જોઈ શકાય. તેના બદલે સમગ્ર જિલ્લામાં સંભવિત સ્થાનિક સંબંધને સાફસફાઈ માટે પુરવઠો અને પુરવઠા અને માગમાં ફેરફારના પરિણામ સ્વરૂપે જોવો જોઈએ. શૌચાલયો માટેની માંગ મોટા ભાગે સામાજિક ધારાધોરણે મારફતે સંચાલિત હોય છે, જ્યાં સંસ્થાકીય પરિબળો દ્વારા પુરવઠામાં ફેરફાર થાય છે. જિલ્લાની વર્તમાન સમતુલા માટે ઓછામાં ઓછી સાર સંભવિત વ્યાખ્યા છે, જેમાંથી માત્ર એક જિલ્લા સ્તરીય વ્યવસ્થાને ખરા અર્થમાં સૂચવે છે.

જિલ્લા સ્તરે શૌચાલયના ઉપયોગમાં ફેરફાર કરી શકાય તેવા એકમની સમસ્યા પ્રતિબિંબિત કરી શકાય છે. તદનુસાર મનસ્વી રીતે નક્કી કરવામાં આવેલી જિલ્લાની હદો શૌચાલયના ઉપયોગમાં સ્થાનિક ફેરફારના ખરા માપને વધારી કે ઘટાડી શકે છે. બીજું, પ્રાદેશિક સ્તરે પુરવઠામાં તફાવતો માટે જિલ્લા સ્તરીય ફેરફારો ભાગ્યે જ જવાબદાર હોઈ શકે છે. ત્રીજું, ભારતની વર્તમાન વહીવટી સરહદો પ્રમાણમાં નવી છે અને સતત બદલાય છે.

છેલ્લે, સ્વચ્છતાના ઉપયોગમાં સ્થાનિક પેટર્નને સમજાવતી વાસ્તવિક જિલ્લા સ્તરીય અસર એ એક પ્રકારની વિભાવના છે. ટીએસસીના સાહિત્યમાં દર્શાવ્યા મુજબ, જિલ્લા સ્તરે નિર્ણય લેવાની પ્રક્રિયા અને સંશોધનની ફાળવણી શૌચાલયની સુલભતા અને ઉપયોગના સ્તરને અસર કરી શકે છે. ચોક્કસ અસરકારક નેતૃત્વના પ્રયાસો અને અભિયાનોના કારણે જિલ્લાઓમાં શૌચાલયની સુલભતામાં સારો વધારો થઈ શકે છે. એક જિલ્લામાં સ્વચ્છતાની સ્થિતિમાં સુધારો નજીકના જિલ્લાઓમાં સ્વચ્છતાની સ્થિતિ સુધારવા માટે પ્રેરક બની શકે છે અથવા તો સ્થિતિમાં સુધારો કરવાની ફરજ પાડી શકે છે. નજીકના જિલ્લાઓ વચ્ચે આ પ્રક્રિયાનો સ્વીકાર રાજ્યની સરહદો પર અટકી જાય તે જરૂરી નથી. બીજી તરફ નીતિનિર્માતાઓ રાજ્યોની અંદર મનપસંદ જિલ્લાઓમાં સંસાધનો કે પ્રયાસોને સાતત્યપૂર્ણ રીતે લાગુ કરી શકે છે. ટૂંકમાં ટીએસસી જિલ્લા સ્તરે સાફસફાઈમાં સ્થાનિક સંબંધોને ચકાસવા માટેની તાર્કિકતા પ્રદાન કરે છે, જેનું પરિક્ષણ નીચે કરવામાં આવ્યું છે.

**પદ્ધતિ**

આ અભ્યાસમાં આશ્રિત ચલ જિલ્લામાં શૌચાલયનો ઉપયોગ કરતા કુટુંબોની ટકાવારી છે, જે જિલ્લા સ્તરીય કુટુંબ સરવે (ડીએલએચએસ-૩) વર્ષ ૨૦૦૭-૦૮ના સર્વેમાંથી મેળવવામાં આવી છે. જે કુટુંબો શૌચાલયનો ઉપયોગ કરતા નથી તેઓ કચરાનું પર્યાપ્ત વ્યવસ્થાપન ન કરતી સુવિધાઓનો ઉપયોગ કરે છે, અથવા જાહેરમાં


મળત્યાગ કરે છે. ડીએલએચએસ-૩માંથી અન્ય ત્રણ સ્વતંત્ર ચલ પણ મેળવવામાં આવ્યા હતા, જેમાં વર્ષ ૨૦૦૧ની રાષ્ટ્રીય વસતિગણતરીમાંથી જમીનના વિસ્તાર અને ગીચતાના આંકડા પણ એકત્ર કરવામાં આવ્યા હતા.

સ્થાનિક વિશ્લેષણ હાથ ધરવા જિલ્લાઓ વચ્ચે સ્વચ્છતાના સ્તરના સ્થાનિક સંબંધને કેવી રીતે ચિહ્નિત કરવો તે વિશે પસંદગી કરવી જોઈએ. આ અભ્યાસના હેતુસર ક્વીન વેઇટિંગ પદ્ધતિ સૌથી વધુ યોગ્ય જણાઈ હતી, કારણ કે સૂચિત જિલ્લો આ નીતિ લાગુ હોય તેવા જિલ્લાની સ્થિતિથી પ્રભાવિત થશે, પછી બંને જિલ્લા વચ્ચેની સરહદ મોટી હોય કે કોઈ એક સ્થળે જ આ સરહદ મળતી કેમ ન હોય. આ નીતિ લાગુ હોય તેની આસપાસના ક્ષેત્રોમાં સ્વચ્છતાની ઘટના એકબીજાથી કેટલી પ્રભાવિત છે કે એકબીજા વચ્ચે કેટલો સહસંબંધ છે તે માપવાની સૌથી સામાન્ય કસોટી વૈશ્વિક મોરન્સ વન છે. તેમાં સંપૂર્ણ વિતરણ વચ્ચે સ્થાનિક સહસંબંધ માપવામાં આવે છે, જે એક જિલ્લા કે સ્થળમાં નીતિના અમલીકરણની અસર નજીકના વિસ્તારમાં કેટલી થઈ છે તેનું પ્રમાણ મળે છે. સ્થાનિક સહસંબંધનું સ્થાનિક સૂચકાંક (એલઆઈએસએ) પરિક્ષણ સ્વચ્છતાના સમાન અને અસમાન સ્તર ધરાવતા જિલ્લાઓના સમૂહને ઓળખવા પણ હાથ ધરાય છે. છેલ્લે સ્થાનિક પ્રવાહો સામાજિક આર્થિક નિયંત્રણો માટે યોગ્ય છે કે કેમ, અસરકારક છે કે નહીં તે નક્કી કરવા સ્થાનિક પ્રત્યાગમન અજમાવવામાં આવી હતી.

**પરિણામો અને ચર્ચા**

વૈશ્વિક મોરન્સ વન કસોટી – ૦.૭૫, ૦.૦૧ના સ્તર પર મહત્ત્વપૂર્ણ – જે સૂચવે છે કે સમાન સંખ્યામાં શૌચાલયોનો ઉપયોગ ધરાવતા જિલ્લાઓ એકબીજાની નજીક સ્થિત છે. આકૃતિ ૧માં એલઆઇએસએના પરિણામો દેશના દક્ષિણપશ્ચિમ કિનારે શૌચાલયનો ઊંચો ઉપયોગ ધરાવતા જિલ્લાઓ દ્વારા ઘેરાયેલા અને ઊંચો ઉપયોગ ધરાવતા જિલ્લાઓના સમૂહને સ્પષ્ટપણે દર્શાવે છે. બીજી તરફ શૌચાલયનો નીચો ઉપયોગ ધરાવતા મધ્ય ઉત્તરના રાજ્યોના જિલ્લાઓના સમૂહ દર્શાવવામાં આવ્યા છે.

**આકૃતિ-૧ : શૌચાલયના ઉપયોગ અને પાંચ વર્ષથી નીચેના બાળકોના મૃત્યુદર વચ્ચે સ્થાનિક સહસબંધ**




**પાંચ વર્ષથી નીચેના બાળકોમાં મૃત્યુદર (ઊંચો દર)**

**સ્રોત :** સિંહ, પાઠક અને ચૌહાણ (૨૦૧૧). લેખકની મંજૂરી સાથે પુનઃમુદ્રિત

ઉપરાંત આકૃતિ ૧ ભારતમાં પાંચ વર્ષથી નીચેના બાળકોમાં મૃત્યુદરના એલઆઇએસએ પરિક્ષણના પરિણામો દર્શાવે છએ, જે સિંહ, પાઠક અને ચૌહાણે (૨૦૧૧) વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૪ વચ્ચે હાથ ધરાયેલા ડીએલએચએસ-ટૂ સરવેમાંથી પ્રાપ્ત થયેલી માહિતીનો ઉપયોગ કરીને મેળવ્યા હતા. તેમણે ભારતમાં કૃષિ લાક્ષણિકતા ધરાવતા ૭૬ પ્રદેશોની માહિતીને એકત્ર કરી હતી.

માપમાં મોટા પાયે વિસંગતતા હોવા છતાં આકૃતિ ૧માં નકશાની સરખામણી જણાવે છે કે જ્યાં સ્વચ્છતા ઓછી છે ત્યાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં મૃત્યુદર વધારે છે. ઉપરાંત સંબંધોનો સ્થાનિક આકાર સૂચવે છે કે શૌચાલયોનો ઊંચો ઉપયોગ પ્રાદેશિક સરહદોને અનુસરતી નથી. સિંહ, પાઠક અને ચૌહાણ સૂચવે છે કે શૌચાલયનો ઉપયોગના જૂથ વિવિધ પરિબળો પર પ્રદેશો વચ્ચે લાંબા સમયથી ચાલ્યાં આવતાં સાંસ્કૃતિક મતભેદોને વધુ સારી રીતે સમજાવી શકે છે, જે સામાન્ય રીતે તુલનાત્મક વિશ્લેષણમાં ઉપયોગમાં લેવાતા નથી. આ સંબંધને વધુ સમજાવવાની સંભવિતતા આ અભ્યાસના તારણમાં દર્શાવેલ છે.

મહત્ત્વપૂર્ણ પરિબળ તરીકે સ્થાનિક નિકટતાને સ્થાપિત કર્યા પછી શૌચાલયના સામાજિક-આર્થિક સહસંબંધના નિયંત્રણ પછી ભૌગોલિક સંબંધ કેટલો મજબૂત છે તેનું પરિક્ષણ કરવા સ્થાનિક પ્રત્યાગમનનો ઉપયોગ કરવામાં આવ્યો છે.૨ તમામ સ્વતંત્ર ચલાંકો એક યાદચ્છિક ચલ ધરાવતા સંબંધોમાં શૌચાલયના ઉપયોગ સાથે મહત્ત્વપૂર્ણ આંતરસંબંધ ધરાવતા હતા. પ્રથમ, માહિતી મજબૂત, નકારાત્મક સંબંધ પ્રદર્શિત કરે છે તેમ છતાં પાણીના સ્ત્રોતની સુલભતા શૌચાલયના ઉપયોગ સાથે હકારાત્મક અને મજબૂત રીતે સહસંબંધ ધરાવે છે (બ્લેક એન્ડ ફોસેટ ૨૦૦૮, જ્યોર્જ ૨૦૦૯, ગાંગુલી ૨૦૦૮). ભારતમાં આવકના આંકડા ઉપલબ્ધ ન હોવાથી કુદરતી ગેસનું જોડાણ (એલએનજી) ધરાવતા જિલ્લાઓમાં કુટુંબોની ટકાવારીનો ઉપયોગ આર્થિક દરજ્જા માટે નિયંત્રિત ચલ તરીકે કરવામાં આવ્યો છે અને શૌચાલયના ઉપયોગ સાથે હકારાત્મક અને મજબૂત સહસંબંધ ધરાવે છે (ડીટોન અને ગ્રોશ ૨૦૦૦).[૨]

અન્ય એક ચલ જિલ્લામાં 'બીપીએલ (ગરીબી રેખા નીચે જીવન જીવતા કુટુંબો) કાર્ડ' ધરાવતા કુટુંબોની ટકાવારીનું માપ સૂચવે છે. જ્યારે બીપીએલ કાડ્ર્સ રાષ્ટ્રીય ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને ફાળવવામાં આવે છે, ત્યારે તેમાં નોંધપાત્ર ખામી જોવા મળે છે (બેસ્લી ૨૦૧૧). તદનુસાર બીપીએલ કાર્ડનો સંબંધ શૌચાલયના ઉપયોગ સાથે નકારાત્મક હોવો જોઈએ, પણ આ સંબંધ અસ્પષ્ટ છે. જિલ્લાનો કુલ વિસ્તાર અને વસતિની ગીચતા શહેરીકરણના નિકટતા તરીકે કાર્ય કરે છે. શૌચાલયના ઉપયોગ પર શહેરીકરણ કે ગીચતાની અસર સંબંધિત સિદ્ધાંતો પારસ્પરિક ઘર્ષણનો ઉપયોગ કરે છે. ઊંચું શહેરીકરણ ધરાવતા વિસ્તારો જ આર્થિક રીતે કામ કરવા મુખ્ય સુએઝ માટે ખર્ચનો લાભ પ્રદાન કરે છે. અતિ

**ટેબલ-૧ : સ્થાનિક લેગ મોડેલ શૌચાલયની અંદાજિત સુલભતા**

| **સ્વતંત્ર ચલ** | **ગુણક (પ્રમાણભૂત ખામી)** |
|---|---|
| પીવાનું પાણી | -0.12*** |
| | (0.03) |
| એલએનજી કનેક્શન | 0.67*** |
| | (0.04) |
| 'બીપીએલ' કાર્ડ | -0.07** |
| | (0.03) |
| જમીનનો વિસ્તાર | -0.0002 |
| | (0.000001) |
| ગીચતા | 1.71 |
| | (0.0003) |
| લેગ શરત | 0.75*** |
| | (0.02) |
| સાતત્ય શરત | 11.80*** |
| | (2.65) |
| મોડેલ આંકડાશાસ્ત્ર | $R^2$: 0.85 |
| | Moran's I: 0.065** |
| N=591. *p < 0.10, **p < 0.01, ***p<0.001 | |

ઓછી આવક ધરાવતા વિસ્તારોમાં મુખ્ય સુએઝ ગીચતાના કોઈ પણ સ્તરે સ્થાપિત કરવા ઊંચો ખર્ચ આવે છે અને ઊંચી ગીચતા વધુ મૂળભૂત સુવિધાની ટેકનોલોજી સ્થાપિત કરવામાં અવરોધ બની શકે છે (મારા અને ઇવાન્સ ૨૦૧૧). આ અસ્પષ્ટ અસરને જોતા ગીચતા અને સ્વચ્છતા વચ્ચે સંબંધ માટે કોઈ દિશા નક્કી થતી નથી.

ટેબલ-૧ સ્થાનિક પ્રત્યાગમનના મોડેલના પરિણામો દર્શાવે છે. સ્થાનિક પ્રત્યાગમન ૦.૦૧ સ્તરે આંકડાકીય રીતે નોંધપાત્ર છે અને ઓએલએસ મોડેલની સરખામણીમાં ઘણો સુધારો સૂચવે છે, જેમાં અન્ય તમામ સ્વતંત્ર ચલ સામેલ છે (સમાયોજિત આર = ૦.૪૯)

શૌચાલયના ઉપયોગમાં ૮૦ ટકાથી વધુ ફેરફાર સ્થાનિક ચોક્કસ સૂચકાંકો દ્વારા સમજાવવામાં આવ્યાં છે, અને મોડેલ રાજ્યવાર વિશ્લેષણ શ્રેષ્ઠ છે. જ્યારે શૌચાલયના ઉપયોગના નોંધપાત્ર અનુમાનકો પીવાના પાણીની સુલભતા, એલએનજી કનેક્શન્સ અને બીપીએલ કાર્ડ્સ છે, ત્યારે મોડેલમાં ભૌગોલિક ચલાંકો મહત્ત્વ ગુમાવે છે. ટીએસસીમાં જિલ્લાવાર કામગીરી પરના આંકડા સ્વતંત્ર ચલાંકો તરીકે સામેલ છે, ત્યારે તેઓ મોડેલના પરિણામોમાં નોંધપાત્ર ફેરફાર નહીં કરે. ટૂંકમાં તારણો સૂચવે છે કે પ્રમાણભૂત સામાજિક-આર્થિક પરિબળો અને ટીએસસીના માપી શકાય તેવા આંતરિક આંકડા બંને ઉપરાંત જિલ્લાવાર પ્રસારની પ્રક્રિયાનું સંચાલન કરે છે.

**ઉપસંહાર**

આ અભ્યાસ દર્શાવે છે કે ભારતમાં જિલ્લા સ્તરે શૌચાલયનો ઉપયોગ કેન્દ્રિત કે જૂથમાં છે. સ્થાનિક સહસંબંધનું પરિક્ષણ સૂચવે પણ છે કે પાંચ વર્ષથી ઓછી વયના બાળકોમાં નીચો મૃત્યુદર ધરાવતા જિલ્લાઓમાં સ્વચ્છતા અત્યંત નબળી છે. ઉપરાંત સામાજિક-આર્થિક નિર્ણાયક પરિબળો, પ્રાદેશિક સૂચકાંક ચલાંકો અને માપી શકાય તેવી ટીએસસીની કામગીરી માટે નિયંત્રણ પછી સ્થાનિક ફેરફાર મહત્ત્વપૂર્ણ છે.

તારણો સૂચવે છે કે સ્થાનિક પ્રવાહો સમજવા જિલ્લા, શહેર કે તાલુકા અને કૃષિલક્ષી આબોહવા ધરાવતા વિસ્તારો હજુ પણ સૌથી વધુ અસરકારક, વ્યાવહારિક વિકલ્પો છે. મોડેલના પરિણામો સૂચવે છે કે હસ્તક્ષેપ કરવા માટે જિલ્લા સ્તર મહત્ત્વપૂર્ણ માપ છે, પણ ટીએસસી જેવા કાર્યક્રમોમાં વધારે સુધારાની જરૂર છે.

ઉપરાંત વિશ્લેષણના એકમ તરીકે કૃષિલક્ષી આબોહવા ધરાવતા વિસ્તારોનો ઉપયોગ કરતું જૂથ સમજાવવા હજુ વણખેડાયેલી સંભવિતતા છે. આ માપ પર જૂથ ભારતની અંદર વ્યાપક સાંસ્કૃતિ તફાવતોને પ્રતિબિંબિત કરી શકે છે, જે પ્રાદેશિક સ્તરના વિશ્લેષણ દ્વારા મેળવવામાં આવ્યા નથી. છેલ્લે સેન્સસ ટાઉન ડિરેક્ટરી જેવા સ્રોતો મુજબ શહેરના માપ પર સુએઝના કવરેજના આંકડા હજુ સુધી ચકાસવામાં આવ્યા નથી. ગ્રામીણ વિસ્તારો કરતા શહેરી વિસ્તારોમાં શૌચાલયનો ઉપયોગ વધારે હોવા છતાં ભારતીય શહેરોમાં સ્વાસ્થ્ય સંબંધિત નબળી સ્થિતિ માટે શૌચાલયનો ઓછો ઉપયોગ મહત્ત્વપૂર્ણ પરિબળ છે અને આપણે શહેરી વિસ્તારોમાં સ્થાનિક પ્રવાહો વિશે આપણે અત્યંત ઓછી માહિતી જાણીએ છીએ.

**References :**


Besley, T., R. Pande & Rao V. 2011 Just rewards? local politics and public resource allocation in South India. World Bank Economic Review 3 (8).

Black, M. and Fawcett B. 2008The Last Taboo: Opening the Door on the Global Sanitation Crisis. Earthscan, London.

Chambers, R. March 2009Going to Scale with Community-Led Total Sanitation: Reflections on Experience, Issues and Ways Forward. Institute of Development Studies, Working Paper 1.

Chambers, R., & von Medeazza, G. 2013 Sanitation and stunting in IndiaEconomic & Political Weekly, 48(25).

Deaton, A. & Grosh M. 2000 Consumption, in Margaret Grosh and Paul Glewwe (eds), Designing Household Survey Questionnaires for Developing Countries: Lessons from 15 Years of the Living Standards Measurement Study.The World Bank.

Indian Census. 2001) Provisional population totals. Ministry of Home Affairs, Government of India.

Karn S.K. & Harada, H. 2002 Field survey on water supply, sanitation and associated health impacts in urban poor communities – a case from Mumbai City, India. Water Science and Technology, 6 (11–12), 269–275.

UNICEF. 2008International Year of Sanitation2008.

UNICEF. 2012 Progress on Drinking Water and Sanitation: 2012 Update.

Water and Sanitation Program, World Bank. 2011Economic Impacts of Inadequate Sanitation in India.



**લેખકશ્રી લસ્કિન સ્કૂલ ઑફ પબ્લિક અફેર્સ (શહેરી આયોજન) લોસ એન્જલસ ખાતે કાર્યરત છે.**

# સ્વચ્છ ભારત અભિયાન : પ્રગતિશીલ ભારતનું એક મહત્ત્વનું મિશન

• કે. એન. પાઠક •

ગાંધીજીની 'સ્વચ્છતા ત્યાં પ્રભુનો વાસ' એ ફિલસૂફી ઉપરથી સ્વચ્છ ભારત અભિયાન ઉપર મૂકાતા ભાર પાછળનું કારણ ઘણું ઉમદા છે. ૭૪ ટકા લોકો શિક્ષિત હોય તેવા દેશમાં આઝાદીના ૬૭ વર્ષ પછી પણ આરોગ્યલક્ષી અને સ્વચ્છતાના અભાવ જેવી સમસ્યાઓ ઉપર હજી પકડ મેળવી શકાઈ નથી. સ્વચ્છતાના અભાવને કારણે બીમારીઓ ફેલાય છે તે બાબતને વિશ્વભરમાં સ્વીકૃતિ મળી છે, તેમાં સુધારો લાવવાથી સારું સ્વાસ્થ્ય અને સારું જીવન જીવી શકાશે.

મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ (એમ.ડી.જી.) કરાર સહી કરનાર રાષ્ટ્રોને ૨૦૧૫ સુધીમાં લગભગ અડધી શહેરી વસ્તીને અને ૨૦૨૫ સુધીમાં બધાને સુધારેલી સ્વચ્છતાની આદતોનો વપરાશ વધારવાની ફરજ પાડે છે. આ બાબત સુધરેલ સેનીટેશન વિનાના રહેઠાણો સુધી વિસ્તારવાનું અને ખુલ્લામાં શૌચ જવાથી મુક્ત બનાવવા માટે જાહેર સ્થળોએ ઉચિત સેનીટેશનની સુવિધા પૂરી પાડવા સુધી સેવા વિસ્તારવાનું સૂચન કરે છે. આમ છતાં, કેટલીક વાર, આપણા દેશમાં સેનીટેશન વિશેનાં મૂલ્યાંકનો ચિંતા ઊભી કરે છે. ડબ્લ્યુ. એચ.ઓ. અને યુનિસેફના જલ વિતરણ અને સેનિટેશન માટેના સંયુક્ત દેખરેખ કાર્યક્રમ અનુસાર હાલની ઝડપ પ્રમાણે ભારતને તેના સેનીટેશન અંગેના મિલેનીયમ ડેવલપમેન્ટ ગોલ ૨૦૧૫ સુધી પહોંચતા ૨૦૫૪ થઈ જશે. ૨૭મી માર્ચ ૨૦૧૨ના જાહેર કરાયેલ વિશ્વ વ્યાપી મોજણી અનુસાર ઓરિસ્સાને આ ગોલ સુધી પહોંચતા સૌથી વધુ સમય લાગશે એટલે કે ૨૧૬૦ થઈ જશે.

સ્વચ્છ ભારત અભિયાનને સફળ બનાવવા માટે આપણે નીચે પ્રમાણેના મુદ્દાઓ તરફ ધ્યાન આપવું પડશે :

**(૧) દરેક ઘરોમાં પાણીની ઉપલબ્ધિ**

**(૨) દરેક રહેઠાણોમાં ખાનગી અથવા જાહેર શૌચાલયોની ઉપલબ્ધિ**

**(૩) ઉચિત ગટર અને કચરાના નિકાલની વ્યવસ્થા**

**(૪) સ્વચ્છતા જાળવવા માટેની પાયાની સુવિધાઓ**

**(૫) આ અભિયાનને સફળ બનાવવા સામૂહિક જાગૃતિ ફેલાવવી**

**પાણીની ઉપલબ્ધતા**

૧લી એપ્રિલ, ૨૦૧૪ સુધીમાં દેશના ૧૬,૯૬,૬૬૪ ઘરોમાંથી ફક્ત ૧૨,૪૯,૬૯૫ ઘરોમાં જ પર્યાપ્ત માત્રામાં એટલે કે માથાદીઠ પ્રતિ દિવસ ૪૦ લિટર પીવાના પાણીની ઉપલબ્ધતા હતી. હજુ સુધી ઘણા ગામડાઓ તળાવો કે કુવાઓ કે બીજા પ્રાકૃતિક સ્ત્રોતો ઉપર આધાર રાખે છે, આ સ્ત્રોતો ઘણીવાર ઉનાળા દરમ્યાન સૂકાઈ પણ જાય છે. લોકો પાસે પાણી મેળવવાના જુદા જુદા રસ્તા હોવાને કારણે અને સુએઝનો નિકાલ કરવાના રસ્તા જુદા જુદા હોવાને કારણે આપણા શહેરોમાં ગટર વ્યવસ્થા ઉપર હકીકતમાં કેટલું ભારણ છે તેનો અંદાજ કાઢવાનો આપણી પાસે કોઈ રસ્તો નથી. સુએઝને માપવા માટે હાલમાં જે પદ્ધતિ છે તે ઘણી પ્રાથમિક કક્ષાની છે. એવી ધારણા છે કે મ્યુનિસિપાલિટીઓ દ્વારા સત્તાવાર રીતે વિતરણ કરાતા પાણીમાંથી ૮૦ ટકા પાણી સુએઝ તરીકે પાછું આવે છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વેની ૨૦૦૫-૦૬ની પ્રાપ્ય માહિતી અનુસાર, પાઈપલાઈન જળ વિતરણથી જોડાયેલા શૌચાલયો ફક્ત ૧૮.૮ ટકા જ છે.

ચારે તરફ સ્વચ્છતા જાળવવા આપણને પર્યાપ્ત માત્રામાં પાણીની જરૂર પડશે. એવું લાગે છે કે પાણી તો જરૂર કરતાં વધુ માત્રામાં વિતરણ કરવામાં આવે છે પરંતુ સમસ્યા તેના વ્યવસ્થાપનમાં અને દરેકને સરખા પ્રમાણમાં પુરવઠો મળે તે છે. હાલની જળ વિતરણ પ્રણાલીમાં, ઘણીબધી બિનકાર્યક્ષમતાઓ છે – લીકેજ અને ખરાબ વ્યવસ્થાપનને કારણે વિતરણ પ્રણાલિમાં ઘણું પાણી વેડફાઈ જાય છે. તેથી સ્વચ્છ ભારત અભિયાનને સફળ બનાવવા માટે શહેરમાં અમુક લોકો સુધી જ નહિ, પણ દરેક લોકો સુધી પાણી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે અસરકારક પગલાં લેવાં પડશે.

**શૌચાલયોની ઉપલબ્ધિ**

વિશ્વભરમાં આશરે ૨.૫ મીલીયન (૨૫ લાખ) લોકો પાસે શૌચાલય જેવી

આરોગ્યલક્ષી સેવાઓનો અભાવ છે. જેમાંથી ત્રીજા ભાગના લોકો ભારતમાં રહે છે. યુએનના એમ.ડી.જી. અહેવાલ અનુસાર આપણા દેશમાં અંદાજીત ૬૨૬ મીલીયન (૬૨ કરોડ ૬૦ લાખ) પાસે બંધ શૌચાલય નથી અને પરિણામે ખુલ્લામાં શૌચ જવું પડે છે. નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશનના ૨૦૧૨ના ૬૯મા રાઉન્ડ અનુસાર, ગ્રામ્ય પ્રદેશના ૫૯.૪ ટકા અને શહેરી આવાસોના ૮.૮ ટકા ઘરોમાં શૌચાલયની સુવિધા નથી.

**ઉચિત ગટર અને કચરાના નિકાલની વ્યવસ્થા**

એ બાબત નોંધવી મહત્ત્વની છે કે માનવોના શૌચના અસુરક્ષિત નિકાલથી જાહેર સ્વાસ્થ્ય અને પર્યાવરણને તેની કિંમત ચૂકવવી પડે છે. એક અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે, આ કિંમત લગભગ દેશની GDPના ૬૦ ટકા જેટલી છે. રાષ્ટ્રીય અર્બન સેનીટેશન પોલિસીમાં સૂચવ્યા અનુસાર શહેરી ગરીબો (જે કુલ શહેરી વસ્તીના ૨૨ ટકા છે), મહિલાઓ, બાળકો અને બુઝુર્ગો ઉપર નબળા સેનીટેશનની ઘણી જ વધારે અસર પડે છે. એવું પણ અવલોકન કરવામાં આવ્યું છે કે ઘરેલુ અથવા તો મ્યુનિસિપાલિટી દ્વારા ગંદા પાણીના ટ્રીટમેન્ટ આપ્યા વગર કરાતા નિકાલને પરિણામે સમગ્ર ભારતમાં ૭૫ ટકા ભૂપૃષ્ઠ જળ દુષિત થઈ ગયું છે.

**સ્વચ્છતા જાળવવા પાયાની સુવિધાઓ**

આ અભિયાનની સફળતા કદાચ જળ વિતરણ, કપડાં ધોવાના સાબુ/પાવડર/પ્રવાહીની જોગવાઈઓ, ઉચિત શૌચ/કચરાના નિકાલની વ્યવસ્થા દરેક ઘરોમાં પ્રાપ્ય હોય તેવી પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરીને મેળવી શકાય. ઘણા ઓછા લોકો પાસે આ સુવિધાઓ હોય છે, કેટલાંક લોકો પાસે આના માટે પૈસા તો હોય છે પરંતુ તેઓ બીજી વસ્તુઓને પ્રાથમિકતા આપે છે અને ઘણી મોટી સંખ્યાના લોકો આ સુવિધાઓથી વંચિત હોય છે અથવા તો આ સુવિધા મેળવવાનું તેમણે પોષાતું નથી. આવા લોકો માટે કેટલાંક વિશેષ પગલાઓ લેવાવા જોઈએ.

**સામૂહિક જાગૃતિની જરૂરિયાત**

પ્રાથમિક શાળાના બાળકોથી લઈને વયોવૃદ્ધ એમ વસ્તીના દરેક વર્ગના લોકોને જાહેર સ્વાસ્થ્ય માટે સેનિટેશનના સંબંધ યોગ્ય રીતે સમજાવવા જોઈએ. આ માટે પાયાનાં સ્તર સુધી સંદેશો પહોંચાડવાની/ફેલાવવાની જાગૃતિની ઝુંબેશમાં શૈક્ષણિક સંસ્થાઓને, ખાસ કરીને શાળાઓને સામેલ કરી શકાય, સોશ્યલ મીડિયાનો વધુને વધુ ઉપયોગ કરી શકાય, તેમજ ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાનો પણ ઉપયોગ કરી શકાય.

**સેનીટેશન પોલીસીની અસરકારકતા સુનિશ્ચિત કરવા નીચે પ્રમાણેની બાબતો પણ ધ્યાનમાં લેવી જોઈએ :**

**૧. સામૂહિક જાગૃતિની જરૂરિયાત**
**૨. સેનિટેશનના સામાજિક અને વ્યાવસાયિક પાસાંઓ**
**૩. વહીવટી વિભાગો અને સંસ્થાનો વચ્ચે સમન્વયની સ્થાપના**
**૪. વ્યાપક અભિગમ અપનાવવો**
**૫. ટેક્નોલૉજીનો મહત્તમ ઉપયોગ કરવો.**
**૬. અત્યાર સુધી પહોંચ્યા ના હોય તેના સુધી પહોંચવું.**
**૭. માંગ અને પુરવઠા વચ્ચેના તફાવતની પૂરવણી કરવી.**

**સેનિટેશનના સામાજિક અને વ્યાવસાયિક પાસાંઓ**

હાથ વડે કરાતી સફાઈને કાઢી નાખવા માટે ઘણાબધા પ્રયત્નો કરવા પડશે. આપણા દેશમાં સફાઈ કામદારોને સહન કરવા પડતા વ્યાવસાયિક જોખમને પહોંચી વળવા ઉપાયરૂપ અસરકારક પગલાં લેવાની જરૂર છે. જે ઘરોમાં શૌચાલય નથી ત્યાં બનાવીને આપને આ બાબત સુનિશ્ચિત કરી શકીએ.

સેનિટેશન સાથે સંકળાયેલા વહીવટી વિભાગો અને મુખ્ય કાર્ય કરતા વિભાગની ભૂમિકાનું સ્પષ્ટપણે વર્ણન કરવું જોઈએ. દરેક સંસ્થાને તેમને અપાયેલ ભૂમિકા નિભાવવી જોઈએ અને શ્રેષ્ઠતમ પરિણામ પ્રાપ્ત કરવાનું સુનિશ્ચિત થાય તે માટે કામ બેવડાય નહી તેનું ધ્યાન રાખવું જોઈએ.

આવા રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમને સફળ બનાવવા એકીકરણ કરવું અનિવાર્ય છે. મનરેગા, MPLADS (મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટ લોકલ એરિયા ડેવલપમેન્ટ સ્કીમ) અને બીજી યોજનાઓના એકીકરણ કરીને નીચે મુજબના પગલાં લેવાં જોઈએ :

૧. ઘરોમાં, શાળાઓમાં, આંગણ-વાડીઓ, સોલીડ એન્ડ લીક્વીડ વેસ્ટ મેનેજમેન્ટ અને સામુદાયિક સેનીટરી સંકુલોમાં શૌચાલયોનું નિર્માણ કરવું જોઈએ.
૨. MPLAD યોજના હેઠળ વિવિધ કોમના ઘરોના વ્યક્તિગત શૌચાલયો બનાવવા અને વિવિધ કોમના સામુદાયિક શૌચાલયોને ચલાવવા

અને દેખભાળ રાખવા એક વખત (Onetime)નું અનુદાન આપવું જોઈએ.

૩. TSC (ટોટલ સેનીટેશન કેમ્પેઈન) અને કેન્દ્ર દ્વારા પ્રાયોજિત કરાયેલી બીજી યોજનાઓ જેવી કે PURA (પ્રોવાઈન્ડિંગ અર્બન એમેનીટીઝ ટુ રૂરલ એરિયા), IAY (ઇન્દિરા આવાસ યોજના), NRHM (નેશનલ રૂરલ હેલ્થ મિશન), આદર્શ ગ્રામ યોજના અને અન્ય વિભાગો અને મંત્રાલયોની યોજનાઓને એકીકરણને અપનાવવું જોઈએ.

સેનીટેશન માટેના સ્થાપનોનાં સંચાલન અને દેખભાળને યોગ્ય મહત્ત્વ આપવું જોઈએ. યોગ્ય વપરાશ, નિયમિત દેખરેખ દ્વારા ઘરો, સામુદાયિક અને જાહેર સેનીટેશન સુવિધાઓની સારસંભાળ શક્ય બનશે. ટકાઉ સેનીટેશન સેવા પહોંચાડવા માટે શહેરી સ્થાનિક વિભાગોને મજબૂત બનાવવા જોઈએ.

**સર્વગ્રાહી અભિગમ**

આપણા દેશમાં સેનીટેશનમાં સુધારણા માટે ટુકડે ટુકડે કામગીરી કરવાનો અભિગમ હોવો જોઈએ નહિ. નેશનલ અર્બન સેનીટેશન પોલીસી હેઠળ સૂચવ્યા મુજબ સેનીટેશનમાં રોકાણ સમયે સલામત એકત્રીકરણ, યોગ્ય ટ્રીટમેન્ટ તેમ જ સલામત નિકાલ - એમ પૂરી સાયકલને ધ્યાનમાં રાખવી જરૂરી છે. સેનીટેશન કાર્યક્રમોએ ઘરોમાં સેનીટેશન માટે ધિરાણ અને સંભવિત વપરાશકારો માટે પોષાઈ શકે તેવા સેનીટેશન માટેના વિકલ્પોની શ્રેણી જેવા વિવિધ અભિગમોનો ઉપયોગ કરવો જોઈએ.આ માટે જાહેર સ્વાસ્થ્યના અધિકારીઓ, પાયાનાં સ્તરે કાર્ય કરતી સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રોનો જેમાં સમાવેશ થાય છે તેવા નવા ભાગીદારો સાથે કાર્ય કરવાની જરૂર પડી શકે છે.

જળ વિતરણ અને સેનીટેશન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી એજન્સીઓએ વિવિધ કરકસરયુક્ત સાધનો અને તકનીકો વિકસાવેલ છે. આ સંદર્ભમાં એવું સૂચન કરી શકાય કે સુલભ ઈન્ટરનેશનલ જેવી સંસ્થાઓ એ દર્શાવેલ વિવિધ કરકસરયુક્ત પગલાઓ અને તકનીકોને બહોળા પ્રમાણમાં અમલમાં મૂકવી જોઈએ.

એવું અવલોકન કરવામાં આવ્યું છે કે શહેરી ગરીબ સમુદાયો તેમજ અવિધિસરની વસાહતોમાં રહેતા લોકોને પોષાઈ શકે તેવાં સુરક્ષિત સેનીટેશન મેળવવા માટે સમયનો અભાવ, જગ્યાનો અભાવ અથવા નાણાનો અભાવ જેવી મુશ્કેલી હોય છે. ખાસ કરીને સામાજિક સેવા પહોંચતી ના હોય તેની અને ગરીબ વર્ગ વચ્ચે, સ્વચ્છ ભારત અભિયાનની સફળતા માટે આ મુદ્દાને અસરકારક રીતે હાથ પર લેવાની જરૂર છે. નેશનલ અર્બન સેનીટેશન પોલીસીમાં સૂચવ્યું છે કે સેનીટેશન હેઠળના નાણામાંથી ઓછામાં ઓછા ૨૦ ટકા શહેરી ગરીબો માટે રાખવા જોઈએ. આ જ પ્રમાણે કેટલીક સબસીડી ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ગરીબોને આપવી જોઈએ જેનાથી તેઓ પોતાના ઘરોમાં શૌચાલય બનાવી શકે.

એ બાબત સ્વીકારવામાં આવી છે કે નાના શહેરોને સુએઝ ડ્રેનેજ સીસ્ટમ પોષાય નહિ, તેમના માટે કેવળ સુએઝ ટ્રીટમેન્ટ સિસ્ટમ જરૂરી છે. વેસ્ટ સીસ્ટમના આંતરમાળખાં માટે મૂડી રોકાણની જરૂર પડે અને તેનાથી વધુ જરૂરી એવા તેના સંચાલન માટે, ખાસ કરીને તેના પમ્પિંગ અને ટ્રીટમેન્ટ માટે નાણાની જરૂર પડે છે. પૈસાદાર વપરાશકારો પણ મૂડી રોકાણ અને સંચાલન અને જાળવણી ખર્ચના નાણા ચૂકવતા નથી અને આમ કચરાનું નિર્માણ થાય છે. આધુનિક શહેરોના ઘણા વિશાળ ભાગોમાં રહેતા અનધિકૃત અથવા ગેરકાયદેસર વિસ્તારો અથવા ઝૂપડપટ્ટીમાં રહેતા લોકો કે જ્યાં રાજ્યની સેવાઓ પહોંચતી નથી તેઓ સુએઝ સીસ્ટમથી જોડાયા વગરના રહી જાય છે.

**માંગ અને પુરવઠા વચ્ચેના તફાવતની પૂરવણી કરવી**

સેનીટેશનની સમસ્યાના સંદર્ભમાં પૂરવઠો, માંગ અનુસાર જ હોવો જોઈએ. આનો મતલબ એ કે નહિ આવરી લેવાયેલ વિસ્તારો અને શહેરી સ્થાનિક બોડી અથવા પંચાયતી રાજ ઈન્સ્ટીટ્યુશન સિવાયના વિસ્તારોમાં રહેનારા વંચિત રહી ગયેલ લોકો સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવા, તેમને આંતરમાળખું ઉપલબ્ધ હોય ત્યાં રહેવા જવું જોઈએ. કાર્યક્રમની સફળતા માટે, સામૂહિક આધારને ગતિશીલ બનાવવો જરૂરી છે. તેથી, રાજ્ય સ્તરે કાર્યકર્તાઓને તાલીમ આપવા નિશ્ચિત એજન્સીઓ રાખવી જોઈએ, ચૂંટેલા પ્રતિનિધિઓ અને પંચાયતી રાજ ઈન્સ્ટીટ્યુશન અને શહેરી સ્થાનિક બોડી માંથી અધિકારીઓ અથવા કાર્યકર્તાઓ હોવા જોઈએ.

**દેખરેખ-નિયંત્રણ અને મૂલ્યાંકન**

રાજ્ય, જિલ્લા અને શહેરના સ્તરે

સેનીટેશન કાર્યક્રમની પ્રગતિ અને કામગીરીનું દેખરેખ-નિયંત્રણ કરવા માટે એક સંરચના દાખલ કરવાની જરૂર છે. સીટીઝન મોનીટરીંગ કમિટી દ્વારા રિપોર્ટ કાર્ડનો ઉપયોગ અને પ્રગતિની સમીક્ષાને પણ ધ્યાનમાં લેવી જોઈએ.

આ સામાન્ય લોકોના હિતમાં છે કે, જિલ્લાઓ અને શહેરોને અમુક સ્તરથી વધુનું સેનીટેશન પ્રાપ્ત કર્યું હોય તેને ઉચિત પુરસ્કાર આપવો જોઈએ. આનાથી એકંદરે સેનીટેશન માટે જહેમત ઉઠાવતા જિલ્લાઓ અને શહેરો વચ્ચે હરીફાઈની ભાવના જન્મશે.

સ્વચ્છ ભારત અભિયાનનું લક્ષ ચોક્કસ સમયગાળામાં પ્રાપ્ત કરવા માટે મંત્રાલયે લાંબી ચર્ચાવિચારણા પછી 'નેશનલ રૂરલ સેનિટેશન અને હાઈજીન સ્ટ્રેટજી ૨૦૧૨-૨૦૨૨'ની રચના કરી. ઉપરાંત, રાજયો અને જિલ્લાઓની કામગીરીનું સ્તર નક્કી કરવા, વર્તણુંકમાં બદલાવ કરવા માટેના સંદેશાવ્યવહારની (માટેની સમજણ આપવાની) વ્યૂહરચના (નીતિ)ઓમાં સુધારા કરવા, પ્લાનિંગ માટે સંસ્થાકીય માળખાને સુવ્યવસ્થિત અને મજબૂત કરવા, દરેક સ્તરે સેનીટેશનનું અમલીકરણ અને દેખરેખ-નિયંત્રણ કરવું, પ્રોત્સાહનો અને ક્ષમતા વિકસાવવાના મુદ્દાઓ પ્રત્યે ધ્યાન આપવું જોઈએ અને ચોક્કસ વિભાગ અને મુશ્કેલીભર્યા વિસ્તારોને તે પ્રમાણે વિશિષ્ટ ધ્યાન આપવું જોઈએ.

ઘણી મોટી સંખ્યામાં BPL (બિલો પોવર્ટી લાઈન) પરિવારો અને નબળા વર્ગના લોકો પોતાના ઘરે શૌચાલયો બનાવી શક્યા નથી. આ સમાજના નબળા વર્ગના લોકોને શૌચાલયો બનાવવા નાણા પૂરાં પાડવા બેન્કોમાં સિક્યુરિટી સ્વરૂપે નિશ્ચિત મૂડી પૂરી પાડવાનું પીવાના પાણીના અને સેનીટેશન મંત્રાલય ધ્યાનમાં લે તે સલાહભર્યું છે.

**સંદેશાવ્યવહારની વ્યૂહરચના**

કાર્યક્રમને સફળ બનાવવા એક નેશનલ કોમ્યુનિકેશન સ્ટ્રેટેજી હોવી જોઈએ જે પ્રાદેશિક અને પેટા પ્રાદેશિક સ્ટ્રેટેજીનો સમાવેશ કરતાં અભિગમની સ્થિતિસ્થાપકતા ઉપર ભાર મૂકવો જોઈએ. આગલી હરોળના કાર્યકરો અને PRIs, ધાર્મિક નેતાઓ વગેરે જેવા સમુદાયોના નેતાઓ વગેરેને તાલિમ આપવી જોઈએ જેથી તેઓ સ્વચ્છતા અને તંદુરસ્તી વિશે યોગ્ય રીતે માહિતી આપી શકે અને પરિવારના સભ્યોમાં સ્વચ્છતા અને તંદુરસ્તી અંગે જાગૃતિ લાવી શકે. હાલના સામાજિક નેટવર્ક અથવા આંતરવૈયક્તિક સંબંધો દ્વારા જેવા કે પરિવાર, મિત્રો, પરિચિતો, પડોશીઓ અને સહકાર્યકરોને જોડીને માહિતી પહોંચાડવાની પ્રક્રિયા વધુ સારી બનાવી શકાય.

પ્લાન અનુસાર બ્લોક હેઠળ આવતી ગ્રામપંચાયતોના ગામોમાં ફિલ્મના પ્રદર્શન માટે બધી બ્લોક પંચાયતોને ઉચિત સાધનોથી સુસજ્જ રાખી શકાય. દરેક ગામમાં મીડિયા ગતિવિધિ, સામાજિક માર્કેટિંગ અને સમાજને ગતિશીલ કરવાની ઝુંબેશ કરવા માટે છેવટે બ્લોક દીઠ શેરી થીએટર ગ્રુપ, લોક સંગીત ગ્રુપ, કઠપૂતળીના ખેલ કરતું ગ્રુપ વગેરે જેવી એક સાંસ્કૃતિક ટીમ હોય.

**વિકેન્દ્રિત પ્રોત્સાહન આધારીત અભિગમ**

ગ્રામ પંચાયત, તેના અધિકાર હેઠળના ગામોમાં સેનીટેશનનું યોગ્ય પરિણામ પ્રાપ્ત કરવા કેન્દ્રીય ભૂમિકા ભજવે છે. સંપૂર્ણ સેનિટેશન પ્રાપ્ત કરવા સમુદાય આધારીત અભિગમમાં ટકાવી રાખવા માટે તેમને પ્રોત્સાહિત કરવા પ્રોત્સાહનો આપવાં જોઈએ. પંચાયતોને અસરકારક રીતે ગટર અને પાણી પ્રણાલિના અસરકારક વ્યવસ્થાપન અને ભાડાની વસૂલાત માટે PRIs માટે કામગીરી બજાવે તે દષ્ટિથી નાણાકીય પ્રોત્સાહનોને પણ ધ્યાનમાં લઈ શકાય.

શૌચાલયોને પાણી ચોક્કસપણે પહોંચાડાય તે પણ જરૂરી છે. એક વર્ષથી વધુ સમય માટે સ્વચ્છતા જાળવવા બદલ ગ્રામ પંચાયતને પ્રોત્સાહનરૂપે પાણીનો વધુ માત્રામાં જથ્થો આપવો જોઈએ. ગામના સ્તરે એક સ્વચ્છતા દૂત (પાયાના સ્તરે કામ કરતા કામદાર)ની નિમણૂક કરવાનું પણ ધ્યાનમાં લઈ શકાય. તેઓને જેમ તેઓ અસરકારક રીતે માંગમાં વધારો કરે અને સેનિટેશન ક્ષેત્રમાં સુધારો કરે તેમ તેઓને પુરસ્કાર પણ આપી શકાય.

રાજયો દ્વારા વિલેજ વોટર, હેલ્થ એન્ડ સેનિટેશન કમિટી (VWHSC) એ ફરજિયાતપણે ગ્રામ પંચાયતની એક સ્થાયી સમિતિ બનાવવી જોઈએ. તેઓ ગ્રામ પંચાયતના સ્તરે કાર્યક્રમના અમલ કરાવનાર બનશે.

**સામુદાયિક શૌચાલયો**

ઘરો વગરના અને ભટકતું જીવન જીવતા લોકોના ઉપયોગ માટે જ મર્યાદિત હોય એવા સામુદાયિક શૌચાલયો ઉપરાંત, ગ્રામ્ય વિસ્તારોમાં બસ સ્ટેન્ડ અને બજાર જેવી જાહેર જગ્યાઓએ પણ શૌચાલયો રાખવાં જોઈએ, હાઈવે ઉપર જાહેર શૌચાલયો પૂરાં પાડવા નેશનલ હાઈવે




ઓથોરીટ ઓફ ઈન્ડિયા સાથે જોડાણ કરવું જોઈએ. સરકારે પેટ્રોલ પંપો, ભોજનાલયો અને ઢાબાઓને ઉચિત સેનિટેશનની સગવડ પૂરી પાડવા માટે આદેશ આપવો જોઈએ.

રાષ્ટ્ર, રાજ્ય અને જિલ્લા સ્તરે સેનિટેશન માટે રાજકીય સમર્થન મળી રહે તે માટે માંગ અનુસારના અભિગમથી સંપૂર્ણ સેનિટેશન અંગે રાજકીય નેતાઓમાં સંવેદનશીલતા જન્માવવી જરૂરી છે. આ ક્ષેત્રને પર્યાપ્ત નાણા મળી રહે તે માટે પણ રાજકીય સમર્થન જરૂરી છે. રાજ્ય સરકારોને પણ PRIs માટે ગ્રામપંચાયતના દરેક ઘરોને સેનિટેશન સગવડ મળી રહે તે સુનિશ્ચિત કરવાનું ફરજિયાત બનાવવા માટે કાયદો દાખલ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

આ મિશનને સફળ બનાવવા શાળાના બાળકો નિર્ણાયક પરિવર્તન એજન્ટ તરીકે કામ કરી શકે છે. તેઓ પોતાની જિંદગીમાં સ્વચ્છતાનો પાયાનો અભિગમ અપનાવશે એટલું જ નહિ પરંતુ તેઓ સમગ્ર સમાજમાં પણ સંદેશો ફેલાવશે. આ પરિપેક્ષ્ય સાથે સમગ્ર દેશની બધી શાળાઓમાં શૌચાલયની સગવડ ફરજિયાત બનાવવા ઉપર ભારપૂર્વક ધ્યાન આપવું જોઈશે. હાલમાં જ નવી દિલ્હીમાં 'મારી શાળા-મારો આવાજ-બાળકો માટે ખુલ્લી સંસદ' આયોજિત કરવામાં આવેલી હતી. તેમાં એવું અવલોકન કરવામાં આવ્યું કે અપૂરતી સ્વચ્છતાની આદતો અને સ્કૂલમાં શૌચાલય નહીં હોવાને કારણે સ્વાસ્થ્ય ઉપર નકારાત્મક અસરો પડવા પામી છે અને બીજાં કારણોની સાથેસાથે આ પણ શાળા છોડી જવા માટેનું એક કારણ બન્યું છે. આ કાર્યક્રમમાં એ બાબત ઉપર ધ્યાન દોરવામાં આવ્યું કે ઘણાં બાળકો તેમની શાળામાં સ્વચ્છતા ના હોવાને કારણે શાળા છોડી દીધી હતી. કેટલાંક બાળકોને એલર્જીની સમસ્યા હોય છે તેથી તેમના માબાપ તેમને બિમાર પડી જવાના ભયથી શાળાએ મોકલતા નથી.

સિક્કિમમાં બાળ પંચાયતનો ખ્યાલનો વિકાસ થયો છે, જેનું દેશના અન્ય ભાગોમાં પણ અનુકરણ કરવું જોઈએ. આ બાળ પંચાયતો તેમના મીત્રસંબધિઓને તેમાં હાજરી આપવા સમજાવવા જોઈએ. રમતો રમવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો અગાઉ જેમ તેમના શિક્ષકો સીધા હાથ ધરતા હતા તેમ તેઓએ સ્વચ્છતા ઝુંબેશ પણ હાથ ધરવી જોઈએ. સિક્કીમના બાળકો દ્વારા શૌચાલયો બનાવવાની ઝુંબેશમાં શિક્ષકો,

સમુદાય, પંચાયત અને બ્લોક અધિકારીઓ સહભાગી થઈ મજૂરીની મદદ કરે છે તેનું અનુકરણ દેશના અન્ય ભાગોમાં પણ કરવું જોઈએ. સ્વચ્છ ભારત અભિયાનને સફળ બનાવવા સર્વનો સમાવેશ કરતા અભિગમ ઉપર ભાર મૂકવો જોઈએ.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં બીજી મહત્ત્વની ભૂમિકા મહિલાઓની છે. ઘરની વ્યવસ્થા અને સ્વચ્છતાનું નિયંત્રણ ઘરની મહિલા સભ્યો પાસે જ હોય છે. તેથી મહિલા ફોજને સ્વચ્છ ભારત અભિયાનમાં તેમની મુખ્ય ભૂમિકા અને મહત્ત્વ અંગે સંવેદનશીલ બનાવવી પડશે જેથી ન તો ફક્ત તેમની રીતે વિવિધ પ્રથા અમલમાં મૂકી શકે છે પરતું તેમના પરિવારના વૃદ્ધ લોકો અને બાળકો તેનું ફરજિયાતપણે પાલન કરાવી શકે છે.

જોકે દેશ કે જેમાં (૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડાઓ અનુસાર) ૭૦ ટકા ગ્રામ્ય ઘરોમાં શૌચાલયો નથી, તેમાં મંદિરો કરતો શૌચાલયો વધુ જરૂરી છે. ઘણા એવા ઘરોમાં શૌચાલયો હોવા છતાં તેઓ તેનો ઉપયોગ કરતાં નથી એ બાબત કટાશયુક્ત છે. રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ ફોર કમ્પેશનેટ ઈકોનોમિક્સ (RICE) એ સૂચવ્યું કે હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને બિહારના રાજ્યોના ઘરોના કરાયેલ સર્વે અનુસાર તેમાંથી ૪૦ ટકા ઘરો એવાં છે જેમાં ઘરમાં શૌચાલય હોવા છતાં ઘરમાંથી ઓછામાં ઓછું એક એવું વ્યક્તિ હોય છે જે ખુલ્લામાં શૌચ જાય છે. આ અભ્યાસ દ્વારા વર્તણૂંકમાં બદલાવ વગર ફક્ત શૌચાલયો બાંધી દેવા તે જ ફક્ત પૂરતું નથી એ ખ્યાલની ખાતરી થાય છે. લોકોએ સારું સ્વાસ્થ્ય અને શૌચાલયના ઉપયોગ વચ્ચેનો સંબંધ બનાવવાની જરૂર છે.

દેખરેખ-નિયંત્રણ એ આવા વિશાળ કાર્યક્રમનો મુખ્ય આધાર છે. અસરકારક દેખરેખ દ્વારા સેનિટેશનની સગવડનો ઉચિત ઉપયોગ થાય છે કે કેમ તે જરૂરી છે. દેખીતા પુરાવા ઉપરાંત મંત્રાલયે BPL કાર્ડ નંબર/આધાર નંબરની ઓળખ સાથે મળીને તેના દ્વારા જાળવવામાં આવે તેવી ઉચિત રીઅલ ટાઈમ દેખરેખ સિસ્ટમ દાખલ કરવી પડશે. યોજનાનો અમલ કરવા અને નાણાના ઉપયોગની ચકાસણી કરવા માટેના દેખરેખ-નિયંત્રણ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે, સમાજની ભૂમિકા મહત્ત્વની છે.

**ક્ષમતાનું નિર્માણ**

આ કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે ક્ષમતાનું નિર્માણ અનિવાર્ય છે. સેનિટેશનના ક્ષેત્રમાં રોકાયેલા કેન્દ્ર અથવા રાજયના અધિકારીઓને ફરજિયાત તાલીમ આપવા માટે પ્રતિષ્ઠા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાનો સાથે જોડાણ કરવું જોઈએ. એ ઇચ્છનીય છે કે વિવિધ સ્તરે ક્ષમતામાં વધારો કરવા મંત્રાલય દ્વારા નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ રૂરલ ડેવલપમેન્ટની જેમ જળ અને સેનિટેશન ઉપરની રાષ્ટ્રીય સ્તરની સંસ્થાની સ્થાપના કરવામાં આવે. આ સૂચન ૨૦૧૨થી ૨૦૧૭ના ગાળાની ૧૨મી યોજના માટે રૂરલ ડોમેસ્ટિક વોટર અને સેનિટેશન ઉપર કામ કરતાં જૂથ દ્વારા કરવામાં આવ્યું છે. ભારત સરકાર, રાજ્ય સરકારોની સાથે મળીને સેનિટેશન માટેનું લક્ષ પ્રાપ્ત કરવા માટે અને લોકો, ખાનગી સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ વચ્ચે સેનિટેશન સ્થાપનો માટેની વધુ સારી જોગવાઈઓ, દેખરેખ અને વ્યવસ્થાપન કરવા માટે ભાગીદારી કરવા માટે પ્રયાસ કરે છે. ૨૦૧૯ના વર્ષ સુધી ટોટલ સેનિટેશન પ્રાપ્ત કરવા, સરકારે સમાજના બધા વર્ગ તરફથી વધારાનો સહયોગ મળે તે જરૂરી છે. ભારતીય કોર્પોરેટ ક્ષેત્ર કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી (CSR)ના પરિપેક્ષ્યમાં આ પડકારનો સ્વીકાર કરે તે હિતાવહ છે. જો સરકારી પ્રયત્નો ઉપરાંત CSR હેઠળ ઉપલબ્ધ નાણા દ્વારા પર્યાપ્ત માનવશક્તિ/સામગ્રીનો આધાર પણ નિર્માણ કરી શકાય તો, ૨૦૧૯ સુધીમાં સ્વચ્છ ભારતનું લક્ષ હકીકતમાં પ્રાપ્ત કરી શકાય.

(લેખકશ્રી યોજના પંચ નવી દિલ્હી ખાતે જોઈન્ટ એડવાઈઝર, મૂલ્યાંકન અને વ્યવસ્થાપન તરીકે કાર્યરત છે.)

**યોજના**
**આગામી આકર્ષણ**

**ફેબ્રુઆરી : ૨૦૧૫**

**સમવાયતંત્ર (ફેડરાલીઝમ) અને ભારતીય રાજનીતિ**

**માર્ચ : ૨૦૧૫**

**અંદાજપત્ર ૨૦૧૫-૧૬ (વિશેષાંક)**

# ભારતમાં આવકની અસમાનતા : કારણો અને પરિણામો

• તુલસી જયકુમાર •

**"કોઈ પણ શહેર, નાનું હોય કે મોટું, બે ભાગમાં વહેંચાયેલું હોય છે, શહેરનો એક ભાગ ગરીબ હોય છે, જ્યારે બીજો ભાગ ધનિક હોય છે અને આ બંને ભાગ વચ્ચેની લડાઈ ચાલતી હોય છે."**

– પ્લેટો, ગ્રીક ફિલસૂફ
(ઈ. સ. પૂર્વ ૪૨૭થી ૩૪૭)

ગત સદીમાં આવકની વહેંચણી (અને તેની અસમાનતાઓ) અને વૃદ્ધિ અને વિકાસ માટે તેના પરિણામો પર બૌદ્ધિક ચર્ચા "મોટા પરિવર્તન"માંથી પસાર થઈ રહી છે (ગલોર, ૨૦૧૧). આપણા અસમાનતા અને વૃદ્ધિ વચ્ચેના સંબંધ પર પરંપરાગત મતમાંથી આધુનિક દૃષ્ટિકોણમાં પરિવર્તનના સાક્ષી છીએ. પરંપરાગત મત એવો હતો કે અસમાનતા વૃદ્ધિ માટે લાભદાયક છે અને તેનાથી વિકાસ માટેની સ્પર્ધા જન્મે છે. તેમાં નવો પરંપરાગત મત એવો વિકસ્યો કે આવકની વહેંચણી વૃદ્ધિની પ્રક્રિયામાં મર્યાદિત ભૂમિકા ધરાવે છે. પણ અત્યારે આધુનિક દૃષ્ટિકોણ વિકાસ પર અસમાનતા નુકસાનકારક અસર કરે છે તેવું સૂચવે છે. તેમ છતાં પાઈકેટીના 'કેપિટલ ઈન ધ 21st સેન્ચુરી' (પાઈકેટી, ૨૦૧૪)ના પ્રકાશન અને તેમણે આવકની વાજબી વહેંચણી પર ભાર મૂકવાની સાથે આ પ્રકારની ચર્ચા પરંપરાગત અર્થશાસ્ત્રના દિવસોમાં પરત ફરી હોય તેવું જણાય છે. જ્યારે બીજા વિશ્વયુદ્ધ પછીના સમયગાળામાં અસમાનતા માટે વ્યક્તિની અંગત સ્થિતિ કે કુટુંબની આવકની વહેંચણીને જવાબદાર ગણવામાં આવતી હતી, ત્યારે પરંપરાગત અર્થશાસ્ત્રીઓની ચિંતા હકીકતમાં શ્રમ અને મૂડી વચ્ચે આવકની વહેંચણી – આવકની વાજબી વહેંચણી સાથે હતી.

અસમાનતા અને વૃદ્ધિ વચ્ચેના સંબંધના દૃષ્ટિકોણમાં થયેલા આ ફેરફારથી ભારતમાં વૃદ્ધિ-વિકાસ સંબંધિત ચર્ચાને કેવી રીતે અસર થઈ છે ? ભારતમાં અસમાનતાને કેવી રીતે મૂલવવામાં આવે છે અને પ્રવર્તમાન અસમાનતા માટે જવાબદાર પરિબળો કયા છે ? છેલ્લે, આ પ્રકારે દૃષ્ટિકોણમાં ફેરફાર થવાથી નીતિગત પરિણામો શું મળ્યાં છે ? આ તમામ પ્રશ્નોની ચર્ચા અત્રે આપણે કરીશું.

**આવકની કાર્યાત્મક વહેંચણી અને અસમાનતાની ચર્ચામાં તેની પ્રસ્તુતતા**

આવકની અસમાનતાનું વિશ્લેષણ બે પાસામાં કરી શકાશે – કૌટુંબિક આવકની વહેંચણી અને આવકની કાર્યાત્મક વહેંચણી (બોક્સ ૧).

જ્યારે કૌટુંબિક આવકની વહેંચણી અર્થતંત્રની અંદર કુટુંબો વચ્ચે આવકની વહેંચણીનો અભ્યાસ છે, ત્યારે આવકની કાર્યાત્મક વહેંચણી જમીન, શ્રમ અને મૂડી જેવા ઉત્પાદનના વિવિધ પરિબળો વચ્ચે આવકની વહેંચણીનો અભ્યાસ છે.

આવકની અસમાનતા માપવા માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાતો ગિનિ ગુણાંક સામાન્ય રીતે આવકની ગૌણ વહેંચણી (કરવેરા અને ચુકવણીની હસ્તાંતરણ પછી) પર આધારિત વ્યક્તિગત (કૌટુંબિક) અસમાનતા સૂચવે છે. તેમ છતાં એક બાબત સ્પષ્ટ છે કે કૌટુંબિક આવકના મર્યાદિત પરિપ્રેક્ષ્યમાં ભારત જેવા વિકાસશીલ દેશોમાં આવકની તૃતીય સ્તરની વહેચંણી વધુ પ્રસ્તુત છે. વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે વ્યક્તિગત અસમાનતાના માપ ઉત્પાદન પ્રક્રિયામાં ઊભી થતી આ પ્રકારની આવકમાં અને તેના પરિણામે ઊભી થતી કાર્યાત્મક અસમાનતા વ્યક્ત કરવામાં નિષ્ફળ નિવડે છે. દૌંદિયા અને ગાર્સિયા પેનાલોસા (૨૦૦૭)એ સાબિત કર્યુ છે કે વ્યક્તિગત આવકની વહેંચણીનો આધાર આવકની વહેંચણીના પરિબળ અને આંકડાકીય સંબંધ પર છે. એટલે શ્રમનો હિસ્સો વધવાથી વ્યક્તિગત આવકનો ગિનિ સૂચકાંક કે ગુણાંક ઘટશે. આવકની કાર્યાત્મક વહેંચણીને સમજવા અન્ય આકર્ષક પરિબળો રાષ્ટ્રીય આવકના વ્યાપક સ્તરીય આંકડાની વિસ્તૃત સમજણ, સામાજિક ન્યાય અને તટસ્થ વિચાર છે તેમજ તે આવકની વ્યક્તિગત વહેંચણીમાં અસમાનતાને સમજવાની વધુ ઉત્તમ તક પ્રદાન કરે છે (એટકિન્સન, ૨૦૦૯; ગ્લીન, ૨૦૦૯).

## બોક્સ-૧ : આવકની અસમાનતાની વિભવાનાઓ

**આવકની અસમાનતા :** અર્થતંત્રમાં કુટુંબ કે વ્યક્તિગત આવકની અસમાનતાનું માપ. સામાન્ય રીતે તેને આવકના ગિનિ ગુણાંકમાં શૂન્યથી ૧ સુધી માપવામાં આવે છે. તેમાં શૂન્ય સંપૂર્ણપણે અસમાનતા અને ૧ સંપૂર્ણપણે અસમાનતા સૂચવે છે.

**અસમાનતાની બે વિભાવનાઓ :**

આવકની કૌટુંબિક વહેંચણીઃ આ અર્થતંત્રની અંદર તમામ કુટુંબોની આવકની વહેંચણી છે. તેને વધુ નીચેના વિભાગોમાં વિભાજીત કરી શકાશે :

ક) આવકની પ્રાથમિક વહેંચણી : કુટુંબની આવકની વહેંચણી બજારો અને બજારની સંસ્થાઓ દ્વારા નિર્ધારિત કરવેરા અને સહાય અગાઉ દરેક કુટુંબમાં આવકના વિવિધ પરિબળ ધરાવે છે

ખ) આવકની ગૌણ વહેંચણી : કરવેરાની ચુકવણી અને ચુકવણીના હસ્તાંતરણને સમાવ્યા પછી કુટુંબની આવકની વહેંચણી

ગ) આવકની તૃતિય વહેંચણી : જ્યારે કરવેરા અને સહાય પછી સરકારી ખર્ચઓમાંથી થતા ફાયદા કુટુંબની આવકમાં ઉમેરવામાં આવે ત્યારે કુટુંબની આવકની વહેંચણી

**આવકની કાર્યાત્મક વહેંચણી :** આ જમીન, શ્રમ અને મૂડી જેવા ઉત્પાદનના વિવિધ પરિબળો વચ્ચે આવકની વહેંચણી છે. સામાન્ય રીતે તેને રાષ્ટ્રીય આવકમાં વેતન કે નફાના હિસ્સા તરીકે માપવામાં આવે છે.

સ્રોત : યુએનડીપી ૨૦૧૩, પૃષ્ઠ ૨૦

હાર્વર્ડના અર્થશાસ્ત્રી માર્ટિન વેઇત્ઝમેન (૧૯૮૪) દ્વારા 'વેતન અર્થતંત્રો'માં અસમાનતાના બૃહદઆર્થિક પરિણામોની સાથે કાર્યાત્મક અસમાનતાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. વેઇત્ઝમેને મૂડીવાદી અર્થતંત્રોમાં ચક્રીય બેરોજગારીની સમસ્યા માટે વતન વળતર વ્યવસ્થા એટલે કે નિશ્ચિત પગારની વ્યવસ્થાને જવાબદાર ઠેરવી હતી. વેતનની આ પ્રકારની વ્યવસ્થામાં મંદી દરમિયાન કામદારોને છૂટા કરવામાં આવે છે, જેના પગલે કુલ માંગની સમસ્યામાં વધારો થયો છે અને મંદી વધે છે. તેમણે પગારની નિશ્ચિત વ્યવસ્થાના સ્થાને નફામાં વહેંચણીની વ્યવસ્થા અપનાવવા ભાર મૂક્યો હતો,જેમાં મંદીના ગાળામાં ઉત્પાદનની માંગ ઘટતાં શ્રમના ખર્ચમાં ઘટાડો થશે અને કામદારોને છૂટાં કરવાનું અટકશે. વેઇત્ઝમેને નફાની વહેંચણી સ્વરૂપે વેતનની વ્યવસ્થાને મંદી અને મોંઘવારીની સમસ્યાનું કાયમી સમાધાન ગણાવી હતી. આ વ્યવસ્થાની સફળતાનો આધાર વેતન અર્થતંત્ર ધરાવતી તમામ કંપનીઓ નફો વહેંચણી કરવાની યોજના અપનાવે તેના પર છે (વેઇત્ઝમેન, ૧૯૮૫ઃ ૯૪૫). વેઇત્ઝમેને સૂચવ્યું હતું કે, સરકારે નફો વહેંચતા કામદારોને આવકની વહેંચણી પર કરવેરામાં ફાયદો આપીને પ્રોત્સાહન આપે છે. પણ ભારતીય સંદર્ભમાં આ બાબત અવ્યવહારિક છે. જોકે સંસાધનોની વહેંચણી આધારિત અર્થતંત્રની સાથે તેમણે જાપાનમાં શ્રમિકોને વળતરની બોનસ વ્યવસ્થાનું ઉદાહરણ આપ્યું હતું, જેણે ૧૯૯૦ અગાઉના ગાળામાં જાપાનમાં બેરોજગારીને ઘટાડવામાં અને સ્થિર રાખવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

હજુ તાજેતરમાં પાઇકેટી (૨૦૧૪)માં લોકશાહીનું સંરક્ષણ કરવાના માધ્યમ તરીકે મૂડી પર વળતરના દર (આર) અને આર્થિક વૃદ્ધિના દર (જી) વચ્ચે વિવિધ ચડઊતર પર આધારિત કાર્યાત્મક અસમાનતામાં વૃદ્ધિ અટકાવવા દલીલ કરી છે.

જ્યારે મૂડી પર વળતરનો દર અર્થતંત્રના વૃદ્ધિ દર કરતા નોંધપાત્ર રીતે વધી જાય, ત્યારે ઉત્પાદન અને આવક કરતા વારસાગત સંપત્તિમાં ઝડપથી વધારો થાય છે. ૧૯મી સદી સુધી મોટા ભાગના સમયગાળામાં આવું જોવા મળ્યું હતું અને ૨૧મી સદીમાં આવું થવાની શક્યતા વધારે છે. વારસાગત સંપત્તિ ધરાવતા લોકોને મૂડીમાંથી તેમની આવકના અમુક ટકા હિસ્સાની બચત કરવાની જરૂર છે, કારણ કે અર્થતંત્ર કરતા મૂડીમાં ઝડપથી વૃદ્ધિ થાય છે. આ

પ્રકારની સ્થિતિમાં આજીવન મજૂરી દ્વારા એકત્ર થતી સંપત્તિ કરતા વારસાગત સંપત્તિ ઘણી વધારે હશે અને સંપત્તિનું કેન્દ્રીકરણ અત્યંત ઊંચી હશે – આ સ્તર આધુનિક લોકતાંત્રિક સમાજોના મૂળભૂત સામાજિક ન્યાયના યોગ્ય મૂલ્યો અને સિદ્ધાંતો સાથે વિસંગત હશે..(પાઈકેટ્ટી, ૨૦૧૪:૨૬)

**ભારતમાં અસમાનતા**

ભારતમાં અસમાનતા માપવા અખિલ ભારતીય સ્તરે અને પ્રાદેશિક સ્તરે માથાદીઠ વપરાશના ખર્ચ માટે ગિનિ ગુણાંકનો ઉપયોગ કરવામાં આવે છે (ટેબલ ૧). ૧૯૭૩-૭૪થી ૨૦૦૯-૧૦ માટેના આંકડા સૂચવે છે કે વપરાશ ખર્ચની દૃષ્ટિએ અસમાનતામાં બહુ ઘટાડો થયો નથી. જોકે વપરાશની અસમાનતા સામાન્ય રીતે અસમાનતાની મર્યાદાને ઓછી આંકે છે એટલે તેનું અર્થઘટન સાવચેતી સાથે કરવું જોઈએ.[૧] હકીકતમાં કુટુંબની આવક (વપરાશ નહીં)ની અસમાનતા કેટલી હદે છે તે વધુ સારી રીતે સૂચવી શકે છે.

ભારતીય માનવ વિકાસ સર્વે (આઈએચડીએસ), ૨૦૧૦માં ભારતમાં કુટુંબોની આવકની વહેંચણીનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ સર્વેના પરિણામો વપરાશના ગિનિ ગુણાંક દ્વારા માપવામાં આવેલી અસમાનતા કરતા આવકની મોટી અસમાનતા સૂચવે છે, જે આશ્ચર્યજનક નથી. ભારત માટે વપરાશ અસમાનતાનો ગિનિ ગુણાંક આશરે ૦.૩૮ છે, જ્યારે આવક પર આધારિત ગિનિ સૂચકાંક ૦.૫૨ છે. સર્વેના પરિણામો ઊંચી શહેરી અસમાનતા સંબંધિત ભ્રમને પણ દૂર કરે છે. જ્યારે ગ્રામીણ આવક કરતા શહેરી આવક વધારે હોય છે, ત્યારે બંને વચ્ચેની આવકમાં બહુ ઓછો ફરક છે – શહેરી માટે ગિનિ ગુણાંક ૦.૪૮ છે, જ્યારે ગ્રામીણ આવક માટેનો ગિનિ ગુણાંક ૦.૪૯ છે. ઉપરાંત ગ્રામીણ આવકમાં ઘણી બધી અસમાનતા કૌશલ્ય ન ધરાવતા શ્રમિકોના વેતન સાથે સંબંધિત છે. **એટલે એવું જણાય છે કે શહેરી કુશળ આંતરિક પરિબળ આધારિત અસમાનતા, ઉદ્યોગ કેન્દ્રિત શ્રમ વિરુદ્ધ અકુશળ, કૃષિ (કારખાનામાં પણ) શ્રમ, તેમજ આંતરકારક આવક અસમાનતાઓ એટલે શ્રમ વિરુદ્ધ મૂડી મહત્ત્વપૂર્ણ બની રહેશે.**

ટેબલ-૨ સૂચવે છે કે ઘણા બધા કુટુંબો એકથી વધારે સ્રોતોમાંથી આવક મેળવે છે. બીજી તરફ ટેબલ આવકના સ્રોતમાં વિવિધ સ્રોતો દર્શાવે છે અને એટલે "ભારતીય અર્થતંત્રના વિવિધ ક્ષેત્રો વચ્ચેનો આંતરસંબંધ પ્રદર્શિત કરે છે અને સૂચવે છે કે અર્થતંત્રના એક ક્ષેત્રને અસર કરતી નીતિઓ અનેક કુટુંબો પર વ્યાપક અસર કરી શકે છે" (આઈએચડીએસ, ૨૦૧૦:૧૭). જોકે વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે તે સૂચવે છે કે આશરે ૫૭.૪ ટકા કુટુંબો મજૂરી કામ કે ખેતીમાંથી તેમની આવક મેળવે છે. મજૂરીની આવકના આટલા મોટા હિસ્સાને ધ્યાનમાં લઈએ તો આવક પરિબળ આધારિત અસમાનતાઓ વ્યક્તિગત આવકની અસમાનતાઓના મુખ્ય ચાલકો હોવાની શક્યતા છે.

**અસમાનતાના પરિબળના વૈશ્વિક અને સ્થાનિક ચાલકબળો**

પરિબળની અસમાનતાના ચાલકબળોને બે કેટેગરીમાં વિભાજીત કરી શકાશે – બાહ્ય (વૈશ્વિકરણને કારણે) અને આંતરિક (સ્થાનિક નીતિઓના પરિણામે). વેપારી ઉદારતા, નાણાકીય બજારનું ઉદારીકરણ અને ટેકનિકલ ફેરફાર પરિબળની અસમાનતાના બાહ્ય ચાલકબળો છે. ઉપરાંત નાણાકીય, વિનિમય દર અને રાજકોષીય નીતિઓ વૃદ્ધિ, રોકાણ અને રોજગારીને અસર કરીને આ પ્રકારની અસમાનતાના સ્થાનિક ચાલકબળો તરીકે કાર્ય કરે છે (યુએનડીપી, ૨૦૧૩).

**આપણે વેપારી ઉદારતાના માપ તરીકે વાસ્તવિક જીડીપીના ટકાવારી સ્વરૂપે નિકાસ + આયાત (વેપાર)ના આંકડાનો ઉપયોગ કરીએ છીએ. નાણાકીય ઉદારતા ભારતમાં ચોખ્ખા રોકાણના પ્રવાહના કદ મારફતે માપવામાં આવે છે, જ્યારે ટેકનિકલ ફેરફારને મૂડી-શ્રમ (K/L) રેશિયો મારફતે માપવામાં આવે છે.**

આકૃતિ-૧ વેપારી ઉદારતા અને શ્રમના હિસ્સા વચ્ચેનો સંબંધ સૂચવે છે, જ્યારે આકૃતિ-૨ નાણાકીય ઉદારતા અને શ્રમના હિસ્સા વચ્ચેનો સંબંધ પ્રદર્શિત કરે છે. આપણે જોયું છે કે, ભારત વેપારી અને મૂડીના પ્રવાહમાં જેમ ઉદાર બન્યું છે, તેમ શ્રમનો હિસ્સો ઘટ્યો છે.

પછી આપણે ટેકનિકલ ફેરફારના અંદાજને મેળવવાની જરૂર છે. આપણે ફીનસ્ટ્રા વગેરે (૨૦૧૩) (ઇન્કલાર અને ટિમ્મરમાં જણાવ્યા મુજબ, ૨૦૧૩)ના અભિગમનો ઉપયોગ કર્યો હતો, જેમાં મજૂરીનો અંદાજ મેળવવા અર્થતંત્રમાં કામદારોની સંખ્યા 'E' ને તેમની સરેરાશ માનવીય મૂડી 'hc' સાથે ગુણવામાં આવે છે. તેનું પરિણામ 'L' પ્રમાણભૂત કોબ-ડગલાસ ઉત્પાદન કિંમતમાં ઉપયોગી મજૂરીના પ્રવાહને દર્શાવે છે. આપણે ભારતીય અર્થતંત્રમાં મૂડી/ શ્રમ રેશિયોની ગણતરી કરવા LLku મૂડી ઈનપુટ 'K' સાથે જોડીએ છીએ. ટેબલ ૩ના પરિણામો સૂચવે છે કે ભારતમાં વર્ષ ૧૯૯૧થી અત્યાર સુધી મૂડી શ્રમ રેશિયો ૨.૩૭ ગણો વધ્યો છે. આ જ ગાળામાં જીડીપી (વર્તમાન રાષ્ટ્રીય ભાવ)માં શ્રમ વળતરનો હિસ્સો હકીકતમાં ૦.૬૫થી ઘટીને ૦.૪૮૫ થયો હતો. ટેબલ ૩ સ્થિર રાષ્ટ્રીય કિંમતો પર કુલ પરિબળ

ઉત્પાદકતામાં ૦.૭૭થી ૧.૦૭નો વધારો સૂચવે છે. આપણે અનુમાન કરી શકીએ કુલ પરિબળ ઉત્પાદકતામાં ઘણો બધો વધારો શ્રમને બદલે મૂડીના માલિકોએ મેળવ્યો હશે.

એટલે ભારત ચીજવસ્તુઓ, સેવા અને મૂડીના પ્રવાહની દૃષ્ટિએ વિશ્વ સાથે વધુ જોડાઈ રહ્યું હોવાથી તેમજ ટેકનિકલ સંશોધનોથી લાભાન્વિત થતું હોવાથી ૧૯૯૧થી ૨૦૧૧ સુધીના સમયગાળામાં શ્રમના હિસ્સામાં ઘટાડો થયો છે. એટલું જ નહીં ઉપલબ્ધ આંકડા પણ ભારતીય સંદર્ભમાં કુશળ અને અકુશળ મજૂર-આંતરકારક અસમાનતાઓ વચ્ચે સંબંધિત અસમાનતાઓ દર્શાવવામાં નિષ્ફળ રહ્યાં છે.

**વ્યાપક વલણો શ્રમના હિસ્સા પર ઉદારતા અને ટેકનિકલ ફેરફારની અસર સાથે સંબંધિત વૈશ્વિક અનુભવો જેવા હોય તેવું જણાય છે.** હકીકતમાં વેપાર અને વિકાસ રિપોર્ટ (યુએનસીટીડીએ) ૨૦૧૩ મુજબ, વર્ષ ૧૯૯૫થી વર્ષ ૨૦૧૩ વચ્ચેના સમયગાળા દરમિયાન વૈશ્વિક સ્તરે જીડીપીમાં શ્રમની ટકાવારીમાં શ્રમની આવકનો હિસ્સો ઘટ્યો છે, ત્યારે આ દૃષ્ટિએ એશિયાના હરિફ વિકાસશીલ દેશો કરતા ભારત જીડીપીની ટકાવારી શ્રમનો સૌથી ઓછો હિસ્સો ધરાવે છે. શ્રમની આવકનો આ પ્રકારનો ઓછો અને ઘટતો જતો હિસ્સો ખાનગી વપરાશ ખર્ચ પર અને તેના દ્વારા ભારતની વિકાસગાથા પર અસર કરી છે.

આવકની અસમાનતા પર સ્થાનિક પરિબળો કેવી રીતે અસર કરે છે ? ઋણની કટોકટીને પગલે ૧૯૮૦ના દાયકા પછી વિવિધ દેશોમાં સરકારોએ દ્વારા નીતિગત હસ્તક્ષેપ કરીને માગ વધારવાની આર્થિક નીતિને સ્થાને રાજકોષીય સંતુલન અને કિંમતોમાં સ્થિરતા જાળવવાની નીતિ અપનાવી હતી. પણ આ પ્રકારની નીતિ અસમાનતામાં વૃદ્ધિ માટે નવા પરિબળ સમાન પુરવાર થઈ છે. એટલે વ્યાજદર, રોકાણ અને વૃદ્ધિ પર પોતાની નુકસાનકારક અસર સાથે આ નાણાકીય સંકોચનની નીતિઓ બેરોજગારીમાં વધારા તરફ દોરી ગઈ હતી. નાણાકીય ઉદારીકરણ વાસ્તવિક અસરકારક વિનિયમ દર (આરઈઈઆર) પર અસર ધરાવે છે, જે વધતાં આયાતમાં વધારો થાય છે અને તેના પગલે સ્થાનિક ઉત્પાદન અને રોજગારીને નુકસાનકારક અસર થાય છે. તે જ રીતે માળખાગત ક્ષેત્ર તેમજ શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવા ક્ષેત્રોમાં ખર્ચાઓ પર કાપ મૂકીને રાજકોષીય સંતુલન હાંસલ કરવાની માંગ કરવામાં આવી હતી. આ તમામ બાબતો ગરીબોની આવક વધવાની સંભવિતતાને નુકસાન કરે છે અને સામાજિક અવ્યવસ્થા તરફ દોરી જાય છે (યુએનડીપી, ૨૦૧૩). એટલે ભાવમાં સ્થિરતા અને રાજકોષીય સંતુલન હાંસલ કરવાનું લક્ષ્ય ધરાવતી રાષ્ટ્રીય નીતિઓ જીડીપીમાં શ્રમના હિસ્સાના ઘટાડાનું અનિચ્છિત પરિણામ આપી શકે છે.

વૈશ્વિક નાણાકીય ધિરાણ કટોકટી અને વર્ષ ૨૦૧૦ પછી ભારતે નાણાકીય સ્થિતિને મજબૂત રાખવા કડક નાણાકીય અને રાજકોષીય નીતિઓ અપનાવી હતી. આ પ્રકારની નીતિઓ સરકારના કથિત લક્ષ્યાંકો એટલે કે મોંઘવારીને નિયંત્રણમાં રાખવા કે ભાવમાં સ્થિરતા જાળવવા અને રાજકોષીય ખાધ ઘટાડવા વગેરેને હાંસલ કરવામાં અત્યંત ઓછી અસરકારક નીવડી હતી. એટલું જ નહીં આ મર્યાદિત અસર પણ વૃદ્ધિ અને રોજગારીના ભોગે જોવા મળી છે, જે શ્રમના ઘટતા હિસ્સા સ્વરૂપે અસમાનતાઓના પરિબળમાં પ્રતિબિંબિત થાય છે. જોકે આ પ્રકારની રાષ્ટ્રીય નીતિઓનો હેતુ બાહ્ય આંચકાની અસરોનો વ્યવસ્થિત રીતે મુકાબલો કરવાનો હોવો જોઈએ.

**નીતિગત અસરો**

અત્યારે રાષ્ટ્રીય આવકમાં શ્રમ વળતર અને શ્રમના હિસ્સા જેવા વિવિધ પરિબળો મારફતે અસમાનતાના કમનસીબ મુદ્દાની ચકાસણી કરવાનો સમય છે. આ પ્રકારની અસમાનતાને કેવી રીતે ઘટાડવી અને તેમાં સરકારની ભૂમિકા શું હોવી જોઈએ તેવા મહત્ત્વપૂર્ણ પ્રશ્નો પર નીતિગત વિચારણાઓ કેન્દ્રિત હોવી જોઈએ. ભારતના જૂનાં શ્રમ કાયદાઓ જીડીપીની ટકાવારીમાં શ્રમના હિસ્સાનું સંરક્ષણ કરવા માટે અસરકારક રહ્યાં નથી, જે કાં તો બેરોજગારી તરફ દોરે છે અથવા વધુ ઓટોમેશન તરફ દોરે છે. કરવેરા સતત વધતા જાય તેવી વ્યવસ્થા અસરકારક નીવડતી નથી અને કરચોરી તરફ જ દોરી જાય છે.

બીજી તરફ કામદારો સાથે નફાની વહેંચણી કરતી વેતન વ્યવસ્થા અપનાવતી કંપનીઓ માટે કરવેરામાં કપાત કે રિબેટ સ્વરૂપે સરકાર દ્વારા સામાજિક હકારાત્મક પગલાંઓ લેવા દોર્યું છે. તેનાથી અસમાનતા ઘટાડવામાં મદદ મળશે, સાથે સાથે નિયમિતપણે ખાનગી વપરાશ ઊભી કરવાની અને કુલ માગ જાળવીને બૃહદ્ આર્થિક પરિણામો પણ સુનિશ્ચિત કરે છે (જયકુમાર, ૨૦૧૪, એપ્રિલ ૩૦).

બીજી તરફ જે સરકારી નીતિઓ વૃદ્ધિ અને મોંઘવારી પ્રત્યે કેન્દ્રિત છે, તેને વૈશ્વિકરણ (ખાસ કરીને નાણાકીય વૈશ્વિકરણ) અને પ્રસ્તુત પરિબળના હિસ્સા પર ટેકનિકલ ફેરફારની અસરને સરભર કરવા રોજગારી અને કુશળતા વધારવા ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ગ્રામીણ મજૂરોને લક્ષ્યાંક બનાવવીને ઊભી કરવામાં આવેલી વ્યવસ્થા રોકડ હસ્તાંતરણથી ભારતમાં કાર્યાત્મક અસમાનતા ઘટાડવામાં મદદ મળી શકે છે.

## ટેબલ-૧ : વપરાશ વિતરણનો ગિનિ ગુણાંક : ૧૯૭૩-૭૪ થી ૨૦૦૯-૧૦

| રાજ્ય | ૧૯૭૩-૭૪ | | ૧૯૭૭-૭૮ | | ૧૯૮૩ | | ૧૯૯૩-૯૪ | | ૧૯૯૯-૨૦૦૦ | | ૨૦૦૪-૦૫ (URP)* | | ૨૦૦૪-૦૫ (MRP)* | | ૨૦૦૯-૧૦ (URP)* | | ૨૦૦૯-૧૦ (MRP)* | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી |
| ભારત | ૦.૨૮૧ | ૦.૩૦૨ | ૦.૩૩૬ | ૦.૩૪૫ | ૦.૨૯૭ | ૦.૩૨૫ | ૦.૨૮૨ | ૦.૩૪ | ૦.૨૬ | ૦.૩૪૨ | ૦.૩ | ૦.૩૭૧ | ૦.૨૬૬ | ૦.૩૪૮ | ૦.૨૯૧ | ૦.૩૮૨ | ૦.૨૭૬ | ૦.૩૭૧ |
| આંધ્રપ્રદેશ | ૦.૨૮૮ | ૦.૨૮૮ | ૦.૨૯૮ | ૦.૩૧૯ | ૦.૨૯૨ | ૦.૩૦૬ | ૦.૨૮૫ | ૦.૩૨ | ૦.૨૩૫ | ૦.૩૧૩ | ૦.૨૮૯ | ૦.૩૭ | ૦.૨૫૨ | ૦.૩૪૨ | ૦.૨૭૮ | ૦.૩૮૨ | ૦.૨૬૯ | ૦.૩૫૩ |
| અરુણાચલ પ્રદેશ | | | | | | | | | | | ૦.૨૭ | ૦.૨૪૪ | ૦.૨૪ | ૦.૨૧૩ | ૦.૩૩૩ | ૦.૩૨૫ | ૦.૨૯૩ | ૦.૨૯૯ |
| અસમ | ૦.૨ | ૦.૨૯૬ | ૦.૧૭૯ | ૦.૩૨૩ | ૦.૧૯૨ | ૦.૨૪૮ | ૦.૧૭૬ | ૦.૨૮૬ | ૦.૨૦૧ | ૦.૩૦૯ | ૦.૧૯૫ | ૦.૩૧૬ | ૦.૧૮૨ | ૦.૩૦૧ | ૦.૨૪૪ | ૦.૩૨૪ | ૦.૨૨ | ૦.૩૨૮ |
| બિહાર | ૦.૨૭૩ | ૦.૨૬૫ | ૦.૨૫૮ | ૦.૩૦૪ | ૦.૨૫૫ | ૦.૨૯૭ | ૦.૨૨૨ | ૦.૩૦૭ | ૦.૨૦૭ | ૦.૩૧૯ | ૦.૨૦૫ | ૦.૩૩ | ૦.૧૮૫ | ૦.૩૧૨ | ૦.૨૨૬ | ૦.૩૩૨ | ૦.૨૧૫ | ૦.૩૧૯ |
| છત્તિસગઢ | | | | | | | | | | | ૦.૨૯૫ | ૦.૪૩૪ | ૦.૨૫૧ | ૦.૩૫૪ | ૦.૨૭૬ | ૦.૩૨૬ | ૦.૨૩૪ | ૦.૩૦૫ |
| દિલ્હી | ૦.૧૪૯ | ૦.૩૫૩ | ૦.૨૯ | ૦.૩૩ | ૦.૨૮૯ | ૦.૩૩૧ | ૦.૨૩૬ | ૦.૨૦૭ | ૦.૨૯૪ | ૦.૩૪૩ | ૦.૨૬૪ | ૦.૩૨૯ | ૦.૨૬૨ | ૦.૩૨૪ | ૦.૨૫૩ | ૦.૩૪૫ | ૦.૨૩૩ | ૦.૩૫૨ |
| ગોવા | | | | | | | | | | | ૦.૨૯૪ | ૦.૪૦૫ | ૦.૨૬૭ | ૦.૩૩૩ | ૦.૨૧૪ | ૦.૪૦૬ | ૦.૨૧૯ | ૦.૨૫૧ |
| ગુજરાત | ૦.૨૩૪ | ૦.૨૪૬ | ૦.૨૮૫ | ૦.૩૦૮ | ૦.૨૫૨ | ૦.૨૬૪ | ૦.૨૩૬ | ૦.૨૮૭ | ૦.૨૩૪ | ૦.૨૮૬ | ૦.૨૬૯ | ૦.૩૦૫ | ૦.૨૫૧ | ૦.૨૯૫ | ૦.૨૫૩ | ૦.૩૨૮ | ૦.૨૫૨ | ૦.૩૦૯ |
| હરિયાણા | ૦.૨૯૧ | ૦.૩૧ | ૦.૨૮૮ | ૦.૩૧૩ | ૦.૨૭૧ | ૦.૩૦૪ | ૦.૩૦૧ | ૦.૨૮ | ૦.૨૩૯ | ૦.૨૮૭ | ૦.૩૨૨ | ૦.૩૬ | ૦.૨૯૫ | ૦.૩૨૬ | ૦.૩૦૧ | ૦.૩૬ | ૦.૨૭૮ | ૦.૩૫૭ |
| હિમાચલ પ્રદેશ | ૦.૨૪૩ | ૦.૨૭૩ | ૦.૨૫૫ | ૦.૨૯૭ | ૦.૨૬૬ | ૦.૩૧૩ | ૦.૨૭૬ | ૦.૪૩૫ | ૦.૨૩૫ | ૦.૨૯૫ | ૦.૨૯૬ | ૦.૩૧૮ | ૦.૨૬ | ૦.૨૬૧ | ૦.૩૦૫ | ૦.૩૯૯ | ૦.૨૮૩ | ૦.૩૫૧ |
| જમ્મુ અને કાશ્મીર | ૦.૨૨૪ | ૦.૨૨૪ | ૦.૨૨૨ | ૦.૩૩૪ | ૦.૨૨૧ | ૦.૨૩૫ | ૦.૨૩૪ | ૦.૨૮૧ | ૦.૧૭૩ | ૦.૨૨૪ | ૦.૨૩૭ | ૦.૨૪૫ | ૦.૧૯૭ | ૦.૨૪૧ | ૦.૨૩૫ | ૦.૩૦૫ | ૦.૨૨૧ | ૦.૩૦૭ |
| ઝારખંડ | | | | | | | | | | | ૦.૨૨૫ | ૦.૩૫૧ | ૦.૧૯૯ | ૦.૩૨૬ | ૦.૨૪ | ૦.૩૫૮ | ૦.૨૧૨ | ૦.૩૪૩ |
| કર્ણાટક | ૦.૨૭૭ | ૦.૨૯૧ | ૦.૩૨૧ | ૦.૩૪૨ | ૦.૨૯૯ | ૦.૩૩ | ૦.૨૬૬ | ૦.૩૧૫ | ૦.૨૪૧ | ૦.૩૨૩ | ૦.૨૬૩ | ૦.૩૬૪ | ૦.૨૩૨ | ૦.૩૫૮ | ૦.૨૩૫ | ૦.૩૩૪ | ૦.૨૩૧ | ૦.૩૭૫ |
| કેરળ | ૦.૩૧૪ | ૦.૩૭ | ૦.૩૫૩ | ૦.૩૫૬ | ૦.૩૩ | ૦.૩૭૧ | ૦.૨૮૮ | ૦.૩૩૮ | ૦.૨૭ | ૦.૩૨૧ | ૦.૩૪૧ | ૦.૪ | ૦.૨૯૪ | ૦.૩૫૩ | ૦.૪૧૭ | ૦.૪૯૮ | ૦.૩૫ | ૦.૪ |
| મધ્યપ્રદેશ | ૦.૨૮૬ | ૦.૨૭ | ૦.૩૩૧ | ૦.૩૭૭ | ૦.૨૯૨ | ૦.૨૯ | ૦.૨૭૭ | ૦.૩૨૭ | ૦.૨૪૨ | ૦.૩૧૫ | ૦.૨૬૫ | ૦.૩૯૩ | ૦.૨૩૭ | ૦.૩૫૧ | ૦.૨૯૨ | ૦.૩૬૪ | ૦.૨૭૬ | ૦.૩૬૫ |
| મહારાષ્ટ્ર | ૦.૨૬૪ | ૦.૩૩૧ | ૦.૪૬૨ | ૦.૩૬૨ | ૦.૨૮૩ | ૦.૩૨૯ | ૦.૩૦૨ | ૦.૩૫૧ | ૦.૨૫૮ | ૦.૩૪૮ | ૦.૩૦૮ | ૦.૩૭૨ | ૦.૨૭ | ૦.૩૫ | ૦.૨૬૮ | ૦.૪૧ | ૦.૨૪૪ | ૦.૩૮ |
| મણિપુર | | | | | | | | | | | ૦.૧૫૬ | ૦.૧૭૪ | ૦.૧૩૬ | ૦.૧૪૯ | ૦.૧૭૩ | ૦.૨૧૩ | ૦.૧૫૯ | ૦.૧૯૩ |
| મેઘાલય | | | | | | | | | | | ૦.૧૫૭ | ૦.૨૫૮ | ૦.૧૩૬ | ૦.૨૪ | ૦.૨ | ૦.૨૫૬ | ૦.૧૭ | ૦.૨૪૩ |
| મિઝોરમ | | | | | | | | | | | ૦.૧૯૩ | ૦.૨૪૪ | ૦.૧૬૭ | ૦.૨૧૩ | ૦.૨૩૭ | ૦.૨૩ | ૦.૧૯૪ | ૦.૨૨૮ |
| નાગાલેન્ડ | | | | | | | | | | | ૦.૨૦૭ | ૦.૨૩૫ | ૦.૧૭૩ | ૦.૨૧૪ | ૦.૧૮૬ | ૦.૨૩૭ | ૦.૧૮૧ | ૦.૨૨૨ |

| રાજ્ય | ૧૯૭૩-૭૪ | | ૧૯૭૭-૭૮ | | ૧૯૮૩ | | ૧૯૯૩-૯૪ | | ૧૯૯૯-૨૦૦૦ | | ૨૦૦૪-૦૫ (URP)* | | ૨૦૦૪-૦૫ (MRP)* | | ૨૦૦૯-૧૦ (URP)* | | ૨૦૦૯-૧૦ (MRP)* | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી | ગ્રામીણ | શહેરી |
| ઓડિશા | ૦.૨૬૨ | ૦.૩૪૨ | ૦.૩૦૧ | ૦.૩૨૪ | ૦.૨૬૬ | ૦.૨૯૪ | ૦.૨૪૩ | ૦.૩૦૪ | ૦.૨૪૪ | ૦.૨૯૨ | ૦.૨૮૧ | ૦.૩૫ | ૦.૨૫૪ | ૦.૩૩ | ૦.૨૬૨ | ૦.૩૮૯ | ૦.૨૪૭ | ૦.૩૭૫ |
| પંજાબ | ૦.૨૭ | ૦.૨૮૭ | ૦.૩૦૩ | ૦.૩૮ | ૦.૨૭૯ | ૦.૩૨૧ | ૦.૨૬૫ | ૦.૨૭૬ | ૦.૨૩૯ | ૦.૨૯ | ૦.૨૭૯ | ૦.૩૯૩ | ૦.૨૬૩ | ૦.૩૨૩ | ૦.૨૮૮ | ૦.૩૭૧ | ૦.૨૮૫ | ૦.૩૫૮ |
| રાજસ્થાન | ૦.૨૭૬ | ૦.૨૮૭ | ૦.૪૬૪ | ૦.૨૯૬ | ૦.૩૪ | ૦.૩૦૧ | ૦.૨૬ | ૦.૨૯ | ૦.૨૦૯ | ૦.૨૮૨ | ૦.૨૪૬ | ૦.૩૬૭ | ૦.૨૦૪ | ૦.૩૦૩ | ૦.૨૨૫ | ૦.૩૭૮ | ૦.૨૧૪ | ૦.૩૧૬ |
| સિક્કિમ | | | | | | | | | | | ૦.૨૬૬ | ૦.૨૫૪ | ૦.૨૩૬ | ૦.૨૩૨ | ૦.૨૭૫ | ૦.૧૯૪ | ૦.૨૫૯ | ૦.૧૮૬ |
| તમિળનાડુ | ૦.૨૬૯ | ૦.૩૦૫ | ૦.૩૧૯ | ૦.૩૩૩ | ૦.૩૨૪ | ૦.૩૪૭ | ૦.૩૦૭ | ૦.૩૪૪ | ૦.૨૭૯ | ૦.૩૮૧ | ૦.૩૧૬ | ૦.૩૫૬ | ૦.૨૫૮ | ૦.૩૪૫ | ૦.૨૬૪ | ૦.૩૩૨ | ૦.૨૫૭ | ૦.૩૨૭ |
| ત્રિપુરા | | | | | | | | | | | ૦.૨૧૬ | ૦.૩૩૮ | ૦.૨૦૩ | ૦.૩ | ૦.૨૦૫ | ૦.૨૯૪ | ૦.૧૯૭ | ૦.૨૮૮ |
| ઉત્તરપ્રદેશ | ૦.૨૩૬ | ૦.૨૯૩ | ૦.૨૯૯ | ૦.૩૨૭ | ૦.૨૯ | ૦.૩૧૨ | ૦.૨૭૮ | ૦.૩૨૩ | ૦.૨૪૬ | ૦.૩૨૮ | ૦.૨૮૬ | ૦.૩૬૬ | ૦.૨૩૪ | ૦.૩૩૯ | ૦.૩૫૬ | ૦.૩૨૯ | ૦.૪૩૮ | ૦.૩૨૧ |
| ઉત્તરાખંડ | | | | | | | | | | | ૦.૨૭૯ | ૦.૩૨૩ | ૦.૨૨૩ | ૦.૩૦૨ | ૦.૨૬૩ | ૦.૩૬૧ | ૦.૨૩૧ | ૦.૩૯૫ |
| પશ્ચિમ બંગાળ | ૦.૨૯૬ | ૦.૩૧૫ | ૦.૨૯૨ | ૦.૩૧૭ | ૦.૨૮૪ | ૦.૩૨૮ | ૦.૨૫૧ | ૦.૩૩૪ | ૦.૨૨૪ | ૦.૩૪૧ | ૦.૨૭ | ૦.૩૭૮ | ૦.૨૪૧ | ૦.૩૫૬ | ૦.૨૩૯ | ૦.૩૮૪ | ૦.૨૨ | ૦.૩૮૪ |
| આંદામન અને નિકોબાર ટાપુઓ | | | | | | | | | | | ૦.૨૯ | ૦.૩૫૧ | ૦.૨૫૩ | ૦.૩૦૫ | ૦.૨૪૬ | ૦.૨૭૧ | ૦.૨૫૬ | ૦.૩૧૬ |
| ચંદીગઢ | | | | | | | | | | | ૦.૨૪ | ૦.૩૪૪ | ૦.૨૪૪ | ૦.૩૪૧ | ૦.૧૯૩ | ૦.૪૪૯ | ૦.૩૦૮ | ૦.૩૭૩ |
| દાદરા અને નગરહવેલી | | | | | | | | | | | ૦.૩૫૧ | ૦.૨૯૬ | ૦.૩૨૪ | ૦.૨૯૫ | ૦.૨૦૬ | ૦.૨૦૮ | ૦.૨૨ | ૦.૨૨૪ |
| દમણ અને દીવ | | | | | | | | | | | ૦.૨૨૩ | ૦.૨૫૮ | ૦.૨૦૯ | ૦.૨૪૨ | ૦.૩૦૫ | ૦.૨૮૩ | ૦.૨૮૭ | ૦.૨૬૪ |
| લક્ષદ્વીપ | | | | | | | | | | | ૦.૨૪ | ૦.૩૮૩ | ૦.૧૬૭ | ૦.૨૩૬ | ૦.૩૨ | ૦.૩૩૬ | ૦.૩૧૪ | ૦.૨૭૯ |
| પુડુચેરી | | | | | | | | | | | ૦.૩૩૭ | ૦.૩૧૨ | ૦.૨૮૧ | ૦.૩૦૨ | ૦.૩૦૭ | ૦.૩૦૭ | ૦.૨૫૪ | ૦.૩૭૮ |

*URP – એકસમાન સંદર્ભ ગાળા; MRP – મિશ્ર સંદર્ભ ગાળા (સ્રોતઃ આયોજન પંચનો બિનસત્તાવાર અંદાજ; ૬૧મો રાઉન્ડ ૨૦૦૪-૦૫ એમઆરપી અને ૨૦૦૯-૧૦, ૬૬મો રાઉન્ડ)

**નોંધ :** ગિનિ ગુણાંકની ગણતરી એવું ધારીને કરવામાં આવે છે કે દરેક રાજ્યની અંદર તમામ વ્યક્તિઓ રાજ્યની માથાદીઠ જીએસડીપીને સમકક્ષ કુલ આવક ધરાવે છે. આ પદ્ધતિ દરેક રાજ્યની અંદર અસમાન વિતરણમાંથી ઊભી થતી અસમાનતાને અવગણે છે અને ફક્ત અસમાનતા પર જ ધ્યાન કેન્દ્રિત કરે છે

સ્રોતઃ આયોજન પંચ, ભારત. http://planningcommission.nic.in/data/datatable/0814/table_105.pdf પર ઉપલબ્ધ. ૯ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સુલભ.

**ટેબલ-૨ : વિવિધ સ્રોતોમાંથી આવક મેળવતા કુટુંબોની ટકાવારી**

| ખેતી | મજૂરી | વાણિજ્ય | અન્ય | ગ્રામીણ | શહેરી | કુલ | સરેરાશ આવક |
|---|---|---|---|---|---|---|---|
| ✓ | ✓ | ✓ | ✓ | ૧.૧૪ | ૦.૨૬ | ૦.૮૯ | ૩૫,૭૫૫ |
| ✓ | ✓ | ✓ | | ૨.૭૮ | ૦.૬૧ | ૨.૧૬ | ૩૨,૯૩૮ |
| ✓ | ✓ | | ✓ | ૮.૬૯ | ૧.૧૨ | ૬.૫૨ | ૨૫,૫૦૭ |
| ✓ | ✓ | | | ૨૩.૫૫ | ૩.૮૩ | ૧૭.૮૯ | ૨૩,૫૩૬ |
| ✓ | | ✓ | ✓ | ૧.૪ | ૦.૫૧ | ૧.૧૫ | ૫૪,૮૫૦ |
| ✓ | | ✓ | | ૩.૯ | ૧.૨૮ | ૩.૧૫ | ૩૬,૦૦૦ |
| ✓ | | | ✓ | ૫.૪૮ | ૦.૫૬ | ૪.૦૭ | ૩૧,૨૬૫ |
| ✓ | | | | ૧૧.૨૭ | ૧.૦૩ | ૮.૩૩ | ૨૦,૯૬૪ |
| | ✓ | ✓ | ✓ | ૦.૮૧ | ૧.૬૧ | ૧.૦૪ | ૪૭,૪૦૦ |
| | ✓ | ✓ | | ૨.૪૩ | ૫.૯૮ | ૩.૪૫ | ૪૦,૯૦૦ |
| | ✓ | | ✓ | ૬.૩૩ | ૧૨.૧ | ૭.૯૮ | ૩૩,૬૦૦ |
| | ✓ | | | ૨૪.૨૩ | ૪૮.૪૬ | ૩૧.૧૮ | ૨૭,૦૦૦ |
| ✓ | | ✓ | ✓ | ૦.૯૯ | ૩.૭૧ | ૧.૭૭ | ૫૨,૦૦૦ |
| | | ✓ | | ૩.૩૯ | ૧૪.૧ | ૬.૪૭ | ૪૦,૦૦૦ |
| | | | ✓ | ૧.૯૮ | ૪.૧૫ | ૨.૬ | ૧૮,૦૦૦ |
| નકારાત્મક કે કોઈ આવક નહીં | | | | ૧.૬૧ | ૦.૬૯ | ૧.૩૫ | -૯૮૫ |
| **કુલ** | | | **૧૦૦** | **૧૦૦** | **૧૦૦** | | |

નોંધઃ મજૂરી કામમાં કૃષિ અને બિનકૃષિ શ્રમ તેમજ નોકરિયાત કામ સામેલ છે.

અન્ય સ્રોતોમાં પેન્શન્સ, કુટુંબ હસ્તાંતરણ અને સરકારી યોજનાઓમાંથી આવક સામેલ છે.


સ્રોતઃ આઈએચડીએસ (૨૦૧૦), પૃષ્ઠ ૧૭

## ટેબલ-૩ : ભારતમાં મૂડી-શ્રમ રેશિયો અને શ્રમ આવકમાં હિસ્સો : ૧૯૯૧-૨૦૧૧

| વર્ષ | labsh | | માનવીય મૂડી (hc) | L ઇનપુટ (input) | rkna | K/L |
|---|---|---|---|---|---|---|
| ૧૯૯૧ | ૦.૬૫૦૭૬૮૫૧૮ | ૩૩૨.૬૧૭૫૫૩૭ | ૧.૬૦૧૬૫૬૭૯૫ | ૫૩૨.૭૩૯૧૬૪૯ | ૨૪૧૯૬૮૦.૨૫ | ૪૫૪૧.૯૬૦૫૧૨ |
| ૧૯૯૨ | ૦.૬૪૩૮૪૮૯૫૬ | ૩૪૧.૩૧૩૨૯૩૫ | ૧.૬૧૬૯૭૯૮૩૭ | ૫૫૧.૮૯૬૭૧૩૮ | ૨૫૩૭૩૯૬.૫ | ૪૫૯૭.૫૯૩૦૫૮ |
| ૧૯૯૩ | ૦.૬૩૦૯૪૦૨૫૯ | ૩૫૦.૦૧૬૩૮૭૯ | ૧.૬૩૨૪૪૯૩૮૯ | ૫૭૧.૩૮૪૦૩૮૫ | ૨૬૫૬૦૩૯.૭૫ | ૪૬૪૮.૪૩૧૮૨૭ |
| ૧૯૯૪ | ૦.૬૧૭૪૨૬૭૫૩ | ૩૫૬.૩૮૦૫૮૪૭ | ૧.૬૪૮૦૬૬૯૯૮ | ૫૮૭.૩૩૯૦૮૦૨ | ૨૭૯૮૧૨૮.૭૫ | ૪૭૬૪.૦૭૭૨૫ |
| ૧૯૯૫ | ૦.૬૦૦૨૬૭૮૮૭ | ૩૬૧.૮૯૯૧૬૯૯ | ૧.૬૬૩૮૩૩૯૭૬ | ૬૦૨.૧૪૦૧૩૪૭ | ૨૯૮૯૧૬૭.૫ | ૪૯૬૪.૨૩૮૯૩૩ |
| ૧૯૯૬ | ૦.૫૯૮૬૯૮૨૫૮ | ૩૬૭.૩૪૯૨૭૩૭ | ૧.૬૮૨૫૬૭૩૫૮ | ૬૧૮.૦૮૯૮૯૬૯ | ૩૧૭૧૨૭૭.૨૫ | ૫૧૩૦.૭૭૦૨૪૨ |
| ૧૯૯૭ | ૦.૫૯૭૨૫૦૭૬ | ૩૭૨.૭૫૬૮૩૫૯ | ૧.૭૦૧૫૧૧૬૨૧ | ૬૩૪.૨૫૦૦૮૮૩ | ૩૩૪૬૭૬૩ | ૫૨૭૬.૭૨૪૫૩૧ |
| ૧૯૯૮ | ૦.૫૮૫૬૫૩૫૪૩ | ૩૭૮.૧૬૨૪૭૫૬ | ૧.૭૧૭૮૨૬૮૪૩ | ૬૪૯.૬૧૭૬૫૧૭ | ૩૫૪૭૦૫૫ | ૫૪૬૦.૨૧૯૫૪૭ |
| ૧૯૯૯ | ૦.૫૭૭૧૭૨૪૫૮ | ૩૮૩.૫૯૧૦૬૪૫ | ૧.૭૩૨૩૮૪૮૦૧ | ૬૬૪.૫૨૭૩૨૯૮ | ૩૭૭૬૫૪૭.૭૫ | ૫૬૮૩.૦૫૮૫૯ |
| ૨૦૦૦ | ૦.૫૭૦૧૫૬૫૭૪ | ૩૯૧.૮૧૦૮૫૨૧ | ૧.૭૪૭૦૬૬૨૫૯ | ૬૮૪.૫૧૯૫૧૯૭ | ૩૯૮૯૬૩૨.૫ | ૫૮૨૮.૩૬૯૨૨૧ |
| ૨૦૦૧ | ૦.૫૫૮૭૬૯૮૨૨ | ૪૦૧.૦૪૯૧૩૩૩ | ૧.૭૬૩૮૮૬૬૯ | ૭૦૭.૪૦૫૨૨૮૩ | ૪૨૨૫૩૬૨.૫ | ૫૯૭૩.૦૪૩૯૨૩ |
| ૨૦૦૨ | ૦.૫૩૪૦૩૨૫૨૪ | ૪૧૦.૫૦૯૧૫૫૩ | ૧.૭૮૦૮૬૯૦૦૭ | ૭૩૧.૦૬૩૦૩૧૮ | ૪૪૮૧૭૬૩.૫ | ૬૧૩૦.૪૭૪૮૦૯ |
| ૨૦૦૩ | ૦.૫૨૬૩૧૭૪૭૭ | ૪૨૦.૧૨૪૦૨૩૪ | ૧.૭૯૮૦૧૪૮૭૯ | ૭૫૫.૩૮૯૨૪૫૩ | ૪૮૦૨૫૯૧ | ૬૩૫૭.૭૬૯૮૯૨ |
| ૨૦૦૪ | ૦.૪૯૧૮૨૮૦૮૪ | ૪૩૪.૦૮૫૫૪૦૮ | ૧.૮૧૫૩૨૫૭૩૭ | ૭૮૮.૦૦૬૬૫૪૨ | ૫૨૧૭૧૦૫.૫ | ૬૬૨૦.૬૩૬૩૫૧ |
| ૨૦૦૫ | ૦.૪૮૦૯૬૭૯૩૯ | ૪૩૯.૮૨૭૯૪૧૯ | ૧.૮૩૨૮૦૩૩૬૯ | ૮૦૬.૧૧૮૧૩૩૫ | ૫૭૨૫૯૯૭.૫ | ૭૧૦૩.૧૭૪૧૬૫ |
| ૨૦૦૬ | ૦.૪૬૪૫૫૧૪૪૯ | ૪૪૯.૯૭૪૮૨૩ | ૧.૮૫૧૭૬૫૫૧૩ | ૮૩૩.૨૪૭૮૫૯૧ | ૬૩૨૭૨૦૧.૫ | ૭૫૯૩.૪૨૦૬૫ |
| ૨૦૦૭ | ૦.૪૬૫૧૪૮૫૦૯ | ૪૬૦.૩૫૫૩૭૭૨ | ૧.૮૭૦૯૨૩૮૭૭ | ૮૬૧.૨૮૯૮૬૭ | ૭૦૪૪૫૩૦ | ૮૧૭૯.૦૪૬૬૪૮ |
| ૨૦૦૮ | ૦.૪૮૩૨૬૨૨૪૧ | ૪૬૭.૭૬૫૪૭૨૪ | ૧.૮૯૦૨૮૦૪૮૫ | ૮૮૪.૨૦૭૯૪૪૧ | ૭૭૭૦૨૮૨.૫ | ૮૭૮૭.૮૪૫૧૫૭ |
| ૨૦૦૯ | ૦.૪૮૮૫૯૨૮૦૩ | ૪૭૫.૩૦૯૧૪૩૧ | ૧.૯૦૯૮૩૭૩૬૫ | ૯૦૭.૭૬૩૧૬૧૪ | ૮૫૬૧૩૫૮ | ૯૪૩૧.૨૬૮૩૭૯ |
| ૨૦૧૦ | ૦.૪૮૫૯૩૭૪૭૬ | ૪૮૫.૧૭૩૫૮૪ | ૧.૯૨૯૫૯૬૫૪૩ | ૯૩૬.૧૮૯૨૭૦૬ | ૯૪૦૭૭૨૬ | ૧૦૦૪૮.૯૫૭૩ |
| ૨૦૧૧ | ૦.૪૮૫૯૩૭૪૭૬ | ૪૯૫.૭૪૯૨૩૭૧ | ૧.૯૨૯૫૯૬૫૪૩ | ૯૫૬.૫૯૬૦૧૪૨ | ૧૦૨૯૮૪૭૮ | ૧૦૭૬૫.૭૫૪૬૬ |


સ્રોતઃ લેખકની ગણતરીઓ (પેન વર્લ્ડ ટેબલ વર્ઝન ૮.૦માંથી પ્રાપ્ત ડેટા પર આધારિત, ફેનેસ્ટ્રા, રોબર્ટ સી, રોબર્ટ ઇન્લિયર અને માર્સલ પી. ટિમ્મર (૨૦૧૩), ''ધ નેક્સ્ટ જનરેશન ઓફ ધ પેન વર્લ્ડ ટેબલ.'')

**આકૃતિ-૧ : ભારતમાં વેપારી ઉદારતા અને કારક અસમાનતા**




સ્ત્રોતઃ પેન વર્લ્ડ ટેબલ વર્ઝનમાંથી ડેટા ૭.૧, ૮.૦

**આકૃતિ-૨ : નાણાકીય ઉદારતા અને અસમાનતા**




સ્રોતઃ આરબીઆઈ વાર્ષિક રિપોર્ટ્સ, પેન વર્લ્ડ ટેબલ્સ, વર્ઝન ૮.૦

**સંદર્ભ :**


Galor, O (2011). " Inequality, Human Capital Formation and the process of Development", NBER Working Papers 17058, National Bureau of Economic Research, inc. Accessed December 10, 2014.

Glyn, A. (2009). "Functional Distribution and Inequality", in W. Salverda, B. Nolan and T. M. Smeeding (eds.), The Oxford Handbook of Economic Inequality, pp. 101-126. Oxford: Oxford University Press.

India Human Development Survey (2010). Available at http://www.ihds.umd.edu/report.html. Accessed December 8, 2014

Inklaar, R. & M.P. Timmer (2013). "Capital, labor and TFP in PWT8.0", Available at http://www.rug.nl/research/ggdc/data/pwt/v80/capital_labor_and_tfp_in_pwt80.pdf. Accessed December 8, 2014.

UNDP (2013). Humanity Divided: Confronting Inequality in Developing Countries. New York: United Nations Development Program.



**સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરો છો ? તો 'યોજના' જરૂર વાંચો.**

# સ્વચ્છતાના પાઠ શીખવતી શાળા

• શિલ્પા વઘાસિયા •

બાળકની પ્રાથમિક કેળવણી શાળામાં શરૂ થાય છે. શારીરિક તેમજ બ્રાહ્ય સ્વચ્છતા કેવી રીતે રાખવી તેની કેળવણી આપવી તે પણ પ્રાથમિક શિક્ષણનો એક ભાગ છે. બાળકે પ્રાથમિક શિક્ષણ મેળવતી વખતે મેળવેલું જ્ઞાન, જાણકારી અને આદતો તેના જીવન પર્યન્ત રહે છે. આ થઈ પાયાની વાત. મૂળ વાત શાળામાં જ્ઞાન મેળવવા આવતાં બાળકોમાં સારી આદતો પણ પડે તેવું શાળામાં પર્યાવરણ હોવું જોઈએ. ગ્રામ્ય અને અમુક શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા સંકુલ ન હોવાને કારણે મજબૂરીથી ખુલ્લામાં પેશાબ અને મળત્યાગ કરવા જવાની આદત પડે છે. મજબૂરીને કારણે પડેલી આદતોને કારણે, બાળક મોટું થાય ત્યારે સ્વચ્છતા સંકુલની સગવડ મળતી હોવા છતાં આ આદતો બદલાતી નથી. તેને બદલે જો પહેલેથી જ બાળકને આવું સંકુલ ઉપલબ્ધ કરાવવામાં આવે તો તે જરૂર તેનો ઉપયોગ કરતાં શીખશે અને તેને સારી ટેવો પડશે.

બાળાઓ મોટી થઈને કિશોર અવસ્થામાં પહોંચે છે ત્યારે કિશોરીઓને શાળામાં સ્વચ્છતા સંકુલ ન હોવાના કારણે ખુલ્લામાં પેશાબ અને મળત્યાગ કરવા લાચારીથી અતિ સંકોચ સાથે જવું પડે છે. આ કારણે, કિશોરીઓ આ અવસ્થાએ શાળાએ જવાનું બંધ કરે છે. તેથી તેની કેળવણી અટકી જાય છે, જે એક ખૂબ જ ગંભીર બાબત છે. પ્રગતિશીલ દેશમાં કન્યા કેળવણી અટકી પડે તે ન પોસાય, તે પણ સાવ સામાન્ય છતાં અતિ મહત્ત્વના કારણે. જે સમાજમાં સ્ત્રીઓને કેળવણી પ્રાપ્ત થઈ નહીં હોય તે સમાજનું ઘડતર પણ અસંતુલિત હશે. બાળાઓ શાળાએ જવાનું બંધ ના કરે તે માટે શાળામાં શાળા સ્વચ્છતા સંકુલ હોવું જરૂરી છે.

આપણા દેશ અને રાજયોની સરકારોને આ પરિસ્થિતિ સારી રીતે સમજાણી છે અને તેથી જ આખા દેશમાં સ્વચ્છતા અંગે અભિયાન (સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન) શરૂ કર્યું છે. તે હાલમાં ચાલુ છે અને આ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન એટલે માત્ર મળ-મૂત્રનો કે કચરાનો નિકાલ જ નહિ, પરંતુ પીવાનું પાણી શુદ્ધ મળી રહે તેની કાળજી, શરીરની સ્વચ્છતા, ઘરની સ્વચ્છતા, મહોલ્લા કે શેરી અને ગામની સ્વચ્છતા તથા મળ-મૂત્ર અને અન્ય કચરાના નિકાલની વ્યવસ્થા.

સરકારના સ્વચ્છતા અભિયાનનું એક મહત્ત્વનું અંગ છે 'શાળા સ્વચ્છતા'. દરેક સરકારી શાળામાં આગામી વર્ષોમાં સ્વચ્છતા સુવિધાઓ ઊભી કરવા ભારત સરકાર સક્રિય રીતે પ્રયત્નશીલ છે. સરકાર યોગ્ય રીતે માને છે કે આજના બાળકોને જો નાનપણથી જ સ્વચ્છતાની ટેવો પાડવામાં આવે તો તેવી ટેવો જિંદગીભર સાથે રહે છે અને તેમના મારફતે આવી સારી ટેવો કુટુંબ તથા આખા સમાજમાં પ્રસરે છે. માટે દરેક બાળકને નાનપણથી જ સ્વચ્છતાની ટેવો વિકસે તેવા પ્રયત્નો સૌ મતા-પિતા-વાલીઓ અને શાળામાં શિક્ષકોએ પણ કરવા જોઈએ.

**સ્વચ્છ શાળા સંકુલની જાણવણી**

શાળા એટલે વિદ્યાની દેવી સરસ્વતીની આરાધનાનું સ્થાન, વિદ્યામંદિર. વિદ્યામંદિરમાંથી મળેલ શિક્ષણ અને સંસ્કારના પરિણામે વ્યક્તિની જીવનશૈલી ઘડાય છે. સ્વચ્છતા અને સ્વાસ્થ્યના પાઠો પણ આ વિદ્યામંદિરમાંથી શીખવા મળે છે સ્વચ્છતામાં પ્રભુનો વાસ છે, તે ઉક્તિનો અર્થ એમ પણ થઈ શકે કે વિદ્યામંદિર સમી શાળા તો સ્વચ્છ જ હોય. વિદ્યામંદિરમાં ગંદકી કે અસ્વચ્છતાનો વિચાર જ અસ્થાને છે.

દરેક વાલી કે વ્યક્તિ પણ શાળાના શિક્ષકો પાસેથી, પોતાના બાળકોની શાળા એટલે વિદ્યામંદિર સંપૂર્ણ સ્વચ્છ હોય તેવી અપેક્ષા રાખતા હોય છે, જે સ્વાભાવિક છે અને તેથી શાળાની સ્વચ્છતા માટેની શિક્ષકની જવાબદારી નૈતિક દૃષ્ટિએ ઘણી વધી જાય છે. શાળાની સ્વચ્છતા જળવાય તે માટે શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમજ ગ્રામજનોના સંયુક્ત પ્રયાસો અતિ આવશ્યક છે. સ્વચ્છતા અને સ્વાસ્થ્યપૂર્ણ શાળા સંકુલમાં નીચેની બાબતોની વ્યવસ્થાનો સમાવેશ થાય છે :

**૧. પીવાના પાણીની વ્યવસ્થા**

હવા, પાણી અને ખોરાક એ જીવનને

ટકાવી રાખવા માટેની પ્રાથમિક મૂળભૂત જરૂરિયાતો છે. આ ત્રણેયમાં પાણીનું મહત્ત્વ કંઈક અંશે વિશેષ છે. જળ એ જીવન છે. આપણા શરીરનો ૮૫ ટકા જેટલો હિસ્સો પાણીનો છે. આપણે તરસ છિપાવવા કે જીવનને ટકાવી રાખવા માટે પાણીનો ઉપયોગ કરીએ છીએ. કુદરતે આપણને પાણીનું સુખ કરી આપ્યું છે. વરસાદરૂપે કે જમીનમાંથી પ્રાપ્ત થતું પાણી એ કુદરતની મનુષ્યને અણમોલ ભેટ છે માટે પાણીના ઉપયોગ વિશે આપણે ખૂબ જ કાળજી રાખવી જોઈએ.

પાણીનું મહત્ત્વ, તેની સંગ્રહ કરવાની રીત તથા જાળવણી વગેરે બાબતો અંગે વિદ્યાર્થીઓને શાળામાંથી જ જ્ઞાન અને અનુભવ મળી રહે તેવું આયોજન શાળાના શિક્ષકોએ કરવું જોઈએ. “જે પાણી આપણને જીવાડે છે તે પાણીને પણ આપણે સાચવવું જોઈએ, બચાવવું જોઈએ જો આપણે પાણીને બચાવશું તો પાણી પણ આપણને બચાવશે.” તેવા વિચાર અને વલણ બાળકોમાં કેળવાય તો પાણીના વપરાશની સારી ટેવો બાળકોના વર્તનમાં કે જીવનશૈલીમાં આપોઆપ વણાઈ જશે.

**૨. પીવાના પાણીની જાળવણી અને ઉપયોગ**

- ઢાંકણ વગરના ખુલ્લા કૂવાઓ, ઝરણાં, તળાવો અને નદીઓ વગેરે જેવાં ખુલ્લાં સ્રોતોનું પાણી અસુરક્ષિત હોય છે, કારણ કે જાનવરો અને લોકો દ્વારા આ પાણી દૂષિત થવાનો ભય રહેલો છે. તેથી પીવા માટેનું પાણી હેન્ડપંપ, નળ કે ઢાંકણવાળા બંધ કૂવા જેવાં સુરક્ષિત જળસ્રોતોમાંથી જ લેવું જોઈએ.
- પાણી ભરતાં પહેલાં વાસણને અંદરની બાજુથી સારી રીતે સ્વચ્છ કરવું જોઈએ.
- શાળામાં પાણીને ભરીને લાવવામાં આવે ત્યારે પાણી ભરેલાં વાસણને ઢાંકવું જોઈએ અને ચોખ્ખા કાપડના ગળણાથી ગાળવું જોઈએ.
- પીવાના પાણીને ભરીને લાવવામાં આવે ત્યારે પાણી ભરેલા વાસણને ઢાંકવું જોઈએ અને ચોખ્ખા કાપડના ગળણાથી ગાળવું જોઈએ.
- પીવાના પાણીને ઘરરખ્ખું પાળેલાં પશુઓ કે બાળકો દૂષિત ન કરે તે માટે પાણી ભરેલા વાસણને જમીનથી ઊંચાઈ પરની કોઈ જગ્યા પર રાખવું જોઈએ.
- પાણી ભરેલા વાસણમાંથી પાણી બહાર કાઢવા માટે હંમેશાં ડોયાનો ઉપયોગ કરવો જોઈએ. પાણી પીવા માટે રાખેલા ગ્લાસને તેમાં બોળીને પાણી લેવું જોઈએ નહીં.
- નળ કે હાથપંપમાંથી પાણી પીવા માટે હાથનો ઉપયોગ કરતાં પહેલાં હાથ ધોઈ લેવાની સલાહ વિદ્યાર્થીઓને આપવી. પીવાના પાણીની આજુબાજુની જગ્યામાં ગંદકી ન કરવી તે પણ ધ્યાનમાં રાખવું.

**નકામા પાણીનો નિકાલ**

- બંધિયાર પાણીનું ખાબોચિયું ખરાબ દેખાય છે અને તેને લીધે પાણીની જગ્યાએ (નળ - હાથપંપ - કૂવો) પહોંચવામાં લોકોને મુશ્કેલી નડે છે.
- બંધિયાર પાણીમાં મચ્છર પેદા થાય છે અને મલેરિયા તથા હાથીપગો જેવા રોગો ફેલાય છે.
- નકામું ગંદું પાણી સપાટી પરના ગંદવાડામાંથી જંતુઓ તથા જીવાણુઓને સાથે લઈ જાય છે. તે જમીનમાં ઊંડે ઊતરી ભૂગર્ભ જળને પણ પ્રદૂષિણ કરે છે.
- નળ, હાથપંપ અથવા કૂવાની આસપાસ કોંક્રિટની પાળ અને ઓટલો બનાવો. તેમાંથી કોંક્રિટની એવી મોરી બનાવો કે જે પાણીની જગ્યાએથી નકામા પાણીને દૂર લઈ જાય અને આસપાસ ગંદકી કરે નહિ.
- શાળાના રસોડામાંથી નીકળતું નકામું પાણી પણ કૉંક્રિટની મોરી અથવા માટીની (કાચી) મોરીમાં થઈને વહી જવું જોઈએ.
- નકામા પાણીને તેના સ્રોતથી નીક વાટે દૂર લઈ જઈ બાગ-બગીચો બનાવવામાં ઉપયોગમાં લઈ શકાય.
- નકામા પાણીના નિકાલ માટે જરૂરિયાત પ્રમાણે શોષખાડો કે શોષ નાળી બનાવી શકાય.

**૩. કચરાનો નિકાલ**

- દરેક વર્ગના ઓરડામાં એક કચરાપેટી રાખો, કારણ કે ગંદી શાળા ખૂબ ખરાબ દેખાય છે. તેનાથી શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓની ખરાબ છાપ પડે છે. એટલા માટે જ શાળાને સદાય ચોખ્ખી અને વ્યવસ્થિત રાખો.
- ગંદવાડ પર માખીઓ, ઉંદર, વંદા અને બીજા જીવજંતુઓ ખેંચાઈ આવે છે. એ બધાં જ ચેપી રોગો ફેલાવે છે. સ્વચ્છતાના અભાવે માખી-મચ્છરને કારણે કોલેરા, કમળો, પ્લેગ કે ડેન્ગ્યુ જેવી જીવલેણ બીમારીઓ ફેલાય છે.

### કચરાનો નિકાલ કેવી રીતે કરી શકાય

- દરેક વર્ગના ઓરડામાં એક કચરાપેટી રાખો. આ કચરાપેટી મોંઘી હોવી જરૂરી નથી. પૂંઠાનું અથવા લાકડાનું ખાલી ખોખું પણ તે માટે વાપરી શકાય.
- શાળાના વાડામાં એક વધુ મોટો કચરાનો ડબ્બો રાખો. એ ડબ્બો ધાતુનો બનાવી શકાય, કે જેથી તે વધુ લાંબો વખત ચાલે. શાળાના મોટા બાળકો આ ડબ્બાને કચરામાંથી ખાતર બનાવવા માટેના કોમ્પોસ્ટ ખાડામાં ઠાલવી શકે.
- નકામાં કાગળિયાં, વૃક્ષોનાં પાંદડાં, કપડાના ટુકડા, બાકીનો કચરો, કચરા માટેનાં કોમ્પોસ્ટ ખાડામાં નાખી શકાય. તમારી શાળાના વાડામાં લગભગ ૧.૫ મીટર લાંબો, ૧ મીટર પહોળો અને ૦.૮ મીટર ઊંડો એક ખાડો ખોદો.
- શાળાના વિદ્યાર્થીઓની સંખ્યાને આધારે ખાડાને વધુ મોટો કે વધુ નાનો બનાવી શકો છો. અઠવાડિયે ઓછામાં ઓછું એક વખત, ખાડામાંના કચરાને લગભગ ૭૫ મીટર જાડો માટીનો થર કરીને ઢાંકી દો. આમ કરવાથી કચરામાંથી માખીઓ પેદા નહીં થાય અને તેમાંથી સેન્દ્રિય ખાતર બનશે.

### શાળા સંકુલમાં શા માટે શૌચાલય હોવું જોઈએ ?

- શૌચાલયનો ઉપયોગ એ સ્વચ્છતાનું પહેલું પગથિયું છે. શાળાના આંગણામાં કે તેની નજીક જાજરૂ કરતા વિદ્યાર્થીઓને અને લોકોને રોકે છે.
- માંદગી સામે બાળકનું રક્ષણ કરે છે. તંદુરસ્ત બાળકો શાળામાં વધારે સ્ફૂર્તિમાં રહે છે.
- વિદ્યાર્થીઓમાં તેમજ તેમનાં કુટુંબોમાં આરોગ્યરક્ષક સફાઈની આદતોને પ્રોત્સાહન આપે છે.
- શૌચાલયને લીધે વિદ્યાર્થીઓ ખાસ કરીને છોકરીઓને માટે જરૂરી ગુપ્તતા જળવાય છે અને ચોમાસામાં તથા શિયાળામાં વધુ સગવડ પણ રહે છે.
- શાળા સંકુલમાં શૌચાલય હોવાથી છોકરીઓના અધૂરા અભ્યાસે શાળા છોડી દેવાના દરને ઘટાડે છે.

### શાળા સંકુલમાં શૌચાલયની રોજબરોજની જાળવણી રાખવી અગત્યની છે, તે માટે :

- શાળા બંધ થતા સંકલુને તાળું મારી બંધ કરી દેવું અને તેનો જાહેર ઉપયોગ અટકાવવો. શાળાના સમયે સંકુલને ઉપયોગ માટે ખોલી નાખવું.
- પાણીની ટાંકી હંમેશાં ભરેલી રાખવી અને ઢાંકણથી ઢાંકી દેવી.
- ટાંકીનો નળ ચૂવે નહીં તેની કાળજી રાખવી તથા શૌચાલયમાં નળનું કનેક્શન આપવું. બે લિટરની બાલટી તથા એક ડોલચું રાખવાં.
- પેવિંગ પરની ધૂળ અને કચરો ઝાડુથી વાળીને દૂર કરવાં.
- શૌચાલયને રોજ-બરોજ સાબુ, પાવડરથી સાફ કરવા. અઠવાડિયે એક વાર દવાનો છંટકાવ કરવો.
- શૌચાલયમાં યોગ્ય પ્રકાશ અને હવાની આવ-જા રહે તે જોવું તથા મરમ્મતનું કામ તરત જ કરાવી લેવું.

### શાળા સંકુલમાં વિદ્યાર્થીઓનું કાર્ય

- વિદ્યાર્થીઓએ શાળામાં જળબંધ જાજરૂ તથા શૌચાલયનો ઉપયોગ કરવો. ખુલ્લામાં જાજરૂ ના કરવું. તમારી શાળાનું આંગણું હંમેશાં સ્વચ્છ રાખો.
- જાજરૂનો ઉપયોગ કર્યા પછી તેમાં ૧.૫ થી ૨ લિટરની ભરેલી બાલટીને એકદમ ઠાલવી દો.
- પાણીની ટાંકી ભરેલી રાખવામાં મદદ કરો કે જેથી તેમાં બધી વખત પૂરતું પાણી મળી રહે.
- જાજરૂનો યોગ્ય રીતે ઉપયોગ થાય તેમજ તેની બરાબર જાળવણી થાય તે માટેની ચોકસાઈ રાખવામાં શિક્ષકોને મદદ કરો.

### શાળા સંકુલમાં સ્વચ્છતા જાળવવા માટે સમૂહ સફાઈ કાર્ય

શાળા સંકુલમાં સ્વચ્છતા જાળવવા માટે વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડીને નીચેની કામગીરી સોપવી.

**સમૂહકાર્ય - ૧**

- દરરોજ પાણીનું વાસણ સાફ કરવું અને સુરક્ષિત જળસ્રોતમાંથી પીવાનું પાણી લાવીને, ગાળીને ભરવું.
- પીવાના પાણીની ટાંકીને દિવસમાં ઓછામાં ઓછું એક વખત સાફ કરવી અને ભરવી. (શાળામાં પાણીની ટાંકી હોય તો.)
- શૌચાલયની પાણીની ટાંકી સાફ કરવી અને પાણીથી ભરવી.

**સમૂહકાર્ય - ૨**

- શાળા પૂર્ણ થયા પહેલા દરરોજ શાળાના પરિસર (વિસ્તાર)માં છૂટક પડેલા કાગળના ટુકડા, સૂકાં પાંદડાં, કપડાના ટુકડા, પેન્સિલના છોલને એકત્ર કરીને કોમ્પોસ્ટ ખાડામાં નાખવા.

- જે કચરો ફરીથી ઉપયોગમાં આવે તેને અલગ કરવો.
- પથ્થરના ટુકડા, કાચના ટુકડા વગેરેને અલગ ખાડામાં નાખવા.
- જો શાળામાં કચરાનો ખાડો ન હોય તો કચરાથી ભરેલા ડબ્બાને શાળાના પરિસરની બહાર લઈ જઈને સામૂહિક કચરાઘરમાં નાખવો.
- કચરાના ખાડામાં કચરાને દર અઠવાડિયે માટીથી ઢાંકવો.

**સમૂહકાર્ય - ૩**

- બ્રશ અને સાબુના પાણીથી જાજરૂને દરરોજ સાફ કરવું.
- જાજરૂમાં રુકાવટ થાય તો શિક્ષકને જાણ કરવી.
- દરેક જાજરૂમાં બાલટી અને મગ બહાર રાખવાનું નક્કી કરવું.
- જો પાણીની ટાંકી ન હોય તો દિવસમાં બે વખત જાજરૂની બહાર રાખેલા ઘડા અથવા વાસણમાં પાણી ભરવું.
- સાબુનો ટુકડો તથા એક ટુવાલ હંમેશાં જાજરૂની બહાર રાખવા જોઈએ, જેથી વિદ્યાર્થીઓ જાજરૂ ગયા પછી સાબુથી ઘસીને પોતાના હાથ ધોઈ શકે તથા લૂછી શકે.

**સમહકાર્ય - ૪**

- જળસ્રોતની ચારે બાજુની ગટરો સાફ કરવી.
- શાળાના પરિસરમાં (વિસ્તાર) જ્યાં પાણી જમા થતું હોય, ત્યાં ઈંટ-પથ્થરના ટુકડા, રેતી તથા માટી ભરી દેવી કે જેથી ત્યાં પાણી ભરાઈ ન રહે.
- જળસ્રોતની ચારે બાજુના ચોતરાને સાફ કરવા.
- દરેક સમૂહને સોંપેલ કામગીરીની વારાફરતી અદલાબદલી કરવી જેથી દરેકને દરેક જાતની સફાઈનો અનુભવ મળે.

**શાળા સંકુલમાં શિક્ષકોની ભૂમિકા**

- બાળકોને જળબંધ જાજરૂનો ઉપયોગ કરવાના ફાયદા શીખવો.
- શાળાના બધા જ કર્મચારીઓ અને બાળકો જળબંધ જાજરૂનો ઉપયોગ કરે, તે અંગે ચોકસાઈ રાખો.
- જળબંધ જાજરૂની યોગ્ય સંભાળ રખાય તેની ચોકસાઈ રાખો. દરરોજ જાજરૂની તપાસ કરો અને તેમાં વાપરવા માટે કૂંડીમાં પૂરતું પાણી હોવાની ચોકસાઈ કરો.
- શાળામાં સ્વચ્છતા વિશે વિદ્યાર્થીઓને જાગ્રત કરવા તથા શાળામાં વિવિધ કાર્યક્રમો દ્વારા સ્વચ્છતાના પાઠ શીખવવા.
- વિદ્યાર્થીઓને શારીરિક સ્વચ્છતા ઉપરાંત બીજી અંગત સુઘડ અને સ્વચ્છ ટેવો કેળવવામાં મદદરૂપ બનવું.
- શિક્ષકોઓએ વિદ્યાર્થી સાથે શાળા સ્વચ્છતાના વિવિધ કાર્યોમાં સહભાગી બનવું.

**શાળા સ્વચ્છતા સંકુલના દેખાતા ફાયદા**

- શાળામાં શાળા સ્વચ્છતા સંકુલ હોય તો તેનાથી નીચે દર્શાવેલા ફાયદા જોવા મળે છે.
- શાળાનું સ્વચ્છતા સંકુલ શાળાની સ્વચ્છતા પ્રત્યેની જાગ્રતતાનું પ્રતીક છે.
- સ્વચ્છતા સંકુલથી બાળપણથી બાળકને યોગ્ય જગ્યાએ જાજરૂ કરવાની આદત પડે છે.
- યોગ્ય જગ્યાએ જાજરૂ કે મળત્યાગ થવાથી પર્યાવરણની સ્વચ્છતાનું રક્ષણ થાય છે. તેમાં બાળક ભાગીદાર થવાથી તેનો અનુભવ કરી શકે છે અને અવલોકન કરી શકે છે.
- બાળપણમાં પડેલી સારી આદતો મોટા થતાં જળવાઈ રહે છે.
- કિશોરીઓને કેળવણી છોડવી પડતી નથી. તેના ફળસ્વરૂપે દેશમાં કેળવણીનો સર્વાંગી વ્યાપ વધે છે.
- ખુલ્લામાં ગંદકી નહીં થવાથી બાળકો અને અન્ય લોકોનું આરોગ્ય જળવાશે. સ્વચ્છતાથી સુંદરતા વધશે.
- જાહેર સ્વચ્છતા સાચવણીનો ખર્ચ ઘટી જશે અને તેને લગતું કામ કરતાં માણસો ઘટાડી શકાશે અને વિકાસના કામો તરફ તેઓને વાળી શકાશે. આમ, તેમનું તથા દેશનું ગૌરવ વધશે.

**ઉપસહાર**

કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલ 'સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન' આ માટેનો પહેલો આયોજનબદ્ધ પ્રયાસ છે, જેની અંતર્ગત કેન્દ્ર સરકાર રાજ્ય સરકારોને ગ્રામ્ય વિસ્તારોમાં ઘર અને શાળામાં શૌચાલય બનાવવા માટે ૭૫ ટકા સુધીનું આર્થિક અનુદાન આપે છે. ૨૦૦૦માં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા નક્કી કરાયેલા સહસ્રાબ્દિ વિકાસના લક્ષ્યાંકોમાં સ્વચ્છતા પણ એક અગત્યનો મુદ્દો છે. આમ, ૧૯૯૦ને પાયાનું વર્ષ ગણીને ૨૦૧૬ સુધીમાં આ સમસ્યા ઉકેલવામાં આવે. આવો, આપણે સૌ સ્વચ્છતાની ક્રાંતિમાં સહભાગી બનીએ.

**લેખકશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી. કરે છે.**

# પ્રવાસી ભારતીય દિવસ

• યોગેશ પંડ્યા •

વિદેશોમાં વસતા ભારતીય સમુદાયના ભારતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાનની નોંધ લેવા દર વર્ષે ૯મી જાન્યુઆરીએ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ ૯મી જાન્યુઆરીએ એટલા માટે ઉજવવામાં આવે છે કે, મહાન પ્રવાસી એવા મહાત્મા ગાંધી ૧૯૧૫ની ૯મી જાન્યુઆરીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા ફર્યા હતા અને ભારતીયોના જીવનમાં કાયમી પરિવર્તન સમાન સ્વતંત્રતાની લડાઇનું નેતૃત્વ કર્યું હતું.

પ્રવાસી ભારતીય દિવસનો સમારોહ વર્ષ ૨૦૦૩થી દર વર્ષે યોજવામાં આવે છે. જેમાં વિદેશમાં વસતા ભારતીય સમુદાયના લોકોને સરકાર અને તેમના પૂર્વજોની ભૂમિના લોકો સાથે સાંકળવાનો મંચ પૂરો પાડવામાં આવે છે.

પ્રવાસી ભારતીય દિવસ સમારોહ વિશ્વના જુદા જુદા ભાગોમાં રહેતા ભારતીય સમુદાયના લોકોને એક બીજાની નજીક લાવવા અને વિવિધ ક્ષેત્રે તેમના અનુભવોની એક બીજા સાથે આપ લે કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ભારતના વિકાસમાં ઉલ્લેખનીય યોગદાન આપનારા મહાનુભાવોનું આ સમારોહમાં પ્રતિષ્ઠિત પ્રવાસી ભારતીય સન્માન એવોર્ડથી સન્માન કરવામાં આવે છે. એ જ રીતે તેમાં પ્રવાસી ભારતીયોને સ્પર્શતી મુખ્ય સમસ્યાઓ ઉપર પણ ચર્ચા થાય છે.

વિદેશી ભારતીયોની બાબતોનું મંત્રાલય (મિનિસ્ટ્રીઝ ઓફ ઓવરસીઝ ઈન્ડીયન અફેર્સ) આ પ્રવાસી ભારતીય દિવસ માટે સંકલનકર્તા મંત્રાલય છે. વર્ષ ૨૦૦૪માં સ્થપાયેલા બિનનિવાસી ભારતીયોની બાબતોના મંત્રાલયનું નામ ત્યાર બાદ – વિદેશી ભારતીયોની બાબતોનું મંત્રાલય કરવામાં આવ્યું હતું.

એક બીજાને સાંકળીને વિકાસના ધ્યેય સાથે કામ કરતાં આ મંત્રાલય વિદેશમાં વસતા ભારતીય મૂળના લોકોને માતૃભૂમિ સાથે જોડવાનું સુંદર કાર્ય કરે છે. સેવા કાર્ય તરીકે કાર્ય કરતાં આ મંત્રાલય દ્વારા ભારતીય મૂળની વ્યક્તિઓ (પી.આઇ.ઓ.) અને બિન નિવાસી ભારતીયો (એન.આર.આઇ.)ને લગતી તમામ બાબતોમાં માહિતી પૂરી પાડવી, ભાગીદારી સર્જવી અને સુવિધાઓ પૂરી પાડવાનું કાર્ય કરવામાં આવે છે. વિદેશી ભારતી બાબતોના મંત્રાલય દ્વારા જે કેટલીક ખાસ સેવાઓ પૂરી પાડવામાં આવે છે તેમાં વિદેશમાં વસતા ભારતીય મૂળના લોકોને સ્પર્શતી સેવાઓ, નાણાકીય સેવાઓ, પાસપોર્ટ અને વિઝા બાબતોની સેવાઓ અને વ્યવસ્થાપનની સેવાઓનો સમાવેશ થાય છે. એશિયામાંથી બહાર વસતી વસાહતોમાંથી ભારતીય મૂળના લોકો સૌથી મોટી ડાયસ્પોરા છે. આ મંત્રાલય વિદેશમાં વસતા ભારતીય મૂળના લોકોને એકબીજા સાથે સાંકળીને એક વિશાળ નેટવર્ક બનાવવા કાર્યરત છે.

આગામી ૭ થી ૯ જાન્યુઆરી દરમિયાન ત્રણ દિવસ માટે ગુજરાતના પાટનગર ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાનાર પ્રાવસી ભારતીય દિવસમાં આ વખતે ગુજરાત "પાર્ટનર સ્ટેટ" એટલે કે ભાગીદાર રાજ્ય બનેલું છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને લોહ પુરુષ સરદાર પટેલ સહિત અનેક સંતો મહંતો અને મહાપુરુષોની ભૂમિ એવા ગુજરાત માટે વિદેશમાં વસતા ભારતીય મૂળના લોકોને સત્કારવાનો આ સોનેરી અવસર છે. ઉત્તરમાં રણ વિસ્તાર અને પશ્ચિમમાં લાંબા સમુદ્ર કિનારા સાથે પહાડો અને જંગલોથી સમૃદ્ધ એવું ગુજરાત છેલ્લા એક દાયકામાં તેમાં અભૂતપૂર્વ આર્થિક વિકાસથી પણ વિશ્વભરમાં જાણીતુ બન્યું છે. ગુજરાતના આ વિકાસમાં રાજ્યના વ્યાપાર અને ઉદ્યોગ સાહસિક એવા ગુજરાતીઓની સાથે મોટી સંખ્યામાં વિદેશોમાં રહેતા બિનનિવાસી ગુજરાતીઓ અને ગુજરાતી મૂળના લોકોનો પણ અભૂતપૂર્વ ફાળો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનનાં પ્રવાસી ભારતીય દિવસનું ગુજરાતમાં પ્રથમ વખત આયોજન થઇ રહ્યું છે ત્યારે મહેમાનગતિ માણવા માટે વિશ્વ પ્રસિદ્ધ ગુજરાતીઓ વિદેશમાં વસતા ભારતીય મૂળના લોકોના સ્વાગત અને સત્કારમાં કોઇ કચાશ નહીં રાખે તે

નિશ્ચિત છે. રાજ્યમાં પ્રવાસી ભારતીય દિવસના આયોજનની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવાઈ છે. અને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં સામેલ થનારા મહેમાનો અને મહાનુભાવો ત્યાર બાદ ૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી ૭મી વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકારોની પરિષદમાં પણ ઉપસ્થિત રહે તેવા ગુજરાત સરકારના પ્રયાસો છે. રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખર્જી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકારોની પરિષદમાં પણ ઉપસ્થિત રહેવાના છે ત્યારે વિદેશમાં વસતા ભારતીય મૂળના લોકો દ્વારા ગુજરાતમાં મૂડી રોકાણના તમામ વિક્રમો તૂટી જાય તેવી શક્યતા છે.

ગુજરાતમાં સૌ પ્રથમ વખત યોજાઇ રહેલા ૧૩માં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીમાં યુવાનો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવનાર છે. ૭મી જાન્યુઆરીએ મહાત્મા મંદિરમાં યુવાઓ ઉપર કેન્દ્રિત ભારત કો જાનો એ વિશે એક ખાસ સત્રનું આયોજન કરાયું છે જ્યારે એ જ દિવસે ભોજન પછીના સત્રમાં આધુનિક ભારતના વિકાસ ઉપર કેન્દ્રિત ભારત કો માનો નામનું ખાસ સત્ર રખાયું છે. યુવાઓની નજરે ૨૧મી સદીના પરિપ્રેક્ષ્યમાં ગાંધીના વિચારો એ વિશે પણ એક વિશેષ સત્ર યોજાશે.

૮મી જાન્યુઆરીએ અનેક મહત્વપૂર્ણ કાર્યક્રમોની સાથે વિશેષ સિદ્ધિ પ્રાપ્ત ભારતીય મૂળના લોકો સાથે રાજકીય નેતાઓનું ખાસ સત્ર યોજવામાં આવ્યું છે.

૮મી જાન્યુઆરીએ રોકાણકારોને આકર્ષવા વિવિધ સત્રમાં ભારતીય મૂળના લોકો, ભારતીય પ્રવાસ ક્ષેત્ર તેમજ અખાતના દેશોમાં રોજગાર અને શ્રમિકોના પ્રશ્નો વિશે ખાસ કાર્યક્રમો યોજાશે. ટૂંકમાં ૧૩માં પ્રવાસી ભારતીય દિવસ વિદેશમાં વસતા ભારતીય મૂળના લોકોની સાથે ગુજરાત માટે પણ એક યાદગાર પ્રસંગ બની રહેશે જેનાથી વિશ્વ પ્રવાસી ગણાતા ગુજરાતીઓને વિશ્વ સાથે જોડાણ સ્થાપવાનો એક નવો મંચ પ્રાપ્ત થશે.

**પ્રવાસી ભારતીય દિવસના ગુજરાતમાં આયોજનથી બિન નિવાસી ગુજરાતીઓમાં ઉત્સાહનો માહોલ**

વિદેશમાં વસતા ભારતીય લોકો માટેનો સૌથી મોટો ઉત્સવ કે પ્રસંગ એટલે દર વર્ષે જાન્યુઆરી મહિનામાં યોજાતો પ્રવાસી ભારતીય દિવસ અને હવે જ્યારે પ્રવાસી ભારતીય દિવસ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સીધા માર્ગદર્શનમાં ગુજરાતના આંગણે યોજાઈ રહ્યો છે ત્યારે વિદેશમાં વસતા બિનનિવાસી ગુજરાતીઓને બમણી ખુશી હોય તે સ્વાભાવિક છે.

આગામી સાતથી નવ જાન્યુઆરી દરમિયાન પ્રવાસી ભારતીય દિવસનું આયોજન ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે થનાર છે ત્યારે નોન રેસીડેન્ટ ગુજરાતી ફાઉન્ડેશન દ્વારા અપાતાં બિન નિવાસી ગુજરાતી કાર્ડની નોંધણીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

પ્રવાસી ભારતીય દિવસને અનુલક્ષીને બિન નિવાસી ગુજરાતીઓને અપાતા એન.આર.જી. કાર્ડની સંખ્યા ૧૩ હજારે પહોંચી ગઈ છે જ્યારે પ્રવાસી ભારતીય દિવસ સુધીમાં તે ૨૦ હજારને ઓળંગી જાય તેવી શક્યતા છે. એન.આર.જી. કાર્ડ એ વિદેશીમાં વસતાં ગુજરાતીઓને તેમની માતૃભાષા સાથે જોડતી એક ખાસ ઓળખ છે અને છેલ્લા થોડા વર્ષોથી વધુ ને વધુ લોકો એન.આર.જી. કાર્ડ માટે નોંધણી કરાવી રહ્યા છે.

એન.આર.જી. કાર્ડ ધરાવતા બિન ભારતીય ગુજરાતીઓને તેમના વતન ગુજરાતની મુલાકાત સમયે કેટલાક વિશેષ લાભો પણ મળે છે. જેમાં પ્રતિષ્ઠિત હોટેલ, કપડાની દુકાનો, જ્વેલરી શોપ વગેરેમાં ડિસ્કાઉન્ટ અપાય છે.

નોન-રેસીડેન્ટ ગુજરાતી ફાઉન્ડેશન દ્વારા સ્થપાયેલા એન.આર.જી. કેન્દ્રમાં આવા બિન નિવાસી ગુજરાતીઓને પ્રવાસન, આવાસ, વ્યાપાર તેમજ વિદેશી હૂંડીયામણ સહિતની સેવાઓ માટે માર્ગદર્શન અપાય છે.

**(લેખકશ્રી આકાશવાણી અમદાવાદમાં સમાચાર વિભાગમાં સંવાદદાતા છે.)**


**યોજના વાંચો યોજના વંચાવો યોજના વસાવો**

# ગાંધીજીના મતે - ગ્રામવાદ એટલે જ વિકાસ

• ડૉ. બાદરભાઈ વાય. કુરેશી •

**રા**ષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ૧૯૫૧માં સમગ્ર હિન્દુસ્તાનનું પરિભ્રમણ કરીને આપણા દેશના પ્રશ્નો ઉકેલવા માટે બહુ જ ઉપયોગી અને પૂર્ણતઃ પરિણામલક્ષી વિચારો રજૂ કરેલ. તેઓશ્રીએ જે સમયે આ વિચારો રજૂ કર્યા તેના કરતાં આજે તે વિચારો વધારે પ્રસ્તુત છે, કારણ કે હાલમાં આર્થિક - સામાજિક સમસ્યાઓનો વ્યાપ અને ગંભીરતા વધેલા જોવા મળે છે. એટલું જ નહીં, પણ બીજા ઘણા જ નવા-નવા પ્રશ્નો વધી રહ્યા છે. લોકોની સહનશક્તિને એક ચોક્કસ મર્યાદા હોય છે. આ મર્યાદા આવી પહોંચી હોય તેમ જણાય છે. આથી આ અંગે ત્વરિત નિર્ણયો લઇને આયોજન કરી તેનો શીઘ્ર અમલ જરૂરી છે.

મહાત્મા ગાંધીજીએ રજૂ કરેલા આર્થિક વિચારો આજે પણ પ્રસ્તુત છે તેમ આપણા દેશના જ નહિ પણ વિશ્વના નામાંકિત અર્થશાસ્ત્રીઓ, દાર્શનિકો તથા શાસનકર્તાઓ પણ માને છે. અમેરિકાના અમુખ બરાક ઓબામા ગાંધીજીના વિચારોમાં શ્રદ્ધા ધરાવે છે. તેઓએ મંદીનો મુકાબલો કરવા માટે આઉટસોર્સિંગ સામે પગલાઓ લીધા તે મૂળભૂત રીતે ગાંધીજીના સ્વદેશીના વિચારો જ છે. આફ્રિકાના નેલ્સન મંડેલા પણ ગાંધીજીના વિચારોમાં ખૂબ આસ્થા ધરાવતા હતા. વિશ્વના ખ્યાતનામ અર્થશાસ્ત્રી અને ભારત ખાતેના રાજદૂત તરીકે કેટલાંક વર્ષ કામ કરનાર પ્રો. જે. કે. ગેલબ્રેથે જણાવેલ કે, કૃષિ અને ગ્રામીણ વિકાસ ભારતના સર્વાંગીણ વિકાસની ગુરુચાવી (Master Key) છે. Asian Dramaના લેખક અને વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી ગુન્નાગ મીર્ડાલે જણાવેલ કે, ગાંધીજીના આર્થિક વિચારો દ્વારા માત્ર ભારત જ નહીં પણ એશિયાખંડના મોટા ભાગના બધા દેશોના પ્રશ્નો ઉકેલી શકાય.

સવિશેષ રીતે ભારતમાં મહાત્મા ગાંધીજીના વિચારો જ સૌથી વધુ પ્રસ્તુત છે. ભારત એક વિશાળ અને વિવિધતા સભર દેશ હોવા છતાં તમામ પ્રદેશોમાં સારી ખેતપેદાશોનું ઉત્પાદન થઈ શકે એમ છે. આજે પણ ભારત ગ્રામીણ અને ખેતીપ્રધાન દેશ છે તેથી તેના વિકાસ વિના દેશનો વિકાસ શક્ય નથી. દેશમાં વસ્તી વધારે હોવાથી શ્રમ સુલભ છે. જ્યારે મૂડીની અછત છે. દેશના લોકોમાં આવી કોઠાસૂઝ, કૌશલ્ય નિપુણતાના કારણે બધા જ પ્રકારની ઉચ્ચતમ પેદાશો વિદેશીઓ કરતાં સસ્તી અને શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતી બનાવી શકે છે.

દેશમાં ગરીબી નાબૂદી માટે મહાત્માજીએ ગ્રામોદ્યોગ અને ગ્રામ-વિકાસની વાત કરી હતી. તેઓએ જ્યાં જે જરૂરત છે ત્યાં નાના પાયા પર ઉત્પાદન થવું જોઈએ તેમ જણાવ્યું હતું, પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે ઉદ્યોગવાદ એ લૂંટવાદ સાબિત થશે. અત્યારે આપણે જે ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના ઉદ્યોગવાદ તરફ આગળ વધી રહ્યા છીએ તેનાં માઠાં પરિણામ ઉપસી રહ્યાં છે અને ઘણાં વર્ષો અગાઉ કરેલ કથન સત્ય સાબિત થઈ રહેલ છે. આ અંગે મહાત્મા ગાંધીજીએ જે વાત કરેલ તે જોઈએ, - 'ગામડાનું નવસર્જન' પુસ્તિકામાં ગાંધીજીના કથન અને વિચારોથી સમજાય છે કે - ''ઉદ્યોગવાદ માનવજાતિને શાપરૂપ નીવડવાનો છે. આપણે ગામડાઓને સ્વાવલંબી, સ્વયંસંપૂર્ણ બનાવવામાં બધી શક્તિ વાપરવાની છે અને મોટે ભાગે જે ચીજો વાપરવાની હોય તે જ બનાવવાની છે. ગ્રામોદ્યોગોનું આ રૂપ જળવાઈ રહે તો ગ્રામવાસીઓ પોતે જરૂરી વસ્તુઓ બનાવી વાપરી શકે તેવાં આધુનિક યંત્રો અને ઓજારો વાપરે તેમાં કશો વાંધો નથી... ઈશ્વર હિન્દુસ્તાનને યંત્રયુગથી અને સંસારને યંત્રમય હિન્દુસ્તાનથી બચાવે. વ્યક્તિની મહેનત બચાવે અને કરોડો ઝૂંપડાવાસી ગામડિયાઓનો બોજો હલકો કરે તેવા સાદા હથિયાર અને સાધનને જરૂર હું વધાવી લઉં. મારો ઝઘડો યંત્રોની ઘેલછા સામે છે યંત્રો સામે નથી. મારે સમય અને પરિશ્રમનો બચાવ કરવો છે પણ તે ખોબા જેટલા માણસોને માટે નહીં પરંતુ સમસ્ત માવજાતિ માટે.''

આ રીતે પૂ. ગાંધીજીએ યંત્રવાદ આધારિત ઉદ્યોગવાદનો વિરોધ કર્યો હતો. તેઓએ ઉત્પાદન અંગે જણાવેલ કે,

જગતમાં જે કાંઈ ઉત્પાતો થઈ રહ્યા છે તે માટે માલ બનાવવાની ઘેલછાને લીધે જ છે. જે માલ જ્યાં જોઈએ ત્યાં જ બને તો સટ્ટાનો કોઈ અવકાશ જ ન રહે. અર્થવ્યવસ્થાનો આધાર કંપની કે કારખાનું નહીં પણ કુટુંબ હોવું જોઈએ. અગાઉ જ્યારે ભારતના પ્રાચીન ગ્રામોદ્યોગો વિશ્વવિખ્યાત હતા ત્યારે તે કુટુંબ આધારિત હતા. ઉત્પાદનનાં સાધનો ઉત્પાદકો પાસે જ હોવા જોઈએ. આ અંગે મહાત્માજી જણાવે છે કે, મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતના ઉત્પાદનના તમામ સાધનો આમ પ્રજાને હાથવગા હોવા જોઈએ, તો જ લોકો સુખથી રહી શકે અને તેમનું શોષણ ન થાય. આ રીતે તેઓ પોષણવાળી પણ શોષણ વિનાની ઉત્પાદન વ્યવસ્થાની હિમાયત કરે છે, પરંતુ અત્યારની ઔદ્યોગિક અને આર્થિક વ્યવસ્થા શોષણવાળી છે.

ગાંધીજીએ સ્વદેશીની હિમાયત કરતાં જણાવેલ કે, જગતમાં ચાલતી તમામ આર્થિક અંધાધૂધી સ્વદેશીના ભંગમાંથી જ જન્મે છે. તેઓએ રોજગારી સામે અને વ્યક્તિ સ્વમાન અને સંતોષથી રહી શકે તેવા ગૃહઉદ્યોગો અને કામગીરીની વાત કરેલ ખાદી તેનું પ્રતીક છે.

તેઓ વધુમાં જણાવે છે કે હિન્દુસ્તાનનાં દુઃખો દૂર કરવા માટે ખાદી કરતાં બીજું કોઈ કામયાબ સાધન નથી. જો આપણે કરોડોની કંગાલિયતનો નાશ કરવા માગતા હોય તો ચરખા સિવાય બીજી કોઈ વસ્તુથી એ બની શકે એમ નથી. ચરખો હિન્દુસ્તાનના ગરીબોનો પ્રાણ છે. કદીક મેં એને સુદર્શન ચક્ર કહ્યો, કદીક કામધેનુ કહ્યો છે. મારા બધા અનુભવોથી કહી શકું છું કે, ચરખા કામધેનુ છે.

ગાંધીજી અહિંસામાં ભારે આસ્થા ધરાવતા. તેઓએ અહિંસાને ગ્રામીણ શોષણમુક્ત વ્યવસ્થા સાથે સાંકળેલ, અત્યારે દેશમાં અને વિશ્વમાં હિંસાને સીધી રીતે શોષણ અને અન્યાય સાથે સંબંધ છે. તેઓ જણાવે છે કે, તમે અહિંસાની રચના મિલોની/કારખાઓની સંસ્કૃતિ પર કરી શકવાના નથી એમાં તો શોષણ અને હિંસા વિકસવાના જ છે.

ગામડાંને અનુકૂળ એવા રેંટિયા કે ચરખામાં મોટા ખાસ કોઈ રોકાણ વિના કાયમી રોજગારી મળે ત્યારે કરજ લેવા સરકાર કે ધનિકો પાસે શું કામ જવું પડે ? આ અંગે જણાવેલ કે, જો જનતા એ સમજી જાય તો પછી રેંટિયાની પ્રવૃત્તિ માટે એક કોડી પણ ખર્ચવાની નથી, તો પછી સલ્તનત તરફથી નીકળનારા ફરમાનોથી ડરવાનું કોઈ કારણ નથી તેમજ ધનિકોનાં મોઢાં તાકી રહેવાની પણ જરૂર નથી. આપણે પોતે જ કેન્દ્રો બની જઈશું અને લોકો દોડતા-દોડતા આપણી પાસે આવશે, કામ શોધવા માટે પણ એમને બીજે નહીં જવું પડે. આમ, બેરોજગારીનો પ્રશ્ન પણ હલ થઈ શકશે.

**ઉપસંહાર**

આમ, ગાંધીજીના ગ્રામવિકાસ સંબંધી વિચારો આજે પણ પ્રસ્તુત છે. ઉદ્યોગવાદ અને યંત્રવાદના કારણે શહેરી વ્યવસ્થાનાં અનિષ્ટો સર્જાયાં છે ત્યારે ત્વરિત રીતે ગૌ-ગ્રામવાદ અને ગ્રામોદ્યોગ આધારિત નિર્મળ આર્થિક વ્યવસ્થાનું સંસ્થાપન થવું જ જોઈએ. આ બાબતોને ધ્યાનમાં રાખીને જ આપણે ''ગ્રામ રાજ્ય દ્વારા રામ રાજ્ય''નું વૈકલ્પિક મોડેલ રજૂ કરેલ છે તેના અમલથી ગરીબી, બેકારી, અસમાનતા, શોષણ, ભૂખમરો, કુપોષણ વગેરે અનેક પ્રશ્નો જડમૂળથી નાબૂદ થશે, થશે અને થશે જ.

**સંદર્ભ સાહિત્ય :**


૧. ભારતીય ગ્રામ અર્થતંત્ર : વિકાસના પરિપેક્ષ્યમાં, લે દિલીપ આર. શાહ, વર્ષ : ૧૯૮૮, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦ ૦૦૬

૨. સામુદાયિક વિકાસ અને કૃષિ વિસ્તરણ, લે : બાબુભાઈ અવરાણી, વર્ષ : ૧૯૭૮, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦ ૦૦૬

૩. ભારતમાં ગ્રમીણ વિકાસનાં સામાજિક પાસાં, લે. એ.જી. શાહ, જે.કે. દવે, વર્ષ. ૧૯૯૮-૯૯, અનડા પ્રકાશન અમદાવાદ

૪. ગ્રામ સ્વરાજ, સંપાદન : વનમાળા દેસાઈ, વર્ષ : ૧૯૬૯, નવજીવન પ્રકાશન, અમદાવાદ.

૫. ગામડાનું નવસર્જન, લે. વિમળા શાહ, વર્ષ : ૧૯૯૧, અનડા પ્રકાશન, અમદાવાદ

૬. ગુજરાત સમાચાર તા. ૧૪/૦૧/ ૨૦૧૩ પેઈજ નં. ૦૮, લેખ : અર્થકારણની આરપાર, લેખક : મેહેશ વી જોશી.



**લેખક મ. દે. ગ્રામસેવા મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ - રાંધેજામાં અધ્યાપક છે.**

# ટકાઉ વિકાસ અને પર્યાવરણ ઈન્ડેક્ષ

• હિમાંશુ સી. વ્યાસ •

**પ્રસ્તાવના :**

આર્થિક વિકાસ એક બહુપરિમાણીય પ્રક્રિયા છે. કોઈ પણ દેશના વિકાસનો આધાર તેની ભૌતિક સંપત્તિ, માનવ સંપત્તિ અને કુદરતી-સાધનસંપત્તિના ઈષ્ટતમ અને કરકસરભર્યા ઉપયોગ ઉપર છે. આમ, પર્યાવરણ અને વિકાસ એ પરસ્પર સંબંધિત બાબતો છે. વિકાસશીલ દેશોએ પણ આર્થિક વિકાસ કે પ્રગતિ માટે પર્યાવરણની અવગણના ન કરવી જોઈએ. વિકસિત દેશોએ આજે જે વિકાસ પ્રાપ્ત કર્યો છે તે ભૂતકાળમાં પર્યાવરણની જાળવણીનું ધ્યાન રાખ્યા વિના તેમજ આડેધડ પ્રકૃતિનો વિનાશ નોંતરીને હાંસલ કર્યો છે. જેના પરિણામે આખુંય વિશ્વ આજે પર્યાવરણીય સમસ્યાઓ અને પ્રદૂષણની વિપરીત અસરો ભોગવી રહ્યું છે. આર્થિક વિકાસ અને પર્યાવરણની જાળવણી એ બંને હેતુ એક સાથે સિદ્ધ કરવાની લાલસાએ ટકાઉ વિકાસના ખ્યાલને જન્મ આપ્યો.

ટકાઉ વિકાસ શબ્દનો સૌપ્રથમ ઉપયોગ ઈ.સ. ૧૯૭૦માં પર્યાવરણ અને વિકાસ પર કોકોયોક (Cocoyoc)ની ઘોષણા સમયે થયો. ત્યારથી જ પર્યાવરણ સંરક્ષકો માટે ટકાઉ વિકાસ એક મહત્ત્વનો મુદ્દો બન્યો. ટકાઉ વિકાસની વિધિવત્ ચર્ચા સ્ટોકહૉમ (૧૯૭૨)માં થઈ ત્યાર બાદ વિશ્વ સંરક્ષણ યોજના (૧૯૮૦), સંયુક્ત પર્યાવરણ કાર્યક્રમ, વિશ્વવન્ય સંસાધન, પર્યાવરણ અને વિકાસ આયોગનો રિપોર્ટ, ધી વર્લ્ડ કમિશન ઑન એન્વાયર્નમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ (૧૯૮૭), રીયો પૃથ્વી સંમેલન (૧૯૯૨) વગેરે જેવી અનેક પર્યાવરણ સંબંધિત ચર્ચાઓમાં ટકાઉ વિકાસને મહત્ત્વનો ખ્યાલ તેમજ આજના સમયની અનિવાર્ય બાબત તરીકે સ્વીકારવામાં આવી.

**★ ટકાઉ વિકાસનો ખ્યાલ :**

- પર્યાવરણ અને વિકાસના સંદર્ભમાં વિશ્વ આયોગે તેના રિપોર્ટમાં જણાવ્યું કે, **''નિરંતર વિકાસ એ એવો ખ્યાલ છે કે જેમાં ભવિષ્યની પેઢીની જરૂરિયાતોનો ખ્યાલ રાખી તેને જોખમમાં મૂક્યા વગર વર્તમાન જરૂરિયાતોને સંતોષી શકાય તે પ્રમાણેના વિકાસને મહત્ત્વ આપવું.''** ટૂંકમાં અહીં જ નિરંતર વિકાસનો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો તે જ ટકાઉ વિકાસ છે.
- યુનેસ્કોની ટકાઉ વિકાસની વ્યાખ્યા પ્રમાણે ''પ્રત્યેક પેઢી પૃથ્વી પર આવી ત્યારે જળ, વાયુ અને જમીન સંસાધનોની જે પરિસ્થિતિ હતી, તે સ્થિતિમાં પૃથ્વીને શુદ્ધ અને પ્રદૂષણ મુક્ત છોડી જવી.''

આમ, ટકાઉ વિકાસ એટલે ભાવિ પેઢીની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતાને નુકસાન પહોંચાડ્યા વગર. વર્તમાન પેઢીની જરૂરિયાતો સંતોષવી.

પિયર્સ અને વૉરફૉર્ડ નામના અર્થશાસ્ત્રીએ ટકાઉ વિકાસનો ખ્યાલ સમજાવવા નીચેનું સૂત્ર આપ્યું છે :

NNP = GNP - Dm - Dn

જ્યાં, NNP → જાળવી શકાય તેવી ચોખ્ખી રાષ્ટ્રીય આવકની સપાટી.

GNP → કુલ રાષ્ટ્રીય આવક

Dm → ભૌતિક સંપત્તિનો ઘસારો

Dn → કુદરતી સંપત્તિનો ઘસારો

આમ, આર્થિક વિકાસ અને પર્યાવરણ બંને પક્ષે યોગ્ય સંતુલન જાળવી તથા એકસૂત્રતા સ્થાપી બંને વિરોધી લક્ષણોના ગેરલાભો ટાળવા તથા ફાયદા પ્રાપ્ત કરવાની નીતિનો ખ્યાલ ટકાઉ વિકાસમાં સમાયેલો છે.

**★ ટકાઉ વિકાસના નિર્દેશકો :**

ટકાઉ વિકાસ માટે મુખ્યત્વે નીચેના નિર્દેશકો નક્કી કરાયા છે :

(૧) એક જ વખત ઉપયોગમાં લઈ શકાય તેવા કુદરતી સાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ થાય તેવી ટૅક્નોલૉજીનો વિકાસની પ્રક્રિયામાં ઉપયોગ કરવો જોઈએ. આ સંસાધનોની વપરાશ કરતી વખતે માત્ર વર્તમાન પ્રજાની જરૂરિયાતોને બદલે, ભવિષ્યની પ્રજાની જરૂરિયાતોને પણ ધ્યાનમાં રાખવી જોઈએ. આની આડ-પેદાશોનો ઉપયોગ કરવાની ક્ષમતા પણ વિકસાવવી જોઈએ. એટલું જ નહીં તેના વિકલ્પો અંગે પણ સંશોધનો કરવા જોઈએ, જેથી લાંબાગાળે તેની અછતથી વિકાસ ના અવરોધાય.

(૨) જે કુદરતી સાધનો પુનઃ ઉપયોગમાં લઈ શકાય તેવા હોય દા.ત., જળ, જંગલ વગેરેની લાંબા સમય સુધી જાળવણી થાય તેવા પગલાં લેવા જોઈએ. વિકાસની પ્રક્રિયા દરમિયાન જંગલોનું પ્રમાણ ઘટતું હોય ત્યારે સામે પર્યાવરણીય સમતુલા જાળવવા વૃક્ષારોપણને પ્રોત્સાહિત કરવું જોઈએ.

(૩) વિકાસની પ્રક્રિયામાં સાધનોની કરકસરપૂર્વક અને ઈષ્ટતમ ઉપયોગ થાય તેવી ટેક્નોલોજી વિકસાવવી જોઈએ. જે સાધનો એક કરતાં વધુ વખત ઉપયોગમાં લઈ શકાય તેમ હોય તેનો સર્વાંગી ઉપયોગ કરવો જોઈએ. દા.ત., સિંચાઈ માટે બહુહેતુક નદીની ખીણ યોજના અમલમાં મૂકવી, જેથી સિંચાઈ, વીજળીનું ઉત્પાદન, પૂર નિયંત્રણ, જળવ્યવહાર વગેરે અનેક હેતુ સિદ્ધ થઈ શકે.

(૪) વિકાસની પ્રક્રિયા માટે સાધનોનો આયોજિત ઉપયોગ થવો જોઈએ. જળ સંપત્તિનો ઉપયોગ કરતી વખતે એવી સિંચાઈ પદ્ધતિ વાપરવી કે જેથી પાણીનો ઈષ્ટતમ અને કરકસરપૂર્વક ઉપયોગ થઈ શકે. આજ રીતે વરસાદી પાણી ચોમાસામાં બિનજરૂરી દરિયામાં વહી જતું રોકવા ખેતતલાવડી જેવી યોજના અમલમાં મૂકવી જોઈએ.

(૫) કોઈ પણ દેશમાં લાંબાગાળાના ટકાઉ વિકાસ માટે વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર અને વીજળી જેવી પાયાની સેવાઓ સુલભ્ય બનાવવી જોઈએ.

(૬) ટકાઉ વિકાસમાં માનવ કલ્યાણ ખૂબ જ અગત્યનું પાસું છે. વિકાસની પ્રક્રિયા દરમિયાન પર્યાવરણને થતા નુકસાનથી સામાન્ય પ્રજા પાણી, હવાના પ્રદૂષણથી થતાં રોગચાળાનો ભોગ ના થાય તેની કાળજી રાખવી જોઈએ. કુદરતી સાધનોનો ઉપયોગ થાય તેની સાથે સામાન્ય માનવીને નીરોગી અને સ્વાસ્થ્યપૂર્વકના જીવન જીવવાના અધિકારને કોઈ નુકસાન ના થાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ. દા.ત., કેમિકલ્સના ઉત્પાદનમાં હવા અને જળ દૂષિત થાય તો તેના શુદ્ધિકરણની યોજનાના અમલ અંગે સજાગતા રાખવી જોઈએ.

(૭) વિકાસ અને પર્યાવરણ વચ્ચે સમતુલા જળવાય તેની ખાસ કાળજી રાખવી. વિકાસ માટેની ટેક્નિક નક્કી કરતી વખતે પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન થાય તે ધ્યાનમાં રાખવું. પર્યાવરણ, માનવી અને વિકાસને હટાવી એકબીજાથી ભિન્ન ગણી ચાલી શકાય નહીં.

**★ પર્યાવરણ સૂચકઆંક :**

પર્યાવરણ અને માનવ વચ્ચેનો સંબંધ અતૂટ છે. વસ્તીમાં ઉત્તરોત્તર થતી વૃદ્ધિને પરિણામે પર્યાવરણને લગતી અનેક સમસ્યાઓ વધી રહી છે. વર્તમાન સમયમાં આ સમસ્યાને નિવારવા યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો ભવિષ્યમાં વિપરીત પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે. આથી પર્યાવરણને લગતી સમસ્યાઓના સંદર્ભમાં વિશ્વકક્ષાએ કેટલાંક પગલાં લેવામાં આવ્યા છે, જેમાં પર્યાવરણ પ્રદર્શન સૂચકઆંક મુખ્ય છે. યેલ વિશ્વવિદ્યાલય દ્વારા ૨૫ જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ પર્યાવરણ પ્રદર્શન સૂચકઆંક (ENVIRONMENTAL PERFORMANCE INDEX – EPI) જાહેર કરવામાં આવ્યું. EPIમાં નિર્ધારિત કરેલ વિવિધ માપદંડો દ્વારા રાષ્ટ્રોને રેન્ક આપવામાં આવે છે. EPIમાં કુલ ૯ માપદંડો અંગે માહિતી મેળવવામાં આવી અને તેના આધારે રાષ્ટ્રોને રેન્ક આપવામાં આવ્યું હતું.

**★ EPIમાં નિર્ધારિત કરેલ માપદંડ :**

૧. સ્વાસ્થ્ય
૨. વાયુ પ્રદૂષણ
૩. પાણી અને સ્વચ્છતા
૪. જલ સંસાધન
૫. કૃષિ
૬. વન
૭. મત્સ્ય ક્ષેત્ર
૮. જૈવ વિવિધતા અને પ્રાકૃતિક આવાસ
૯. જલવાયુ અને ઊર્જા

EPI રિપોર્ટ પ્રમાણે પર્યાવરણ સંરક્ષણ માટે યોગ્ય ઉપાય અને યોગ્ય રોકાણ કરવામાં આવે તો સકારાત્મક પરિણામ મેળવી શકાય. જો યોગ્ય સંરક્ષણ નહીં કરવામાં આવે તો પર્યાવરણને નુકસાન થશે. EPI રિપોર્ટ – ૨૦૧૪ તૈયાર કરવામાં વિશ્વ આર્થિક મંચ (World Economic Forum – WEF), યેલ અને કોલંબિયા વિશ્વવિદ્યાલય (Yale and Columbia University)ના સંશોધનકર્તાઓનો સહયોગ લેવામાં આવ્યો હતો.

EPI રિપોર્ટ અનુસાર ૧૭૮ દેશોમાં ભારતનું સ્થાન ૧૫૫મું છે. EPI રિપોર્ટ ૨૦૧૪ પ્રમાણે વિશ્વમાં સૌથી વધારે વાયુની ખરાબ ગુણવત્તા ભારતમાં જોવા

મળેલ છે. રિપોર્ટના મુખ્ય લેખક અને યેલ વિશ્વવિદ્યાલયના પર્યાવરણીય કાનૂન નીતિ નિર્દેશક **"માંજેલ સૂ"** પ્રમાણે ભારત, ચીન, બ્રાઝિલ, રશિયા, દક્ષિણ આફ્રિકા વિશ્વના ઉભરતા અર્થતંત્ર છે. પરંતુ પર્યાવરણના સંરક્ષણની બાબતમાં ભારત અન્ય વિકાસશીલ રાષ્ટ્રોની સરખામણીએ ઘણો દૂર છે. વિશ્વનો સૌથી બીજી મોટી વસ્તી ધરાવતા દેશ ભારત માટે પ્રતિ વ્યક્તિ ઘરેલુ ઉત્પાદન ઓછું હોવાથી પર્યાવરણ સંરક્ષણ માટે ઘણા મોટા પડકારો રહેલ છે. EPI રિપોર્ટ - ૨૦૧૪માં સ્વિટ્ઝરલેન્ડનું પ્રથમ સ્થાન છે. જયારે લકજમવર્ગ, ઑસ્ટ્રેલિયા, સિંગાપોર અને ચેક ગણરાજ્ય શેષ પાંચ દેશોમાં સામેલ છે. જયારે અંતિમ પાંચ દેશો સોમાલિયા, માલી, હૈતી, લેસોથો અને અફઘાનિસ્તાનમાં નાગરિક અશાંતિ અને રાજકીય સ્થિરતા ન હોવાથી તેની વિપરીત અસર પર્યાવરણ સંરક્ષણના કામ પર પડી રહેલ છે, જે EPI - ૨૦૧૪ના પ્રદર્શનમાં જોઈ શકાય છે.

★ **EPI - ૨૦૧૪માં નિર્ધારીત કરેલ માપદંડોમાં ભારતે પ્રાપ્ત કરેલ ગુણ (૧૦૦માંથી)**

| **Name of Indicator**<br>**માપદંડનું નામ** | **Score**<br>**ગુણ**<br>**(૧૦૦ માંથી)** | **Rank**<br>**રેન્ક**<br>**(૧૭૮માંથી)** |
|---|---|---|
| Health Impacts<br>સ્વાસ્થ્યગત અસર | ૫૦.૦૪ | ૧૨૭ |
| Air Quality<br>વાયુ પ્રદૂષણ | ૨૩.૨૪ | ૧૭૪ |
| Water and Sanitation<br>પાણી અને સ્વચ્છતા | ૨૬.૨૮ | ૧૨૪ |
| Water Resources<br>જલ સંસાધન | ૧૦.૪૯ | ૮૭ |
| Agriculture<br>ખેતી | ૫૮.૪ | ૧૧૭ |
| Forests<br>વન | ૩૫.૦૭ | ૫૭ |
| Fisheries<br>મત્સ્ય ક્ષેત્ર | ૨૨.૬૪ | ૬૭ |
| Biodiversity and Habitat<br>જૈવ વિવિધતા અને પ્રાકૃતિક આવાસ | ૩૯.૧૮ | ૧૨૫ |
| Climate and Energy<br>જલવાયુ અને ઊર્જા | ૩૫.૨૪ | ૧૦૪ |

EPI - ૨૦૧૪ના રિપોર્ટ પ્રમાણે ભારતનું પ્રદર્શન વધારે ખરાબ રહેલ છે. જયારે વન, મત્સ્યપાલન અને જલ સંસાધન ક્ષેત્રમાં ભારતનું પ્રદર્શન સંતોષકારક રહ્યું છે. પણ પર્યાવરણના નુકસાનના કારણે માનવ સ્વાસ્થ્ય સંરક્ષણના ક્ષેત્રમાં ભારતની પ્રગતિ વિશેષરૂપે ખરાબ રહેલ છે.

★ **EPI – રિપોર્ટ ૨૦૧૪ પ્રમાણે વિવિધ દેશોનો રેન્ક :**

| Rank/રેન્ક | Country/દેશ | Score/ગુણ |
|---|---|---|
| ૧ | સ્વિટ્ઝરલેન્ડ | ૮૭.૬૭ |
| ૨ | લકજમબર્ગ | ૮૩.૨૯ |
| ૩ | ઓસ્ટ્રેલિયા | ૮૨.૪૦ |
| ૪ | સિંગાપોર | ૮૧.૭૮ |
| ૫ | ચેક ગણરાજ્ય | ૮૧.૪૭ |
| ૬ | જર્મની | ૮૦.૪૭ |
| ૧૦ | નોર્વે | ૭૮.૦૪ |
| ૨૨ | ઈટાલી | ૭૪.૩૬ |
| ૨૪ | કેનેડા | ૭૩.૧૪ |
| ૨૬ | જાપાન | ૭૨.૩૫ |
| ૭૨ | દક્ષિણ આફ્રિકા | ૫૩.૫૧ |
| ૭૩ | રશિયા | ૫૩.૪૫ |
| ૭૭ | બ્રાઝિલ | ૫૨.૯૭ |
| ૧૧૮ | ચીન | ૪૩.૦૦ |
| ૧૩૯ | નેપાળ | ૩૭.૦૦ |
| ૧૪૮ | પાકિસ્તાન | ૩૪.૫૮ |
| ૧૪૯ | ઈરાક | ૩૩.૩૯ |
| ૧૫૫ | ભારત | ૩૧.૨૩ |
| ૧૭૪ | અફઘાનિસ્તાન | ૨૧.૫૭ |
| ૧૭૫ | લેસાંથો | ૨૦.૮૧ |
| ૧૭૬ | હૈતી | ૧૯.૦૧ |
| ૧૭૭ | માલી | ૧૮.૪૩ |
| ૧૭૮ | સોમાલિયા | ૧૫.૪૭ |

★ **EPI - રિપોર્ટ ૨૦૧૪ પ્રમાણે સૌથી વધારે વાયુ પ્રદૂષિત શહેરો :**

૧. દિલ્હી, ભારત

૨. બેઈજિંગ, ચીન

૩. કૈરો(કાહિર), મિસ્ર

૪. સેંટિયાગો, ચિલી

૫. મેક્સિકો, મેક્સિકો

EPI - રિપોર્ટ ૨૦૧૪ પ્રમાણે દેશની રાજધાની દિલ્હી વિશ્વના સૌથી પ્રદૂષિત શહેર તરીકે જાહેર કરવામાં આવી, તેણે પ્રદૂષિત શહેરની યાદીમાં ચીનની રાજધાની બેઈજિંગને પાછળ રાખેલ છે. વાયુ પ્રદૂષણ મુખ્યત્વે ગાડીઓ અને કારખાના દ્વારા છોડવામાં આવતા ધુમાડાથી થાય છે. પ્રદૂષણના કારણે છેલ્લા થોડા સમયથી દિલ્હીમાં ધુમ્મસનું પ્રમાણ વધેલ છે. દિલ્હીમાં શ્વાસ સંબંધી બીમારીઓની સંખ્યામાં પણ વધારો થયેલ છે. જ્યારે થોડા વર્ષ પહેલા બેઈજિંગમાં શ્વાસ સંબંધી બીમારીઓની સંખ્યામાં વધારો થયો હતો, જેના બાદ સરકારે પર્યાવરણ સંરક્ષણમાં યોગ્ય પગલાં લીધેલાં અને બીમારીની સંખ્યામાં ઘટાડો નોંધાયેલ હતો. જેના પરિણામે બેઈજિંગમાં વાયુ પ્રદૂષણનું સ્તર નીચું આવ્યું. જેથી દિલ્હી વિશ્વનું પ્રથમ નંબરનું પ્રદૂષિત શહેર બની ગયું.

★ **સંદર્ભસૂચિ :**


- Bhattacharya, R. N. (2001), Environmental Economics.
- Dawra, Sudhir (2001), Environmental Economics.
- Jhingan, M. L. (2007), Environmental Economics Theory, Management and Policy.
- Joshi, M. V. (2006), Theory and Approaches of Environmental Economics.
- Shastri, V. (1998), Environmental Economics.
- Vijaya, S. (2001), Green Marketing
- એ.એસ. પટેલ અને અન્ય (૨૦૧૪), વૃદ્ધિ અને વિકાસનું અર્થશાસ્ત્ર.
- પંકજ આઈ. મિસ્ત્રી અને અન્ય (૨૦૧૧), પર્યાવરણ શિક્ષણ.


★ **Websites and Data Sources :**


- en.wikipedia.org
- epi.yale.edu



**(લેખકશ્રી જે.જી. કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં વિઝિટિંગ લેક્ચરર છે.)**

# આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તન વચ્ચેનો સંબંધ

● ડૉ. રજનીકાંત પરસાણિયા ●

**આ**ર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તન એક સિક્કાની બન્ને બાજુ સમાન છે. આર્થિક વિકાસની પ્રક્રિયા જેમ જેમ આગળ વધે તેમ તેમ સામાજિક પરિવર્તન થતું રહે છે, અને તેના આધારે આર્થિક વિકાસના માપદંડો પણ બદલાતા રહે છે. આર્થિક વિકાસને માપવા માટે પહેલા રાષ્ટ્રીય આવકને ધ્યાનમાં લેવામાં આવતી હતી. પછી માથાદીઠ આવકનો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો. ત્યાર બાદ જીવનધોરણનો ખ્યાલ આવ્યો હવે, માનવવિકાસ આંક ઉપરાંત અન્ય આંક જેવા કે, IHDI (અસમાનતા સમાયોજિત માનવ વિકાસ સૂચક આંક) GII (જાતિ અસમાનતા સૂચક આંક), MPI (બહુ આયામી ગરીબી સૂચક આંક), SPI (સામાજિક પ્રગતિ સૂચક આંક), વૈશ્વિક હરીફાઈ આંક, ભ્રષ્ટાચાર આંક, આર્થિક સ્વતંત્રતા સૂચક આંક વગેરેને આધારે કોઈ પણ દેશના આર્થિક વિકાસને માપવામાં આવે છે.

આર્થિક વિકાસના સિદ્ધાંત અનુસાર આર્થિક વિકાસની પ્રક્રિયામાં શરૂઆતમાં પ્રદૂષણ વધે છે. ત્યાર બાદ અમુક સ્ટેજ પછી લોકોની સદ્ધરતા વધતાં પ્રદૂષણ ઘટે તેવી ઇકો ફ્રેન્ડલી સિસ્ટમની માંગ વધે છે. જે આર્થિક વિકાસ સાથે સામાજિક પરિવર્તન દર્શાવે છે. ઉપરાંત આર્થિક વિકાસ એ અનેક ક્ષેત્રના વિકાસનું સંયુક્ત પરિણામ હોવાથી તે આર્થિક, સામાજિક આંતરમાળખાનો વિકાસ પણ દર્શાવે છે. અને આંતરમાળખાકીય વિકાસ એ આર્થિક ઉપરાંત સામાજિક પરિવર્તન સૂચવે છે.

**આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તન**

આર્થિક વિકાસને અસર કરતાં કેટલાક પરિબળોમાં પરિવર્તન કે વિકાસ થવાથી સામાજિક ક્ષેત્રે પરિવર્તન લાવે છે, જે પરિબળોને નીચે મુજબ દર્શાવવામાં આવ્યાં છે :

**(૧) ગરીબી**

ગરીબીને મુખ્યત્વે બે રીતે માપવામાં આવે છે : (૧) સાપેક્ષ ગરીબી, (૨) નિરપેક્ષ ગરીબી, જેમાં મુખ્યત્વે ગરીબીનો ખ્યાલ નિરપેક્ષ ગરીબીને ધ્યાનમાં રાખીને દર્શાવવામાં આવે છે. જેના આધારે ભારતમાં ૨૦૧૨માં ગરીબીરેખા નીચે જીવતા લોકોનું પ્રમાણ ૨૧.૯૨ ટકા હતું. ગુજરાતમાં તે પ્રમાણ ૧૬.૬૩ ટકા જોવા મળેલ છે. આ ગરીબીનું માપન આધુનિક સમયમાં ખોરાકમાંથી મળતા કેલેરીના આધારે કરવામાં આવે છે, જેથી દરેક લોકોને પૂરતા પ્રમાણમાં પૌષ્ટિક ખોરાક મળી રહેશે. ત્યારે ગરીબી રેખા ઉપર લાવી શકાશે. પછી તેની માંગમાં પરિવર્તન થતાં સામાજિક ક્ષેત્રે પરિવર્તન આવશે.

**(૨) બેકારી**

ભારતમાં ૨૦૧૩ના વર્ષમાં બેકારીનો દર ૮.૮ ટકા હતો. જેમાં જેટલો ઘટાડો થશે તેટલા પ્રમાણમાં આર્થિક વિકાસને ગતિ મળશે. જે સામાજિક પરિવર્તન લાવશે. ભારતમાં સૌથી વધારે યુવા ધન હોવાથી વર્તમાન સમયમાં શૈક્ષણિક બેકારીનો પ્રશ્ન ગંભીર બનતો જાય છે. જેમ જેમ લોકોમાં રોજગારીનું પ્રમાણ વધતું જશે તેમ તેમ તેનું જીવનધોરણ ઊંચું આવશે.

**(૩) શિક્ષણ**

૨૧મી સદી એ ટૅક્નોલૉજી અને જ્ઞાનની સદી છે. જેમાં શિક્ષણ એ મૂળભૂત ખ્યાલ છે. ભારતમાં ૭૪ ટકા લોકો શિક્ષિત છે અને શિક્ષણનું પ્રમાણ જેમ જેમ વધશે તેમ તેમ લોકોની માનસિક વિચારોથી માંડીને સામાજિક ખ્યાલોમાં પરિવર્તન આવતું જાય છે.

**(૪) આરોગ્ય**

દેશમાં જેમ જેમ આરોગ્યની સુવિધા વધશે તેમ તેમ લોકોની આયુષ્ય મર્યાદા વધતી જશે. ઉપરાંત બાળ મૃત્યુદર, માતા મૃત્યુદર વગેરે ઘટશે. વસ્તી નિયંત્રણ થશે. લોકોનું આરોગ્ય પાછળનું ખર્ચ ઘટશે.

**(૫) કૃષિ વિકાસ**

ભારતમાં હજુ પણ ૫૮ ટકા લોકો કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલા છે. કૃષિક્ષેત્રે આધુનિકતા એ કૃષિ-ઉત્પાદન અને ઉત્પાદકતા બન્ને પર અસર કરે છે. જેના પરિણામે કૃષિક્ષેત્રે સંકળાયેલા લોકોનું જીવનધોરણ પણ ઊંચું આવે છે. પરંતુ આપણે હજુ ૪ ટકાનો કૃષિ વિકાસનો લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકતાં નથી. કૃષિ વિકાસદર જેટલો ઊંચો લઈ જઈ શકાશે

તેટલો લોકોની સદ્ધરતામાં વધારો કરી શકાશે.

**(૬) ઔદ્યોગિક વિકાસ**

ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ એ લોકોની ભૌતિક સુખ-સગવડતામાં વધારો કરે છે. ભૌતિક સુખ-સગવડતા એ કામને સરળ બનાવે છે. તેમજ લોકોને આનંદદાયક જીવન જીવવા માટેના સાધનો પૂરાં પાડે છે. જેથી જેમ ઔદ્યોગિક વિકાસ થશે તેમ લોકોની કામગીરીમાં પરિવર્તન આવે છે.

**(૭) સેવા ક્ષેત્રનો વિકાસ**

કૃષિક્ષેત્ર અને ઔદ્યોગિક ક્ષેત્રે થતો વિકાસ એ સેવાક્ષેત્રની માંગ ઊભી કરે છે. સેવાક્ષેત્રના વિકાસથી લોકોની પાયાની સુવિધામાં વધારો થાય છે. પરિણામે લોકોની કલ્યાણલક્ષી બાબતોમાં વધારો થાય છે.

**આર્થિક વિકાસના વિવિધ આંકના આધારે સામાજિક પરિવર્તન**

આધુનિક સમયમાં આર્થિક વિકાસને માપવા માટે વિવિધ પ્રકારના સૂચક આંક તૈયાર કરવામાં આવે છે. આ સૂચક આંકમાં પરિવર્તન થતું રહે છે અને તેમાં સામાજિક બાબતોનો સમાવેશ થતો જાય છે. જે આર્થિક વિકાસને માપવાના વિવિધ આંકના આધારે જોઈ શકાય છે.

**(૧) માનવવિકાસ આંક**

જેમાં સ્વાસ્થ્ય તથા દીર્ઘ જીવન (વ્યક્તિના સંભવિત આયુષ્ય મુજબ), શિક્ષણ (પ્રૌઢ સાક્ષરતા તથા કુલ ભરતી થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ), તથા જીવન ધોરણ (ખરીદશક્તિ તથા આવક મુજબ)ને ધ્યાનમાં લેવામાં આવે છે. જેના આધારે દેશના આર્થિક વિકાસને માપવામાં આવે છે. માનવ વિકાસ આંકમાં ૨૦૧૪માં ભારતનું સ્થાન ૧૮૭ દેશોમાં ૧૩૫મું છે. આંક મૂલ્ય ૦.૫૮૬ છે. જેમ આ આંકનું મૂલ્ય ઊંચું આવશે તેમ આર્થિક વિકાસ અને સામાજિક વિકાસ થશે.

**(૨) અસમાનતા સમાયોજિત માનવ-વિકાસ સૂચક આંક (IHDI)**

અસમાનતા સમાયોજિત માનવ-વિકાસ સૂચક આંક (Inequality Adjusted HDI)નું પ્રકાશન વર્ષ ૨૦૧૦ના HDI રિપોર્ટ સાથે કરવામાં આવ્યું છે. આ આંકમાં HDIના ત્રણેય આયામોનું સમાયોજન કરીને સંતુલિત ચિત્રણ રજૂ કરે છે. IHDIને વાસ્તવિક માનવવિકાસ સૂચક આંક માનવામાં આવે છે. અસમાનતાના કારણે સંપુષ્ટ માનવવિકાસના ઘટાડાને HDI તથા IHDIના તફાવતના રૂપમાં રજૂ કરવામાં આવે છે. જે ટકાના રૂપમાં દર્શાવવામાં આવે છે. ભારત IHDIમાં ૯૩મા ક્રમે છે. તથા તેનું મૂલ્ય ૦.૩૯૨ છે. વર્ષ ૨૦૧૪માં ભારતનું HDI મૂલ્ય ૦.૫૮૬ છે. અસમાનતા મૂલ્યોમાં સમાયોજિત કરતા ભારતના HDI મૂલ્યમાં ઘટાડો થાય છે.

**(૩) જાતિ (લિંગ) અસમાનતા સૂચક આંક (GII)**

જાતિ અસમાનતા સૂચક આંક (Gender Inequality Index) મુખ્યત્વે ત્રણ આયામો સ્વાસ્થ્ય, સશક્તિકરણ અને આર્થિક ગતિવિધિઓમાં જાતિ આધારિત અસમાનતાને પ્રદર્શિત કરે છે. જેમાં સ્વાસ્થ્યનું માપ માતા મૃત્યુદર તથા વયસ્ક પ્રજનન દરના આધાર પર સશક્તિકરણનું માપ સંસદીય તથા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણના આધાર પર તેમજ આર્થિક ગતિવિધિઓનું માપ શ્રમ બજારમાં સહભાગીદારીના આધારે કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ના સૂચક આંકમાં ભારતનું મૂલ્ય ૦.૬૧ છે. તથા ૧૪૮ દેશોમાં તે ૧૩૨મા ક્રમે છે.

**(૪) બહુ આયામી ગરીબી સૂચક આંક (MPI)**

માનવ વિકાસ રિપોર્ટની સાથે બહુ આયામી ગરીબી સૂચક આંક (Multidimensional Poverty Index-MPI) જાહેર કરવાની પ્રથા વર્ષ ૨૦૧૦ થી શરૂ કરવામાં આવી છે. MPIનું આંકડાકીય વિશ્લેષણ UNDP અને OPHI (Oxford Poverty & Human Development Initiative) દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવે છે. આ સૂચક આંકમાં માત્ર આવક નહીં પરંતુ સ્વાસ્થ્ય સુવિધાઓ, રહેઠાણની ઉપલબ્ધતા, ખોરાક-પાણીની ઉપલબ્ધતા, મૂળભૂત સુવિધાઓ, શિક્ષણની ઉપલબ્ધતા, ઘરેલુ સામાન, ઈંધણની સુલભતા વગેરે ધ્યાનમાં લેવામાં આવે છે. આ સૂચક આંક મુજબ ભારતની ૫૩.૭ ટકા વસ્તી બહુ આયામી ગરીબીથી નીચે છે.

**(૫) આર્થિક સ્વતંત્રતા સૂચકાંક**

અમેરિકાના હેરિટેઝ ફાઉન્ડેશન દ્વારા વૉલ સ્ટ્રીટ જર્નલના સહયોગથી જાહેર કરવામાં આવેલ આર્થિક સૂચકાંક (Index of Economic Freedom)માં ૧૮૬ દેશોની યાદીમાં ભારતને ૧૦૨મું સ્થાન આપવામાં આવ્યું છે. ૦ થી ૧૦૦ આંક વાળા આ સૂચકાંકમાં ભારતની આર્થિક સ્વતંત્રતા સૂચકાંક ૫૫.૭ આંકવામાં આવી છે. આ યાદીમાં ભારતને એવો દેશ બતાવવામાં આવ્યો છે કે જે વ્યાપાર માટે સ્વતંત્ર દેશ નથી.

### (૬) વૈશ્વિક હરીફાઈની યાદી

WEF (વિશ્વ આર્થિક મંચ) જિનિવા દ્વારા ૩ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ વૈશ્વિક હરીફાઈ યાદી ૨૦૧૪-૧૫માં ૧૪૪ દેશોમાં ભારતનું સ્થાન ૭૧મું હતું. જે ૨૦૧૩-૧૪માં ૬૦મું સ્થાન હતું. જેનાથી આ વર્ષ ૧૧ સ્થાન નીચું ગયું. ભારત આ શ્રેણીમાં બજારના આકારમાં ત્રીજા સ્થાને રહ્યું હતું. બુનિયાદી આવશ્યકતામાં ૯૨મા સ્થાને, ક્ષમતા વૃદ્ધિમાં ૬૧મા સ્થાને, નવા વિચારો અને જટિલ કારણોમાં ૬૧મા સ્થાન પર હતું. વૈશ્વિક હરીફાઈ રિપોર્ટ વર્ષ ૧૯૭૯થી શરૂ થયેલ, જેમાં ૧૨ બાબતોનો સમાવેશ થાય છે. જેવી કે, (૧) સંસ્થાન (૨) બુનિયાદી માળખું (૩) વ્યાપક આર્થિક વાતાવરણ (૪) આરોગ્ય અને પ્રાથમિક શિક્ષણ (૫) ઉચ્ચ શિક્ષણ અને પ્રશિક્ષણ (૬) વસ્તુ બજાર ક્ષમતા (૭) શ્રમ બજાર ક્ષમતા (૮) નાણાં બજારનો વિકાસ (મૂડીબજાર સહિત) (૯) ટેક્નિકલ તત્પરતા (૧૦) બજારનું સ્વરૂપ (આકાર) (૧૧) વ્યાપાર જટિલતા (૧૨) નવા વિચારોનો સમાવેશ થાય છે.

### (૭) સામાજિક પ્રગતિ સૂચક આંક (SPI)

આ આંકની શરૂઆત ૨૦૧૩માં થઈ છે. ભારત સામાજિક પ્રગતિ સૂચકાંકમાં ૧૩૨ દેશોમાં ૧૦૨મા સ્થાન પર છે. SPIનું સમગ્ર આંક મૂલ્ય ૫૦.૨૪ છે. આ આંકમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

- આધારભૂત (મૂળભૂત) માનવીય આવશ્યકતા આંકમાં ૫૪.૪૮ આંક સાથે ૧૦૦મું સ્થાન છે. જેમાં પોષણ અને આરોગ્ય, જળ અને સ્વચ્છતા, આશ્રય, વ્યક્તિગત સુરક્ષા વગેરેને ધ્યાનમાં લેવામાં આવે છે.
- કલ્યાણનો મૂલાધાર આંકમાં ૫૬.૮૪ આંક સાથે ૧૦૮મું સ્થાન છે. જેમાં આધારભૂત જ્ઞાન સુધી પહોંચવું, સૂચના અને સંચાર સુધી પહોંચવું, સ્વાસ્થ્ય અને કલ્યાણ, પારિસ્થિતીક તંત્ર, સાધારણીયતા વગેરેનો સમાવેશ થાય છે.
- અવસર આંકમાં ૩૯.૩૯ આંક સાથે ૧૦૯મું સ્થાન, જેમાં વ્યક્તિગત અધિકાર, વ્યક્તિગત સ્વતંત્રતા અને પસંદગી, સહિષ્ણુતા, ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચવું વગેરેનો સમાવેશ થાય છે.

### (૮) ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્સ-૨૦૧૨

દુનિયામાં સતત નવું થતું રહે છે. નવા રચનાત્મક વિચારોથી નવી વસ્તુઓ તૈયાર થાય. રચનાત્મકતા વગર કોઈ પણ કંપની સંગઠન કે દેશ આર્થિક જગતમાં પોતાનું સ્થાન ટકાવી શકતાં નથી. ૧૪૧ દેશોની યાદીમાં ભારતનો ક્રમ ૬૪મો છે. રિપોર્ટમાં બ્રિક્સ દેશો (બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા)ને રચનાત્મક વિકાસ માટે રોકાણ પ્રવાહ વધારવાનું સૂચન કરાયું છે.

### (૯) ગ્લોબલ હંગર ઈન્ડેકસ

ઈન્ટરનેશનલ ફુડ પોલિસી ઍન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ગ્લોબલ હંગર ઈન્ડેકસ-૨૦૧૨ નામનો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો. આ ગ્લોબલ ઈન્ડેકસ ત્રણ સંસ્થાઓ આંતરરાષ્ટ્રીય ખાદ્યનીતિ શોધ સંસ્થા, કેસર્ન વર્લ્ડવાઈડ અને વેલ હંગર લાઈફના સહકારથી તૈયાર કરવામાં આવે છે. આ રિપોર્ટમાં વિવિધ દેશોમાં ભૂખ્યા લોકોની સ્થિતિ બતાવવામાં આવે છે. જેમાં ઓછું પોષણ, સામાન્યથી ઓછું વજન તથા બાળ મરણનો સમાવેશ થાય છે. આ ઈન્ડેક્સમાં કુલ ૭૯ દેશોની યાદીમાં ૬૫મો નંબર છે. આર્થિક સ્થિતિ સુધરવા છતાં આ બાબતમાં ભારતમાં ખાસ સુધારો થયો નથી.

### (૧૦) વિશ્વ ખોરાક સુરક્ષા સૂચક આંક

લંડન સ્થિત ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા વિશ્વ ખોરાક સુરક્ષા સૂચક આંક જાહેર કરવામાં આવ્યો છે. આ સૂચક આંકમાં કુલ ૧૦૫ દેશોનો સમાવેશ કરવામાં આવ્યો. જેમાં ભારતનું સ્થાન ૬૬મું છે. આ અહેવાલ પ્રમાણે વિશ્વના ખોરાક સુરક્ષિત દેશોમાં લોકોના ખોરાકમાં પૌષ્ટિક પદાર્થોની ઊણપ જોવા મળી છે. એમાં પણ સૌથી વધુ ઊણપ લોહતત્ત્વની જોવા મળી છે. ઉપરાંત ખોરાક સૂચકઆંક માનવીને ભવિષ્યમાં ખોરાક મેળવવા માટે આવનારી મુશ્કેલીઓ બાબતે સચેત કરે છે.

આમ, આર્થિક વિકાસની પ્રક્રિયા જેમ આગળ વધે તેમ તેમાં સામાજિક પરિબળોનું મહત્ત્વ વધતું જાય છે. ઉપરોક્ત આંકના આધારે કહી શકાય કે આર્થિક વિકાસ વધારવો હશે તો વિવિધ પ્રકારના સામાજિક પરિબળોનો વિકાસ આવશ્યક બની રહે છે. આધુનિક સમયમાં આર્થિક વિકાસનો ખ્યાલ મુખત્વે કલ્યાણલક્ષી બાબતો આધારિત દર્શાવવામાં આવે છે અને કલ્યાણલક્ષી બાબતો સામાજિક પરિબળો પર આધાર રાખે છે.

**(લેખક : આંકડા મદદનીશ, પુરવઠા શાખા કલેક્ટર કચેરી, જૂનાગઢમાં કાર્યરત છે.)**

# ભારતમાં સીધા વિદેશી મૂડીરોકાણના સંદર્ભમાં નીતિવિષયક ફેરફાર

• સોજીન શીન •

**સી**ધા કે પ્રત્યક્ષ વિદેશી મૂડીરોકાણની વ્યાખ્યા, "એક અર્થતંત્રમાંની નિવાસી વ્યક્તિ/એકમ દ્વારા, અન્ય અર્થતંત્રમાંના નિવાસી ઔદ્યોગિક સાહસમાં, કાયમી વ્યાજ મેળવવાના ઉદ્દેશથી કરાયેલું સરહદ પારનું રોકાણ" એ મુજબ કરવામાં આવી છે. બીજા શબ્દોમાં કહીએ તો, ભારતમાંનું સીધું વિદેશી મૂડીરોકાણ. "ભારત બહારના નિવાસી દ્વારા, જે એક બિનનિવાસી એકમ/વ્યક્તિ છે, એના દ્વારા એક ભારતીય કંપનીની મૂડીમાં કરાયેલું રોકાણ" છે. વિદેશી મૂડીરોકાણકારો યજમાન દેશમાં અસ્કયામતોની માલિકી મેળવે છે એટલું જ નહીં, પણ યજમાન દેશમાંના ઔદ્યોગિક સાહસના વ્યવસ્થાપનમાં નિર્ણયો લેવાની પ્રક્રિયાને પ્રભાવિત પણ કરી શકે છે. લાંબાગાળાના મૂડીરોકાણ અને વ્યવસ્થાપનમાં ભાગ લેવાની બે શરતોના સંદર્ભમાં સીધુ વિદેશી મૂડીરોકાણ, વિવિધ સાહસોમાં એટલે કે પોર્ટફોલિયો રોકાણ, જે ટૂંકાગાળાની લાક્ષણિકતાઓ ધરાવે છે, એની સરખામણીએ આંતરરાષ્ટ્રીય મૂડીને સહાયક લેખવામાં આવે છે. સીધા મૂડીરોકાણના, દેશની અંદર આવતા પ્રવાહના બે પરસ્પર વિરોધી પાસાં - હિતકારક અથવા હાનિકારક - છતાં, આર્થિક વિકાસ સાથેના એના સંબંધમાં નવા વિકસી રહેલાં બજારોનાં ઘણાં અર્થતંત્રો એમના આર્થિક વિકાસ માટે સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહમાંથી લાભ મેળવતાં હોય એવું જણાય છે.

છેલ્લા બે દાયકામાં ભારત અને ચીન જેવા ઘણાં બધાં વિકસતાં બજારનાં અર્થતંત્રમાં સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહમાં એકધારો વધારો નોંધાયો છે. એક યજમાન દેશ તરીકે હમણાંથી ચીન, બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે સૌથી આશાસ્પદ ગણાય છે, જ્યારે મૂડીરોકાણ માટે ભારત વિશ્વનું ત્રીજું સૌથી આકર્ષક સ્થાન ગણાય છે. ભારત અને ચીન બંનેએ, એમની નીતિઓમાં ફેરફાર તથા વહીવટી પદ્ધતિઓમાં સરળતા કરીને સક્રિયપણે વિદેશી મૂડીરોકાણના પ્રવાહને આકર્ષવાના પ્રયાસો કર્યા છે.

આ પ્રયાસો પાછળના મહત્ત્વના કારણોમાં આવા મૂડીરોકાણ પ્રવાહની હિતકારક વિલક્ષણતાઓ રહેલી છે. આવી મુખ્ય વિલક્ષણતાઓમાં, રોજગારી ઊભી કરવી, યંત્રો વગેરે તેમજ સગવડોની ઑફર, ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા અદ્યતન ટેક્નોલૉજીની ટ્રાન્સફર, વ્યવસ્થાપનમાં રોકાણકારો જોડાતાં કંપનીઓની પારદર્શિતામાં વધારો અને યજમાન દેશમાં ઘરેલું મૂડીરોકાણને ઉત્તેજન પૂરું પાડવાનો સમાવેશ થાય છે. સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહનો યજમાન દેશ પોતાના આર્થિક વિકાસ માટે કેવી રીતે લાભકારક ઉપયોગ કરી શકે છે, એ દક્ષિણ એશિયાના કેટલાંક વિકસતાં રાષ્ટ્રોએ - દક્ષિણ કોરિઆ, તાઈવાન, હોંગકોંગ, સિંગાપોર - દર્શાવ્યું છે. વધુમાં સીધા મૂડીરોકાણનો પ્રવાહ "ચલણના મૂલ્યમાં ભારે ઘટાડો તેમજ અર્થતંત્રને બચાવવા માટે આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળની લોન"ના બોજામાં ઘટાડો કરતો હોવાનું માનવામાં આવે છે, કારણ કે એનાથી વિશાળ પાયાની આર્થિક વ્યવસ્થા પદ્ધતિના આંચકા છતાં ચોક્કસ રકમનું વિદેશી હૂંડિયામણ જળવાઈ રહે છે.

### નીતિવિષયક ફેરફારો

ભારતના કિસ્સામાં સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહની તરફેણ કરતી આર્થિક સંસ્થાઓ વધુને વધુ પ્રમાણમાં બદલાઈ છે, કારણ કે સીત્તેરના દાયકાની મધ્યમાંથી ભારતનું બજાર વૈશ્વિક બજાર સાથે જોડાયું છે - એકરૂપ બન્યું છે. આવા મૂડીપ્રવાહ સંબંધિત નીતિવિષયક તંત્ર, ત્રણ અલગ-અલગ તબક્કાઓ મારફત વિકસ્યું છે : (૧) સીધા વિદેશી મૂડીરોકાણ વિરુદ્ધનો તબક્કો (૧૯૬૯-૭૫) (૨) પસંદગીના સીધા વિદેશી મૂડીરોકાણનો તબક્કો (૧૯૭૫-૯૧) અને (૩) સીધા વિદેશી મૂડીરોકાણ

તરફી તબક્કો (૧૯૯૧ પછી). સૌ પ્રથમ વિરોધી તબક્કામાં એ સમયની સરકારે ગરીબવર્ગનો રાજકીય ટેકો મેળવવાના સાધનરૂપ ૧૯૬૯માં દેશની બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું અને વિદેશી હૂંડિયામણ નિયમન ધારો દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં ઉદ્દેશ વિદેશી ચલણનું નિયમન કરવાનો હતો.

આ કાયદામાં વિદેશી ચલણ અંગેના પગલાં ભરવામાં કેન્દ્ર સરકારની ઈજારા જેવી ભૂમિકા હતી. ઉદાહરણ રૂપે જોઈએ તો, કેન્દ્ર સરકારની અધિકૃત સંસ્થા રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા સિવાય અન્ય કોઈપણ રાજ્ય એજન્સીને વિદેશી ચલણ અંગેની કોઈપણ પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની છૂટ નહોતી. પસંદગીના સીધા વિદેશી મૂડીરોકાણના બીજા તબક્કામાં ભારતના અર્થતંત્રમાં મોટું પરિવર્તન થયું હતું, જે દરમ્યાન નિયમનો હળવાં બનાવાયાં હતાં. એ સમયની સરકારે વિદેશી મૂડીને ભારતીય ઉદ્યોગોમાં ભાગ લેવા માટે ઉત્તેજન પૂરું પાડ્યું હતું. ભારતના આર્થિક હિતો માટે ૧૯૭૬નું વર્ષ મહત્ત્વનું 'ટર્નિંગ પોઇન્ટ' બન્યું હતું. જાણીતા અર્થશાસ્ત્રી ફ્રેન્કના જણાવ્યા મુજબ "મોટા ઉદ્યોગો તેમજ વિદેશી મૂડીના હિતોને વધુ કાર્યક્ષમ રીતે તેમજ અન્ય આર્થિક ક્ષેત્રો અને રાજકીય હિતોના સંબંધમાં સેવા પૂરી પાડવા રાજ્યની વ્યવસ્થા પુનઃ ગોઠવાઈ રહી છે."

આ પ્રકારનું પરિવર્તન જ્યારે રાજીવ ગાંધીની સરકારે સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહને ટેકો આપ્યો ત્યારે વધુ સ્પષ્ટ બન્યું હતું. ઓઇલના ભાવમાં આવેલો ઉછાળો તેમજ એંશીના દાયકાના આરંભની વૈશ્વિક મંદી દરમ્યાન રાજીવ ગાંધીને વિદેશોમાંથી નાણાં ઉછીના લેવાની સરખામણીએ વિદેશી મૂડીરોકાણના સંભવિત લાભો સમજ્યા હતા. એમણે જણાવ્યું હતું કે :




"વિદેશી મૂડીરોકાણ પરત્વે અમારી નીતિ સ્પષ્ટ છે. આ નીતિ એને માટે તમામ દ્વારા ખુલ્લા કરવાની નીતિ નથી. આપણે અનેકવિધ ક્ષેત્રોમાં, વિદેશી મૂડીની ચોક્કસ ટકાવારીની અંદર, આપણી શરતોએ વિદેશી મૂડીરોકાણ માટે છૂટ આપીએ છીએ. ઉચ્ચ ટેક્નોલૉજીના ક્ષેત્રમાં અથવા તો જ્યારે નિકાસમાં ખાસ ટેકો મળતો હોય એવા કિસ્સામાં આ ટકાવારીમાં છૂટછાટ મૂકી શકાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં વિદેશમાંથી ઋણ લેવાનું વધુ વ્યાપક બન્યું છે, જે આપણી વધતી જતી જરૂરિયાતો તેમજ સમાવેશક શક્તિ છતી કરે છે, પરંતુ સીધા વિદેશી મૂડીરોકાણનો પ્રવાહ ઘણો ઓછો રહ્યો છે. આમ છતાં સીધું વિદેશી મૂડીરોકાણ વિદેશી લોનની સરખામણીએ કેટલાક લાભ ધરાવે છે. લોનમાંથી થયેલાં મૂડીરોકાણો ઉત્પાદક હોય કે ન હોય તો પણ લોનની રકમ પાછી ચૂકવવાની છે. વિદેશી મૂડીરોકાણના કિસ્સામાં માત્ર ઉત્પાદન શરૂ થયા પછી જ અને એ પણ કામકાજમાં નફો થયો હોય તો જ નાણાંનો બહારની તરફ પ્રવાહ વહે છે. આપણે આપણી કાર્યપદ્ધતિઓને ઝડપી બનાવીને તેમજ બિનજરૂરી અવરોધો દૂર કરીને, આપણા અર્થતંત્રને લાભની સાથોસાથ વિદેશી મૂડીરોકાણના વધુ વિશાળ પ્રવાહને સમાવી લઈ શકીએ એમ છીએ."

છેવટે નેવુંના દાયકાનાં આરંભના વર્ષોમાંની નાણાકીય મુશ્કેલીઓને કારણે સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહના ક્ષેત્રે નવી આર્થિક નીતિઓ ઘડવામાં આવી હતી. ભારતના નાણામંત્રી તરીકે ૧૯૯૧થી ૧૯૯૬ સુધી ડૉ. મનમોહનસિંઘ રહ્યા એ ગાળામાં વરિષ્ઠ સનદી અધિકારી મોન્ટેકસિંઘ આહલુવાલિયાએ તૈયાર કરેલા નીતિવિષયક દસ્તાવેજ ૧૯૯૧ પછી અમલમાં મુકાયેલા આર્થિક સુધારાના મૂળમાં રહેલો હતો. આ દસ્તાવેજમાં

ઘણાંબધાં ક્ષેત્રોમાં ધરેલું ભારતીય કંપનીઓમાં, વિદેશી મૂડીરોકાણકારોનો શેરમૂડીમાંનો હિસ્સો ૪૦ ટકાથી વધારી ૫૧ ટકા કરવાનું સૂચવાયું હતું. વિદેશી ચૂકવણાની સમતુલાની કટોકટીને કારણે કરાયેલા આ નીતિવિષયક ફેરફારો સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહમાં સહાયક બન્યા હતા.

સીધા વિદેશી મૂડીરોકાણ તરફી સમયગાળામાં, આવા મૂડીરોકાણના પ્રવાહ સંબંધમાં કરાયેલા નીતિવિષયક ફેરફારોમાં એક સૌથી નોંધપાત્ર ફેરફાર ૧૯૯૯માં ઘડાયેલો વિદેશી હૂંડિયામણ વ્યવસ્થાપન ધારો - ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ - ટૂંકમાં 'ફેમા' - હતો. આ અગાઉ ૧૯૭૩માં ઘડાયેલો વિદેશી હૂંડિયામણ નિયમન ધારો (ફેરા)ની સરખામણીએ ફેમામાં રિઝર્વ બેંક ઉપરાંત સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી) જેવી કેટલીક સરકારી એજન્સીઓને વિદેશી ચલણના વ્યવહારોમાં ભાગ લેવાની છૂટ આપવામાં આવી હતી. રિઝર્વ બેંક અને સેબીને મુખ્યત્વે સંસ્થાકીય વિદેશી મૂડીરોકાણ તેમજ જે સીધા વિદેશી મૂડીરોકાણ માટે માન્યતાની પરવાનગીની આવશ્યકતા નથી અને જેની ઓટોમેટિક રૂટ હેઠળ સમીક્ષા કરવામાં આવે છે એની સાથે સંબંધ છે. ઓટોમેટિક રૂટ હેઠળ વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રોમાંના વિદેશી મૂડીરોકાણકારોને અન્ય રૂટ હેઠળના રોકાણકારોની સરખામણીએ એમના વ્યાપારી કામકાજ માટે વધુ સરળતાથી પરવાનગી આપવામાં આવે છે.

અન્યથા કેન્દ્રીય વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલય હેઠળનું ઔદ્યોગિક સહાય માટેનું સચિવાલય અને નાણાં મંત્રાલય હેઠળનું વિદેશી મૂડીરોકાણ પ્રોત્સાહન બોર્ડ (એફઆઈપીબી) ઉપર જણાવેલા ઓટોમેટિક રૂટ હેઠળ ન આવરી લેવાયેલી દરખાસ્તો તપાસે છે. આમ, 'ફેમા' અમલમાં આવ્યો એ પછી વિદેશી મૂડીરોકાણની દરખાસ્તોની મંજૂરી તેમજ નામંજૂરીમાં એફઆઈપીબીની ભૂમિકા વધુ મહત્ત્વની બની છે. એફઆઈપીબીના જણાવ્યા મુજબ એણે દરખાસ્તોની મંજૂરી સંબંધમાં એકબારી પદ્ધતિ અમલમાં મૂકી છે, જેની મારફત વિદેશી રોકાણકારો, એકની એક દરખાસ્તો, વિવિધ હેતુઓ માટે મંજૂરી અંગે વિવિધ સરકારી એજન્સીઓને સુપ્રત કરવાની કડાકૂટમાંથી મુક્ત થઈ સમય બચાવે છે. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિદેશી રોકાણકારો માટે ભારતને વૈશ્વિક કેન્દ્ર બનાવવાના લક્ષ્ય સાથે, 'આવો, ભારતમાં બનાવો'ના (કમ, મેક ઈન ઈન્ડિયા) સૂત્રને સાકાર કરવા માટે અસરકારક અને સરળ શાસન ઉપર ભાર મૂક્યો છે. એમણે સીધા વિદેશી મૂડીરોકાણ - એફડીઆઈ - શબ્દનો ઉપયોગ 'ફર્સ્ટ ડેવલપ ઈન્ડિયા' એ રીતે કર્યો છે અને સારા શાસનના ત્રણ આધારસ્તંભ ઉપર સવિશેષ ધ્યાન આપવા જણાવ્યું છે. આમાં લાયસન્સ પ્રથા તેમજ નિયમનો દૂર કરીને સરળતાથી વ્યાપાર કરવાની વ્યવસ્થાની સુધારણા, ઔદ્યોગિક પરિસરો જેવી સહાયક આંતરમાળખાની સગવડો ઊભી કરવી અને સંરક્ષણ, બાંધકામ તેમજ રેલવે જેવાં ક્ષેત્રોમાં સીધા વિદેશી મૂડીરોકાણ માટે છૂટ આપવાનો સમાવેશ થયો છે. સીધા વિદેશી મૂડીરોકાણ માટે મેન્યુફેક્ચરિંગ તથા

**સીધા વિદેશી મૂડીરોકાણનો રાજ્યવાર પ્રવાહ**
**(એપ્રિલ, ૨૦૦૦ થી જૂન, ૨૦૧૪)**

| રાજ્યનું નામ | વિદેશી મૂડીરોકાણનો કુલ પ્રવાહ (કરોડ રૂપિયામાં) | કુલ મૂડીપ્રવાહમાં ટકાવારી |
|---|---|---|
| મહારાષ્ટ્ર | ૩,૨૦,૨૮૧ | ૩૦ |
| દિલ્હી | ૨,૧૪,૮૨૦ | ૨૦ |
| તામિલનાડુ | ૬૯,૧૬૧ | ૬ |
| કર્ણાટક | ૬૨,૪૩૧ | ૬ |
| ગુજરાત | ૪૫,૨૯૨ | ૪ |
| આંધ્ર પ્રદેશ | ૪૩,૮૧૭ | ૪ |
| પશ્ચિમ બંગાળ | ૧૩,૫૩૨ | ૧ |
| ઓરિસ્સા | ૧,૯૫૨ | ૦.૨ |

**પ્રાપ્તિસ્થાન :** "ફેક્ટશીટ ઓન ફોરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)", ભારત સરકાર, ઔદ્યોગિક નીતિ અને પ્રોત્સાહન વિભાગ.

આંતરમાળખાના ક્ષેત્રને ખુલ્લાં કરી સરકારે ઉડ્ડયન, બાયોટેક, કેમિકલ્સ, બાંધકામ, ખાણકામ, ઓઈલ અને ગૅસ, ફાર્માસ્યુટિકલ્સ, પુનઃ પ્રાપ્ય ઊર્જા, ઉદ્યોગોને માટે સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહના દ્વાર ખોલી નાખ્યાં છે. આ પહેલ સ્પષ્ટ રીતે, ભારતીય ઉદ્યોગો ઉપર સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહની હિતકારક અસરોમાંની સરકારની મજબૂત શ્રદ્ધા ઉપર આધારિત છે.

**રાજ્યોમાં વિદેશી મૂડીરોકાણ**

વાસ્તવમાં ૨૦૧૧ના વર્ષમાં દેશમાં સીધા વિદેશી મૂડીરોકાણનો પ્રવાહ કુલ ૩૨ અબજ ડૉલરનો હતો, જે રકમ ભારતના કુલ જીડીપીના લગભગ ૩ ટકા જેટલી હતી. દેશના પ્રધાનમંત્રી અને નાણામંત્રી જેવા મહત્ત્વના રાજકીય નેતાઓએ સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહના ક્ષેત્રે વ્યાપક આર્થિક સુધારાને ટેકો આપ્યો છે. કેન્દ્રીય નેતાઓના મજબૂત ટેકા છતાં રાજ્યોની સપાટીએ આવો મૂડીપ્રવાહ આકર્ષવામાં સારી એવી ભિન્નતા જણાય છે. નીચેના કોષ્ટકમાં ભારતના પસંદગીના રાજ્યોમાં એપ્રિલ, ૨૦૦૦ થી જૂન, ૨૦૧૪ના સમય ગાળામાં સીધા વિદેશી મૂડીરોકાણના પ્રવાહની કુલ રકમ દર્શાવવામાં આવી છે. આમાં વિભિન્ન રાજ્યો વચ્ચે આવું મૂડીરોકાણ મેળવવામાં સારું એવું અંતર જણાય છે. દા.ત., મહારાષ્ટ્ર અને દિલ્હીએ ઘણું મોટું વિદેશી મૂડીરોકાણ મેળવ્યું હતું, જે ભારતમાંના કુલ પ્રવાહના ૫૦ ટકા જેટલું હતું. તામિલનાડુ, કર્ણાટક, ગુજરાત અને આંધ્ર પ્રદેશ જેવાં કેટલાંક રાજ્યો મધ્યમ કક્ષાના જૂથમાં આવે છે, જ્યારે પશ્ચિમ બંગાળ અને ઓડિસા જેવાં ઘણાં રાજ્યોમાં વિદેશી મૂડીરોકાણની સપાટી ઘણી નીચી રહી છે.

આગળના કોષ્ટક ઉપરથી એક સવાલ થાય છે કે, સીધા વિદેશી મૂડીરોકાણનો પ્રવાહ ઊભો કરવામાં-આકર્ષવામાં અને મોટાપાયા ઉપર મૂડીરોકાણને અનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં કેટલાંક રાજ્યો શાથી સફળ રહ્યાં છે અને અન્ય રાજ્યો શાથી નિષ્ફળ રહ્યાં છે ? અને એ પણ કેન્દ્ર સ્તરે. સરકારે હંમેશાં, આવાં મૂડીરોકાણની તરફેણમાં નીતિવિષયક વલણ અપનાવ્યું છે છતાં આમ કેમ ?

રસપ્રદ બાબત એ છે કે, ઓરિસ્સા જેવાં કેટલાંક રાજ્યોની કામગીરી નબળી રહી હોવા છતાં એના સમાજ તરફથી વારંવાર આવા મૂડીરોકાણ પ્રવાહનો વિરોધ નજરે પડ્યો છે. ઉદાહરણ રૂપે જોઈએ તો દક્ષિણ કોરિઆના ઔદ્યોગિક સાહસને ઓરિસ્સામાં પોહાગ સ્ટીલ કંપનીના (પોસ્કો) પોલાદના પ્રૉજેક્ટ માટે જગતસિંઘપુરમાં જમીન મેળવવામાં હંમેશાં સમાજના વિરોધનો સામનો કરવો પડ્યો છે. આ પોસ્કો પ્રૉજેક્ટ સંદર્ભમાં, કેન્દ્રના પર્યાવરણ અને વન મંત્રાલયની વિનંતીથી વિદેશી હકના ધારાની પરિસ્થિતિ અંગે તપાસ કરનારી એક સમિતિના જણાવ્યા અનુસાર, ઓરિસ્સાની સરકારે આ પોલાદ પ્રૉજેક્ટ માટે વિદેશી કંપની માટે જમીન સંપાદન કરવા સંબંધમાં સ્થાનિક ગ્રામજનોની સર્વસંમતિ ઊભી કરવા પ્રત્યે સંપૂર્ણ દુર્લક્ષ સેવ્યું હતું. તપાસની પ્રક્રિયાથી જાણકાર મદ્રાસ હાઈકોર્ટના એક ન્યાયમૂર્તિએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે, જગતસિંઘપુરમાં પોલાદ પ્રૉજેક્ટ માટે જમીન સંપાદનના વિરોધના મૂળમાં મહદ્અંશે ઓરિસ્સા સરકારની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણીમાંની નિષ્ફળતા રહેલી હતી. આ જ પ્રમાણે તાતા કંપનીને પશ્ચિમ બંગાળમાં સીંગુરમાં એની નેનો ફેક્ટરી માટે જમીન મેળવવામાં સમાજના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. તાતાની કંપની તો ભારતની જ હતી છતાં એનો વિરોધ થવાનું કારણ એ હતું કે, વિસ્થાપિત થનારા લોકોના પુનર્વસવાટ તથા જમીનના યોગ્ય દામ નક્કી કરવાની બાબતમાં રાજ્ય સરકાર નબળી પુરવાર થઈ હતી. આમ, વિદેશી મૂડીરોકાણ આકર્ષવામાં વિવિધ રાજ્ય સરકારોની ઓછીવત્તી શક્તિ કે સફળતાના મૂળમાં વહીવટી અંતરાયોના ઉકેલમાં રાજ્ય સરકારોની વધતી-ઓછી શક્તિ તેમજ આવા વિદેશી મૂડીપ્રવાહની પ્રક્રિયા સામે સમાજ-સ્થાનિક લોકોના વિરોધને સફળતાથી શાંત પાડવાની એની કાબેલિયત રહેલી છે. રાજ્ય સરકારોની આ બાબતમાંની શક્તિ વચ્ચે જે અંતર જણાય છે એને સંબંધિત રાજ્યોના વિભિન્ન સામાજિક-રાજકીય સંદર્ભમાં તપાસવાની-સમજવાની-વિચારવાની જરૂર છે.

**લેખકશ્રી નેશનલ યુનિવર્સિટી ઑફ સિંગાપોરમાં રીસર્ચ એસોસિયેટ છે.**

# સ્વચ્છતા, વિકાસ અને સામાજિક પરિવર્તન

• ડૉ. કાંતિ બી. મુંજપરા •

**"સ્વચ્છતા સમજદારીનો પર્યાય છે."**
**"સ્વચ્છતા આઝાદી કરતાં પણ વધારે મહત્ત્વની છે."** **– મહાત્મા ગાંધી**

સ્વચ્છતા એટલે જ અભિમાનની નહિ, અભિગમની વાત છે. શિકાયતની નહિ, આદતની દેણ છે. ભારતમાં સહજ રીતે જ સ્વચ્છતાને સ્વરાજથી પણ અગ્રતા ક્રમનો એજન્ડા બનાવનાર ગાંધીજીને યાદ કરી આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છ ભારત અભિયાન શરૂ કર્યું છે. ગ્રામ સ્વરાજ અને ગ્રામોદ્ધારના વિચારક એવા ગાંધીજીએ પણ ભારતના ગામડાઓની ગંદકીથી અકળાઈને સહજતાથી કહ્યું હતું કે, "ભારતમાં સાત લાખ ગામડાં નથી, પણ સાત લાખ ઉકરડાં છે." સ્વચ્છતાપ્રેમી ગાંધીજી કહી ગયા છે કે, "પવિત્રતા પછી તરત જ સ્વચ્છતાનું સ્થાન છે. ભારત માટે કહેવાય છે કે લોકોએ જેટલી ખાદી અને ગાંધીટોપી અપનાવી એટલી સ્વચ્છતાની વિચારધારા અપનાવી નથી."

૨૪મી મે, ૧૯૨૫ના 'નવજીવન'માં ગાંધીજીએ એક સદી અગાઉ ભારતને સંબોધીને લખ્યું હતું કે, "હું ૩૫ વર્ષ પહેલાં શીખ્યો કે શૌચાલય પણ ડ્રોઈંગ રૂમ જેટલી જ સ્વચ્છ હોવી જોઈએ. હું આ બાબત પશ્ચિમમાંથી શીખ્યો છું. શૌચાલયની સ્વચ્છતાના નિયમો પૂર્વ કરતાં પશ્ચિમમાં વધુ ચોક્કસાઈથી સ્વીકારાય છે. આપણા અનેક રોગનું મૂળ આપણા શૌચાલયની હાલત અને જ્યાં ને ત્યાં મળમૂત્ર અને થૂંક જાહેરમાં ત્યાગ કરવાની આપણી કુટેવમાં છે." તેમજ 'યંગ ઈન્ડિયા'ના ૧લી સપ્ટેમ્બર, ૧૯૨૧ના અંકમાં મહાત્મા ગાંધીજીએ લખ્યું હતું કે, "આપણાં બાળકોને શ્રમ પ્રત્યે ઉપેક્ષા દાખવવાનું ન શીખવવું જોઈએ. ભારતમાં આપણી શાળાના બાળકો માનવીય શ્રમ પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર નથી દાખવતા તો પણ તેના પ્રત્યે અણગમો તો ચોક્કસ દાખવે જ છે. પૂ. બાપુ કહેતા કે, મને આદર્શ વિનયમંદિરમાં અભ્યાસ કરવાની તક મળી તે મારું સદ્‌ભાગ્ય કહેવાય. અમારી શાળા મોન્ટેસરી વ્યવસ્થા પર ચાલતી. અમારા અભ્યાસમાં આશ્રમ જીવનના વિવિધ પાસાઓને સ્વીકારવામાં આવેલા. સ્કૂલમાં શાળા સ્વચ્છતાની જવાબદારી વિદ્યાર્થીઓની હતી. દરેક વર્ગ દીઠ અઠવાડિયામાં એક વખત વારો આવતો. આ દિવસે સારી સ્કૂલની સફાઈ કરવામાં આવતી. તેમાં શૌચાલયો પણ જાતે જ સાફ કરવામાં આવતાં અમે શૌચાલય ચમકે નહીં ત્યાં સુધી સાફ કરતા. તેના પગલે અમારા જીવનમાં સ્વચ્છતાનું મહત્ત્વ સ્થાપિત થયેલું. અહીંથી અમને જાહેર સુવિધાઓનો ઉપયોગ જવાબદારી સાથે કરવાનો બોધપાઠ પણ શીખવા મળ્યો હતો."

આમ, બાપુના આ સ્વધર્મના બોધપાઠથી આપણે મહત્ત્વની એક બાબત કહીએ તો... આપણે આપણા સંતાનોને સ્વચ્છતાના પાઠ બાળપણથી જ શીખવવા જોઈએ. બાળકને નાનપણમાં જ કેટલાંક કાર્યો પોતાની જાતે કરે તેવી ટેવ પાડો. નાના બાળકને શીખવો કે રમ્યા પછી પોતાના રમકડાં એક જગ્યાએ ભેગા કરીને મૂકે, કબાટ કે જે જગ્યા નક્કી કરી હોય ત્યાં જ મુકાવો. બાળકને કહો કે પોતાના રૂમની સફાઈ જાતે કરે અને નિયમિત કરાવો. જમવાનું શરૂ થાય તે પહેલાં ફરજિયાત હાથ સાફ કરાવો. વાટકા, પાણી પોતાના હાથે લઈને બેસે તેવી ટેવ પાડો. બાળક સ્કૂલેથી ઘરે પરત આવે ત્યારે સ્કૂલબેગ, બૂટ, મોજા જ્યાં

ત્યાં ન રાખે તેની ચોક્કસ જગ્યાએ જ મૂકે તેવી પહેલેથી ટેવ પાડો. આવી નાનપણમાં પડેલી ટેવ બાળકને સ્વચ્છતા સાથેનું જીવન જીવવામાં મદદરૂપ બનશે અને સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાકાર થશે.

ભારતમાં ગ્રામ્ય વિસ્તારોમાં એક અંદાજ મુજબ લગભગ ૫૯૦ મિલિયન (૫૯ કરોડ) લોકો ખુલ્લામાં શૌચ જાય છે. આ બાબતે લોકોની માનસિકતા બદલવી જરૂરી છે. ઘણાં ઘરોમાં શૌચાલયો હોવા છતાં લોકો તેનો ઉપયોગ કરતા નથી, તેઓની માનસિકતા બદલવી એ પણ એક પ્રશ્ન છે.

'સ્વચ્છ ભારત અભિયાન' એ ગામ પંચાયતો દ્વારા ઘરો-ઘરમાં શૌચાલયો ઊભી કરી દઈને ઘન અને પ્રવાહી કચરાના નિકાલ અને વ્યવસ્થાપન દ્વારા ગામડાઓને ચોખ્ખા બનાવી ૨૦૧૯ સુધીમાં ખુલ્લામાં શૌચ જવાની ક્રિયાથી મુક્ત કરવાની યોજના છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ભારતની વસ્તીના ૭૨.૨ ટકા વસ્તી એટલે કે ૧૬.૭૮ કરોડ જેટલાં ઘરોમાં રહેતા લોકો લગભગ ૬,૩૮,૦૦૦ ગામોમાં વસવાટ કરે છે. તેમાંથી ફક્ત ૫.૮૪ કરોડ રહેઠાણોમાં જ શૌચાલયો છે. આ રીતે દેશના ગ્રામ્ય વિસ્તારોમાં ૬૭.૩ ટકા ઘરોમાં હજુ પણ શૌચાલયની સગવડતા નથી.

૨૦૧૧ની વસ્તી ગણતરીના અહેવાલ મુજબ ભારતમાં ૨૪ કરોડ ૬૬ લાખથી વધુ ઘરો છે, જેમાંથી માત્ર ૪૬.૯ ટકા ઘરોમાં જ શૌચાલયની સુવિધાઓ છે, ૩.૨ ટકા જાહેર શૌચાલયનો ઉપયોગ કરે છે. બાકીના ખુલ્લામાં શૌચ કરે છે. જાહેરમાં શૌચક્રિયાની આ ગંદી હાલત જગતમાં ઊડીને આંખે વળગે એવી છે. મૂળ વાત એ છે કે આપણે બધા સામૂહિક રીતે જ ગંદકી અંગે સભાન થઈએ અને કેટલીક કુટેવો મનોમન ત્યાગીએ તો જ જીવનમાં સફાઈ આવે. આ સાથે કેટલાક કાયદાઓનો કડક અને ત્વરીત નિષ્પક્ષ અને સાર્વત્રિક અમલ સરકાર દ્વારા થાય તે હિતાવહ છે.



સામાન્ય રીતે જો મ્યુનિસિપાલિટીને સ્વૈચ્છાએ મદદ કર્યા સિવાય તેની પાસેથી આપણે આ બાબત હલ કરવાની આશા રાખીશું તો તે સુધારો અશક્ય છે. આપણે જાણીએ છીએ કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ રાજ્યના અને રાષ્ટ્રના હાર્દ સમાન છે છતાં પણ લોક-ભાગીદારી કે લોકોનો સહકાર જ સ્વચ્છ ભારતના નિર્માણને વેગ આપી શકે. જોકે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિકાસની સીધી અસર રાષ્ટ્રના વિકાસ પર થતી હોય છે.

પ્રજાના જીવનના રોજ-બરોજના પ્રશ્નો હલ કરવામાં નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. વિદેશની વાત કરીએ તો પેરિસની સુંદરતાનો યશ ત્યાંના કોર્પોરેશનના ફાળે જાય છે. આમ, કેટલાક દેશોમાં મ્યુનિસિપલ કોર્પોરેશનોએ આગવો ઈતિહાસ રચ્યો છે.

આપણે જાણીએ છીએ કે અમદાવાદ મહાનગરપાલિકા શ્રેષ્ઠ મહાનગરપાલિકા તરીકે સન્માનિત થઈ છે. આપણી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ તરફથી મુંબઈ ખાતે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટીલના હસ્તે 'નગરરત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. એમાં પ્રથમ નંબરે અમદાવાદ મહાનગરપાલિકા, બીજા નંબરે મૈસુર નગરપાલિકા અને ત્રીજા નંબરે પૂણે નગરપાલિકાને એવોર્ડ આપવામાં આવ્યા હતા.

આ નગરરત્ન એવોર્ડથી સન્માનિત થયેલ આપણા અમદાવાદ શહેરની વાત કરીએ, એ એક મહત્ત્વની વાત છે પણ અહીંયાં જરૂર છે એક સાચી લોકભાગીદારીની. લોકોની સ્વૈચ્છિક સમજણ અને સ્વૈચ્છિક સ્વચ્છતા, સ્વચ્છ ગામ, સ્વચ્છ શહેર, સ્વચ્છ ગુજરાત કે સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાકાર કરી શકશે. પછી ભલે તે વાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ ઈકોલૉજીની જાળવણી માટેની ગંગા નદીના પર્યાવરણના રક્ષણની હોય કે ગંગાના શુધ્ધિકરણની હોય અથવા દિલ્હીના યમુના નદીના જળની સફાઈની હોય કે યમુનાના એકશન પ્લાનની સિદ્ધિ કે સમસ્યાઓની હોય અથવા ગુજરાતની તાપી, મહી કે સાબરમતીના કિનારાની હોય.

અહીં એક હકીકત જોઈએ. અમદાવાદમાં સાબરમતી નદી ઉપર આવેલા સાત પૂલો પરથી શહેરીજનો દ્વારા નદીમાં વિવિધ પ્રકારની પૂજા સામગ્રી, ફૂલો-શ્રીફળ, ભગવાનના ફોટા, મૂર્તિઓ, પ્લાસ્ટિકની થેલીઓ, જૂનાં-નવાં કપડા, જૂના બૂટ ચપ્પલ, ફર્નિચર વગેરે કચરો ઠાલવવામાં આવે છે. આ વિવિધ સામગ્રી નદીમાં નાખવાથી નદી પ્રદૂષિત થઈ રહી છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નદીને સાફ કરવા માટે સફાઈ ઝુંબેશ હાથ ધરી છે. ગત વર્ષે પાછલા દિવસોમાં નદીમાંથી ૨૦૦ ટન કચરો કાઢવામાં આવ્યો છે. આ સફાઈ ઝુંબેશ પછાળ રૂ. ૧૦ કરોડનો ખર્ચ થયેલ. સાથોસાથ નદીની સ્વચ્છતા માટે બાયોરેમેડિયલ ટેક્નોલૉજીથી લીલ દૂર કરવામાં આવી છે તથા ફ્લોટિંગ ટ્રેશ રિમુવલ કમ હાર્ડવેસ્ટર મશીન નદીની સફાઈ માટે વાપરવામાં આવશે. સાથોસાથ કચરો અને ગંદકી અટકાવવા સામગ્રી ઠાલવતા નાગરિકોને દંડ કરાશે. તે માટે દરેક પૂલ ઉપર હેલ્થ ઈન્સ્પેક્ટરો તૈનાત કરાશે. કચરો ફેંકનાર સામે શિક્ષાત્મક પગલાંની જોગવાઈની વાત કરી છે તેમજ બન્ને કાંઠાની દેખરેખ માટે મોબાઇલ હેલ્થ માર્શલ્સની પણ જોગવાઈ કરવામાં આવશે.

વિશ્વભરમાં ઘણી બધી નદીઓ પ્રદૂષિત થયેલ છે, જેમાં યુરોપની સ્ફાઇન, ફ્રાંસની સેઈને, અમેરિકાની મિન્નેસોટા અને ભારતની ગંગા કે યમુના પણ બાકાત નથી. તો જરૂર છે એક લોક-જાગૃતિની...

સુવ્યવસ્થિત અને સુનિયોજિત આયોજન જ દેશને વિકાસ અને પ્રગતિ તરફ લઈ જાય છે. ભારતમાં મોટા ભાગના ગામડાઓ અને શહેરોમાં આજે ગ્રામ પંચાયતો કે નગરપાલિકાઓના વ્યવસ્થિત આયોજનના અભાવે ગામ અને શહેરોમાં અસ્વચ્છતા અને ગંદકીની સમસ્યાઓ વ્યાપક જોવા મળે છે, જેના લીધે જાહેર આરોગ્ય, સ્વચ્છતા અને પર્યાવરણ ક્ષેત્રે ભય ઊભો થયો છે.

ભારતમાં ગામડાઓના લોકોની માનસિકતા બદલવી એ અતિ મહત્ત્વની બાબત છે. લોકોની માનસિકતા બદલવા સ્વચ્છતાની સુરક્ષાનો સંદેશ પહોંચાડવા સેલિબ્રિટીઓ અને રમતવીરો કે સામાજિક કાર્યકરોનો સહકાર જરૂરી બને છે. આ સાથે શિક્ષણ અને સંદેશાવ્યવહારના માધ્યમો જેવા કે રેડિયો કે ટેલિવિઝન દ્વારા પ્રચાર અને પ્રસાર માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચી, આપણા પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારત માટેના વિઝનને સફળ બનાવી શકાય. તેઓના જણાવ્યા અનુસાર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૨૦૧૯માં ઉજવાનારી ૧૫૦મીં જન્મ જયંતીને ધ્યાનમાં લઈ જનભાગીદારીથી સ્વચ્છતાનું અભિયાન હાથ ધરી દેશનાં તમામ ગામડાં અને શહેરો કે મહાનગરો તેમજ કુદરતી સંપતિના સ્રોતોની સફાઈ એ જ રાષ્ટ્રપિતાને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

**''સ્વચ્છ ભારત એ જ આઝાદ ભારત.''**

**(લેખકશ્રી વી.એમ. સાકરીયા મહિલા આર્ટ્સ કૉલેજ, બોટાદમાં એસોસિએટેડ પ્રોફેસર છે.)**

**પ્રકાશન વિભાગનાં ગુજરાતી પુસ્તકો ૫૦ ટકાના દરે ઉપલબ્ધ છે. મેળવવા માટે સંપર્ક કરો : યોજના કાર્યાલય**

# સ્વચ્છતા અને વિકાસનો સંગમ : "સ્વચ્છ ભારત મિશન"

• ડૉ. અર્ચના એ. પરમાર •

સ્વચ્છતાના પાઠ અને તેનું મહત્ત્વ પ્રાથમિક શિક્ષણ સમયે સમજાવાય છે, કારણ કે સ્વચ્છતાનો ખ્યાલ દેશના વિકાસ સાથે માનવીય આરોગ્ય સાથે જોડાયેલ છે. વૈશ્વિક સ્તરે પ્રતિ વર્ષ ૯.૨ મિલિયન કેસ ટી.બી.ના નોંધાય છે. જેમાંથી ભારતમાં ૧.૯ મિલિયન ટી.બી.ના કેસ નોંધાય છે. અર્થાત્ વિશ્વના કુલ ટીબી કેસોમાંથી ૧/૫ કેસો ભારતમાં જોવા મળે છે. આ તો માત્ર એક વૈશ્વિક અહેવાલની વાત હતી. આપણી નજર સમક્ષ રોજિંદા સમાચારો આવે છે જે મુજબ કૉલેરા, મેલેરિયા, વાઈરલ ઈન્ફેકશન એ સામાન્ય બની ગયા છે. આ બધું થાય છે અસ્વચ્છતાના કારણે. ગંદકીથી ફેલાતા જીવાણુઓથી આર્થિક નુકસાન પણ થાય છે. વર્લ્ડ બૅંક દ્વારા હાથ ધરવામાં આવેલ અભ્યાસ "South Asia Water and Sanitation Unit"માં જણાવ્યું છે કે, ભારત અંદાજે વાર્ષિક ૨૪૦ બિલિયનની આવક ગુમાવે છે સેનિટેશન સુવિધાના અભાવે. સ્વચ્છતા એ વિકાસની ચાવી છે તો આરોગ્યનો પાયો પણ સ્વચ્છતા જ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને વર્તમાન સમયમાં એક કાર્યક્રમ રજૂ કરાયો જે સ્વચ્છતા, વિકાસ અને સામાજિક પરિવર્તનનો સંગમ છે, જે સ્વચ્છ ભારત મિશન કે Clean India Campaign તરીકે ઓળખાય છે. અનેક લોકો એને સ્વચ્છ ભારતના નિર્માણ તરફનું મહત્ત્વનું પગલું માને છે. આ કાર્યક્રમ અને તેનાં સંભવિત સારા પરિણામો, પડકારોની આછેરી ઝલક મેળવીએ.

### સ્વચ્છતા અને ભારત

સ્વચ્છતા સંબંધિત ખ્યાલ એ સમગ્ર સમાજ અને સમુદાય સાથે સંબંધિત છે. સ્વચ્છતા એ સંકલિત ઘટક છે આરોગ્યવિષયક માળખા અને વિકાસ એજન્ડાનું આ બાબતને ધ્યાનમાં રાખીને ૧૯૮૬માં ભારત સરકાર દ્વારા ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ગ્રામીણ સેનિટેશન કાર્યક્રમ રજૂ થયો. દેશનો આ પ્રથમ સેનિટેશન કાર્યક્રમ CRSP (Central Rural Sanitation Programme) તરીકે ઓળખાયો, જે અનેક કારણોસર નિષ્ફળ રહ્યો. ૧૯૯૯માં TSC (Total Sanitation Campaign) લોન્ચ કરવામાં આવ્યો. જેનો હેતુ ૨૦૧૨ સુધીમાં સાર્વત્રિક ગ્રામીણ સેનિટેશનની સુવિધા ઊભી કરવાનું હતું, જેમાં પંચાયતીરાજને માધ્યમ બનાવાયું. આ કાર્યક્રમ મહદ્અંશે સફળ રહ્યો, છતાં આજે પણ ૭૨ ટકા લોકો પાસે સેનિટેશનની સુવિધા નથી. મોટા ભાગના વેસ્ટનો નિકાલ નદી કે કેનાલમાં થાય છે. ગમે ત્યાં કચરાના ઢગલાઓ, ગંદાં પાણીનો નિકાલ, આ બધામાં કોણ દોષિત છે ?? તેમાં દોષિત છે એ બધા લોકો જે પોતાના ઘરને ચોખ્ખું રાખે છે પણ જાહેર સ્થળે પાનની પિચકારી વગર ખચકાટે એ મારે છે, એ દોષિત છે જે પોતાના ઘરના કચરાનો નિકાલ ગમે ત્યાં કરે છે. સ્વચ્છતા એ કોઈ એક વ્યક્તિ, સંસ્થા કે રાજ્ય-કેન્દ્ર સરકારની માત્ર જવાબદારી નથી. એ જવાબદારી છે ૧૨૫ કરોડ ભારતીયોની. આ બાબતને ધ્યાનમાં લઈ સ્વચ્છ ભારત મિશન શરૂ કરાયું.

### સ્વચ્છ ભારત મિશન - રૂપરેખા

સ્વચ્છતા અને વિકાસ આ બન્ને ખ્યાલો શું એકબીજા સાથે સંબંધિત છે ?? સામાન્ય રીતે સ્વચ્છતા એટલે ગંદકી અને અશુદ્ધિરહિતનું વાતાવરણ. વિકાસ એટલે વિવિધ ક્ષેત્રોનો વિકાસ અને લોકોની આવક અને સુખાકારીમાં વધારો. આ બન્ને ખ્યાલનો શું સંબંધ છે ??? WHOના મતે ભારતમાં પ્રતિ વર્ષ માથાદીઠ રૂ. ૬,૫૦૦ની આવક દરેક ભારતીય ગુમાવે છે સેનિટેશનના અભાવે. આ સંબંધ છે સ્વચ્છતા અને વિકાસનો, જેમાં સ્વચ્છતાને અભાવે વિકાસ રૂંધાય છે.

### (૧) કાર્યક્રમની જાહેરાત

૨ ઑક્ટોબરે મહાત્મા ગાંધીની જન્મજયંતી. આ દિવસે સ્વચ્છ ભારત મિશન લોન્ચ કરવામાં આવ્યું. જેમાં ગાંધીજીનાં બે સ્વપ્ન Quit India અને Clean Indiaની વાત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કરી. Quit Indiaનું સ્વપ્ન સાકાર થઈ ગયું પરંતુ Clean Indiaનું સ્વપ્ન આઝાદીનાં ૬૮ વર્ષ પછી પણ સાકાર થયું નથી. આથી આ

કાર્યક્રમનો સમયગાળો ૨૦૧૪-૨૦૧૯ નિર્ધારિત કરાયો. ૨ ઑક્ટોબર, ૨૦૧૯ના રોજ ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ છે ત્યારે આ કાર્યક્રમ પૂર્ણ થશે અને ગાંધીજીને સ્વચ્છ ભારતની ભેટ આપવામાં આવશે.

**(૨) કાર્યક્રમના ઉદ્દેશો**

- વ્યક્તિગત શૌચાલય, ક્લસ્ટર અને કોમ્યુનિટી શૌચાલય બનાવવામાં આવશે.
- યોગ્ય કર્મચારી નિયુક્ત કરવામાં આવશે જે લોકોની વર્તણૂક બદલવામાં અને શૌચાલય સુવિધાને પ્રોત્સાહિત કરશે.
- શહેરો-ગ્રામ્ય વિસ્તારોને ચોખ્ખા રાખવા.
- ઘન અને દ્રવ્ય કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવો, જેમાં ગ્રામ પંચાયત મદદ કરશે.
- ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની પાઈપ લાઇન નાખવી અને પૂરતું વૉટર સપ્લાય બધાં જ ઘરને ૨૦૧૯ સુધીમાં પ્રાપ્ત કરાવવું.

ઉપરોક્ત ઉદ્દેશો પરિપૂર્ણ કરવા માટે લોકોએ એક વર્ષમાં ૧૦૦ કલાક અથવા એક અઠવાડિયામાં બે કલાક જાહેર સ્વચ્છતા માટે ફાળવવા. જો આ રીતે જનતાની સહભાગીદારી હશે તો આ મિશન જરૂર સફળ થઈ શકશે. આ કાર્યક્રમ અંતર્ગત પ્રતિદિન ૬૬,૫૭૫ હાઉસહોલ્ડ શૌચાલય બનાવાશે અને ૫૬,૯૨૮ શૌચાલય સ્કૂલ અને જાહેર વ્યવસ્થા અંતર્ગત નિર્માણ કરવા. નવી સ્કૂલ, કૉલેજ, બસ સ્ટેન્ડ, ડિસ્પેન્સરીને શૌચાલયની સુવિધા ન હોય તો મંજૂરી ન આપવી.

**(૩) કાર્યક્રમની સફળતાથી પ્રાપ્ત થનારા ફાયદાઓ**

જો આ કાર્યક્રમમાં લોકો મનથી સહભાગી બનશે અને ધાર્યા લક્ષ્યાંકો પ્રાપ્ત થશે તો નીચે મુજબના ફાયદા થઈ શકે, પણ જો સફળતા મળે તો...

- પ્રવાસન ક્ષેત્રનો વિકાસ વધુ થઈ શકે, જો દેશમાં ચોતરફ સ્વચ્છતાનું વાતાવરણ હોય. પ્રવાસન જી.ડી.પી.માં ૬.૬ ટકાનો હિસ્સો આપે છે અને ૩૯.૫ મિલિયન લોકોને રોજગારી આપે છે. આપણા પ્રવાસન ક્ષેત્રના વિકાસ સામે બાધક છે સ્વચ્છતાનો અભાવ. સ્વચ્છ ભારત મિશન સફળ થાય તો લાખો લોકોને પર્યટન ક્ષેત્ર દ્વારા રોજી મળી શકે અને બેરોજગારીની સમસ્યાને હળવી કરી શકાય અને પ્રવાસનથી આવકસર્જન કરી શકાય.
- ભારતમાં લાખો લોકો બીમારીથી મૃત્યુ પામે છે જે અસ્વચ્છતાનું પરિણામ છે. ખુલ્લામાં શૌચ જવાથી હજારો બાળકોનું પ્રતિ વર્ષ મૃત્યુ થાય છે, જે આ મિશનથી નિવારી શકાય. હજુ પણ અનેક ઘરોમાં શૌચાલયની સુવિધા નથી જે આ કાર્યક્રમથી થઈ શકશે.
- વિદેશી મૂડીરોકાણને આકર્ષી શકાશે... FDI અને સ્વચ્છતાને શું સંબંધ ?? એ પ્રશ્ન મનમાં જરૂર ઉદ્ભવે. સંબંધ છે, તેનું ઉદાહરણ છે સિંગાપોર... સિંગાપોરમાં ૧૯૭૭ થી ૧૯૮૭ દરમ્યાન એક સ્વચ્છતા કાર્યક્રમ શરૂ કરાયો. આ દશકો ‘Keep Singapore Clean’ તરીકે ઓળખાયો. આ કાર્યક્રમના અમલથી સિંગાપોરમાં FDIનું પ્રમાણ અકલ્પનીય રીતે વધ્યું અને વિકાસશીલ રાષ્ટ્રમાંથી વિકસિત રાષ્ટ્ર બનવા પામ્યું. આપણે પણ ‘Keep India Clean’નો અભિગમ અપનાવીને FDI વધારી શકાય.

આ સિવાય અનેક આર્થિક-સામાજિક ફાયદાઓ પ્રાપ્ત થઈ શકે જો સ્વચ્છ ભારત મિશન સફળ બનાવી શકાય.

**(૪) કાર્યક્રમ સામેના પડકારો**

- ભારતના અનેક રાજયોમાં શૌચાલયની સુવિધા હોવા છતાં ઘર દીઠ ઓછામાં ઓછો એક સભ્ય શૌચાલયના બદલે ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરે છે. આવી માનસિકતા હોય ત્યાં નવા શૌચાલયો બનાવીને પણ શું ફાયદો ?? આ લોકોની માનસિકતા કંઈ રીતે બદલી શકાય. ૭૦૦ મિલિયન લોકો ખુલ્લી જગ્યાનો શૌચાલય માટે ઉપયોગ કરે છે.
- આ કાર્યક્રમ માટે કુલ ૬૨,૦૦૯ કરોડનો ખર્ચ થશે જેમાં કેન્દ્રની સૂચિત સહાય રૂપિયા ૧૪,૬૨૩ કરોડની મળનાર છે પરંતુ બાકીની રકમની જોગવાઈ કઈ રીતે થશે ?? આ માટે સ્વચ્છ ભારત કોષ (SKB)ની રચના કરવામાં આવી અને કંપનીઓને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) હેઠળ ફાળો આપવા નિવેદન કરાયું છે. પણ આ કાર્યક્રમમાં જે ખર્ચ થશે એની નાણાકીય જોગવાઈ કરવી સરળ નથી. છતાં આ બહુ મોટો પડકાર ના કહી શકાય.

- શહેરોમાં ૬,૦૦૦ ટન પ્લાસ્ટિક પ્રતિદિન ઠલવાય છે, જે એકત્રિત કરાતું નથી. આવા કચરાનો યોગ્ય નિકાલ બધા જ વિસ્તારોમાં કંઈ રીતે શક્ય બનશે એ યક્ષપ્રશ્ન છે, કારણ કે આપણા ૨૯ રાજ્યોમાં દરેક જિલ્લા અને તાલુકાને ગ્રામ્ય વિસ્તારોમાંથી ગંદકી હટાવીને સેનિટેશન સુવિધા પૂરી પાડવી એ મુશ્કેલ છે. કોઈપણ કાર્યક્રમ નાના વિસ્તાર કે લિમિટેડ એરિયામાં સફળ કરવો સહેલો હોય પણ જેનો વ્યાપ વધુ હોય તેનું સફળ થવું ખૂબ જહેમત માગી લે છે.
- આ કાર્યક્રમમાં દરેક વ્યક્તિને વર્ષમાં ૧૦૦ કલાક સ્વચ્છતા માટે ફાળવવા નિવેદન કરાયું છે ત્યારે આ સામાજિક જવાબદારી નિભાવવા કેટલા લોકો તૈયાર થશે. ઑક્ટોબરથી શરૂ થયેલ આ કાર્યક્રમમાં હજુ પણ જનતાની સામેલગીરી થવા પામી નથી. પાંચ વર્ષના સમયગાળામાં ગંદકીમુક્ત ભારતનું સ્વપ્ન સાકાર થશે ?? ગરીબ લોકોને આવાસની પૂરતી સુવિધા નથી ત્યાં સેનિટેશનની વાત તો કલ્પના સમાન કહી શકાય.
- પ્લાસ્ટિક બેગને પ્રતિબંધિત કરવામાં આવી છે પરંતુ તેમ છતાં લોકો એનો ઉપયોગ કરે છે. સરકારનું કામ નિયમો બનાવવા અને એનો અમલ થાય એનું મોનિટિરિંગ કરવાનું છે પણ જે લોકો માટે નિયમ બનાવાય છે એ નિયમ પાળશે નહીં તો દરેક વ્યક્તિ પર સરકારશ્રી નજર ન રાખી શકે. શિસ્ત સ્વયં રીતે વિકસાવવી પડે. ભારતીયો માટે કહેવાય છે કે, CIVIC Sense વિકસિત રાષ્ટ્રો જેવી નથી. લોકો ગમે ત્યાં ગમે તેમ કચરાનો નિકાલ કરે છે. ત્યારે આ કાર્યક્રમ સફળ થવા સામે અનેક પડકારો છે.

ભારતને સ્વચ્છ બનાવવા અનેક સરકારી કાર્યક્રમો રજૂ કરાયા, પણ જ્યાં સુધી જનતાની સામેલગીરી નહીં થાય ત્યાં સુધી કોઈ પણ કાર્યક્રમ સફળ થઈ શકશે નહીં. આ તકે લિયો ટૉલ્સટૉયનું વાક્ય યાદ આવે છે : "Every one thinks of changing the world but no one thinks of changing himself". આ વાક્ય સ્વચ્છ ભારત મિશનને પણ લાગુ પડે છે. દરેક વ્યક્તિ ભારતને બદલવાની વાત કરે છે પરંતુ પોતાની જાતને બદલીને, પોતાની ટેવોને બદલીને સ્વચ્છતાનું નિર્માણ કરવામાં પોતાનું યોગદાન આપશે નહીં. સફાઈ એ માત્ર સફાઈ કર્મચારીઓનું જ કામ નથી. એ આપણી બધાની સામૂહિક જવાબદારી છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બહાર પડાયેલ સાર્વત્રિક અધિકારનામાના આર્ટિકલ ૨૫મા દર્શાવ્યું છે કે દરેક વ્યક્તિને સારા આરોગ્યને મેળવવાનો અધિકાર છે. તો સારા આરોગ્ય મેળવવાના અધિકાર સાથે સારા આરોગ્ય માટે સ્વચ્છતા જાળવવી એ ફરજ નિભાવવી ન જોઈએ ??? આપણને અધિકાર યાદ રહે છે પણ ફરજોને વિસરી જઈએ છીએ.

**(લેખિકા શ્રી દોશી આર્ટ્સ-કોમર્સ કૉલેજ, વાંકાનેરમાં પ્રાધ્યાપક છે.)**





**Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal**

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :
**Business Manager (Journals)**
Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
The Director, Publications Division, Ministry of I & B, Payable at New Delhi

# ભારતમાં સામાજિક પરિવર્તનની રૂપરેખા

• સોમાભાઈ એલ. ઠાકોર •

**પ્રસ્તાવના**

સમાજમાં નિરંતર એક સાથે બે પ્રકારની પ્રક્રિયાઓ ચાલ્યા કરે છે. એક પ્રક્રિયા સમાજને ટકાવી રાખવાનું કામ કરે છે, જ્યારે બીજી તેમાં સતત પરિવર્તન લાવ્યા કરે છે. આમ, પરિવર્તન એ સમાજની અનિવાર્ય પ્રક્રિયા છે. સમાજશાસ્ત્રનો શબ્દકોષ દર્શાવે છે કે, ''સામાજિક પ્રક્રિયાની ઢબ કે સ્વરૂપની કોઈ પણ બાજુમાં થતા ફેરફારને સામાજિક પરિવર્તન કહેવામાં આવે છે.'' આ પરિવર્તન પ્રગતિસૂચક હોય કે વિગતસૂચક હોય, કાયમી હોય કે હંગામી હોય, એક દિશામાં હોય કે વિવિધ દિશામાં હોય, નુકસાનકારક હોય કે લાભદાયક હોય, પરંતુ જ્યારે સામાજિક પ્રક્રિયાની ઢાળ કે સ્વરૂપની કોઈ પણ બાજુમાં સુધારો કે ફેરફાર થાય તેને સામાજિક પરિવર્તન કહેવામાં આવે છે. આમ, રચનાતંત્રો અને કાર્યવ્યવસ્થામાં આવતા ફેરફારને સામાજિક પરિવર્તન તરીકે ઓળખવામાં આવે છે.

**ભારતમાં સામાજિક પરિવર્તનની રૂપરેખા**

પરિવર્તન એ પ્રકૃતિનો નિયમ છે. પરિવર્તન એ બધી વસ્તુઓની આકૃતિને બદલે છે. પરિવર્તન એ કંઈ નવી પળ નથી પણ એ એક એવો સમય છે, જે સમયની સાથે કંઈ નવી ધારણાઓ પેદા થતી રહે છે. માનવી સ્વભાવથી ગતિશીલ પ્રાણી છે. માનવસમાજમાં પરિવર્તનની પ્રક્રિયા ચાલતી રહે છે. સમાજમાં જ્યારે પરિવર્તન આવે ત્યારે તે ભિન્નભિન્ન સ્વરૂપથી ઓળખવામાં આવે છે. પરિવર્તન શબ્દને બે રીતે સમજાવી શકાય : આંતરિક પરિવર્તન અને બાહ્ય પરિવર્તન. આપણે અહીં ભારતમાં સામાજિક પરિવર્તનની ચર્ચા કરીશું.

**૧. સામાજિક સંસ્થાઓમાં પરિવર્તન**

સામાજિક વ્યવસ્થામાં ઘણા બધા રૂઢિવાદી વિચારોનો સમાગમ છે. આજે કુટુંબ, લગ્ન, જાતિ, સંસ્થા, સામાજિક, આર્થિક, રાજનૈતિક વ્યવસ્થામાં ઘણાં બધાં પરિવર્તન થયાં છે. સંયુક્ત કુટુંબ ક્રમશઃ નાનાં થઈ ગયાં છે અને વિભક્ત કુટુંબ તેમની જગ્યાઓ લઈ રહ્યાં છે. સ્ત્રીઓથી જોડાયેલ સામાજિક વિધાન બનાવ્યા પછી લગ્નની સંસ્થામાં તીવ્રતાથી પરિવર્તન આવ્યાં છે. બાળવિવાહની પ્રથા ઓછાવત્તા પ્રમાણમાં સમાપ્ત થઈ છે. વિધવા પુનઃવિવાહ થવા લાગ્યાં છે. સંપત્તિમાં સ્ત્રીઓને અધિકાર મળી ચૂક્યાં છે, હવે તેમને પુત્ર દત્તક અથવા ગોદ લેવાની સુવિધા છે. સ્ત્રીઓ શિક્ષણના બળે પુરુષોની હરીફાઈ કરી રહી છે. શહેરી વિસ્તારમાં તેમની ગતિશીલતામાં ઘણા બધા બદલાવ આવ્યા છે. વર્તમાનમાં સ્ત્રીઓ ઘરેથી બહાર જઈ કામ કરે છે તેમજ સ્ત્રી-પુરુષ સંબંધ વિષયક મૂલ્યોમાં પરિવર્તન દેખાઈ આવ્યાં છે. તેનાથી કુટુંબની સંરચનામાં પણ અંતર આવ્યું છે અને સ્ત્રી-પુરુષની સ્થિતિઓ તેમજ કાર્ય પર પ્રભાવ પડ્યો છે.

**૨. જાતિય વ્યવસ્થામાં પરિવર્તન**

વર્તમાન ભારતીય સમાજમાં જાતિ (વર્ણવ્યવસ્થા) ઘણી પ્રાચીન છે, પણ તેમાં સમયની સાથે બદલાવથી અને નવા નવા સંઘર્ષ વચ્ચે નવી જાતિઓનો ઉદય થયો છે. આ સંઘર્ષના કારણે કેટલીક જાતિઓને વધારે ઊંચું સ્થાન મળ્યું છે. આ રીતે જાતિવ્યવસ્થા અંતર્ગત સામાજિક વિસ્તરણમાં વિશિષ્ટ જાતિનું સ્થાન બદલાઈ રહ્યું છે, પરંતુ હજી આમાં કંઈ મહત્ત્વનું પરિવર્તન આવી શક્યું નથી. જાતિઓની જાતિવાદની પંચાયતનું સામાજિક નિયંત્રણમાં મહત્ત્વ પહેલાં કરતાં ઘણું ઓછું થઈ ગયું છે. એક બાજુ ઘટનાને ઉશ્કેરવાની પ્રવૃત્તિઓ દેખાઈ આવે છે, પણ બીજી બાજુ શિક્ષણનો પ્રચાર-પ્રસાર, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ વગેરે પ્રક્રિયાથી જાતિવાદને ઓછી પ્રાથમિક્તા મળી રહી છે. ભવિષ્યમાં જાતિવ્યવસ્થાનું સ્વરૂપ કેવું હશે ? આ નિશ્ચિત છે પણ સ્પષ્ટ એ છે કે જાતિવ્યવસ્થા ક્યારેય પણ એક સરખી નથી રહી. આમાં બદલાવ થતા રહ્યા છે.

**૩. યજમાની સંબંધ**

પ્રાચીન સમયથી આપણા દેશમાં આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં ઘનિષ્ઠતા રહી છે. દા.ત., ગામડાઓમાં વિવિધ જાતિઓના સભ્યોના પારસ્પરિક સંબંધ યજમાની વ્યવસ્થાથી નિયંત્રિત થતા રહ્યા છે. આ વ્યવસ્થાથી લોકોમાં સામાજિક અને આર્થિક બન્ને પ્રકારના

સંબંધ નક્કી થાય છે. આમાં કઈ જાતિઓ અન્ય જાતિઓની યજમાન થાય છે. વર્તમાન પરિપ્રેક્ષ્યનાં જાતિગત સ્વરૂપમાં બદલાવના કારણે યજમાની પ્રથા લગભગ ખતમ થઈ ગઈ છે. હવે વિવિધ વ્યક્તિના પારસ્પરિક સંબંધ યજમાની પ્રથા પરથી નહિ પણ તેમની આર્થિક રાજનૈતિક પરિસ્થિતિ પર નક્કી થાય છે. આઝાદી પહેલાં ભારતમાં આ પ્રથા ગામોમાં ચાલુ હતી. હવે આમાં અંત આવી ચૂક્યો છે તથા નવું સ્વરૂપ ધારણ કરી લીધું છે.

**૪. ઔદ્યોગિકીકરણમાં બદલાવ**

ઔદ્યોગિકીકરણ અને ટેક્નોલૉજીના બદલાવથી ભારતની સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન આવ્યું છે. બીજા દેશોની તુલનામાં અહીંયાં સામાજિક પરિવર્તન ટેક્નોલૉજી પરિવર્તનથી પાછળ રહી ગયેલ હોય તેમ દેખાઈ આવે છે. પશ્ચિમના દેશોના સંપર્કમાં આવવાથી ભારતમાં નવી-નવી ટેક્નોલૉજી, નવાં નવાં મશીનો, વાહનવ્યહાર અને સંદેશવ્યવહારના સાધન વગેરે જેવી ટેક્નોલૉજીની વિવિધ વસ્તુઓ ઝડપથી અપનાવાઈ રહી છે. મોટા મોટા ભારતીય નગર ટેક્નોલૉજીની દૃષ્ટિએ પશ્ચિમી નગરોથી કોઈ પણ રીતે ઓછાં નથી, પણ બીજી બાજુ સામાજિક સંબંધને હજુ પણ પશ્ચિમના સામાજિક સંબંધોથી બહુ અલગ માનવામાં આવે છે. એશિયા અને જાપાનમાં જેવું આધુનિકીકરણ અને પશ્ચિમીકરણ થયું છે એવું ભારતમાં થયું નથી. સામાજિક પરિવર્તન થયું છે પણ એ પરિવર્તનમાં પાછળ રહેવાનું મુખ્ય કારણ રાજનૈતિક કારણ છે. આધુનિક કાળમાં અગ્રેજોની વિરુદ્ધ સ્વતંત્રતાની ચળવળ ચલાવવાવાળા નેતાઓએ સ્વદેશીનું આંદોલન ચલાવ્યું. ભારતમાં સામાજિક સંસ્થાઓની સંરચના, વેશભૂષા, રીતરિવાજ વગેરેમાં ફરીથી પ્રાચીન ભારતીય મૂલ્યોને સ્થાપિત કરવાની કોશિશ કરાઈ છે. શ્રી અરવિંદ જેવા વિચારકોએ પ્રાચીન ભારતીય સંસ્કૃતિના મહત્ત્વને ફરીથી સ્પષ્ટ કર્યું અને પશ્ચિમી આલોચકોને જડબાતોડ જવાબ આપ્યો. રાજનૈતિક દૃષ્ટિથી સ્વદેશી આંદોલનોથી રાષ્ટ્રીય ચેતના જાગૃત થઈ, પણ સામાજિક દૃષ્ટિથી સામાજિક પરિવર્તનની પ્રક્રિયા પાછળ રહી ગઈ. સમકાલીન ભારતમાં સામાજિક પરિવર્તનમાં લોકશાહી મૂલ્યો તરફ સામાન્ય પ્રવૃત્તિ દેખાઈ આવે છે. આર્થિક, સામાજિક, રાજનૈતિક બધાં જ ક્ષેત્રોમાં સ્વતંત્રતા અને સમાનતાનાં મૂલ્યો વધતા જઈ રહ્યા છે. સામાજિક નિયંત્રણ ઢીલું થઈ રહ્યું છે. લોકો પોતાની મરજીથી સ્વયં સમજી, વિચાર કરી કામ કરવા ઇચ્છે છે. કુટુંબનું અનુશાસન ઘણું ઓછું થઈ ગયું છે. નવી પેઢીના યુવક, યુવતીઓ પસંદગીથી લગ્ન કરવા યોગ્ય સમજે છે અને વડીલો દ્વારા લગ્ન નક્કી કરવું એ પસંદ કરતા નથી.

**સામાજિક પરિવર્તનમાં પંચવર્ષીય યોજનાનું મહત્ત્વ**

ભારતની પ્રથમ પંચવર્ષીય યોજના ૧ એપ્રિલ, ૧૯૫૧માં શરૂ કરવામાં આવી હતી. અત્યાર સુધી ભારતમાં ૧૧ વંચવર્ષીય યોજના પૂર્ણ થઈ ચૂકી છે અને હાલમાં ૧૨મી પંચવર્ષીય યોજના કાર્યરત છે. તેનો સમયગાળો ૨૦૧૨ થી ૨૦૧૭ છે. ભારતીય સમાજમાં સામાજિક અને આર્થિક વિકાસમાં પંચવર્ષીય યોજનાનો ફાળો અને વિશેષતાઓ આ મુજબ સમજી શકાય.

- આજે ભારતની વિશેષતા અને મહત્ત્વ દિવસે ને દિવસે વધતું રહ્યું છે, કેમ કે આજે આર્થિક અને સામાજિક જીવન વિસ્તૃત અને જટિલ થતું રહ્યું છે. આ જટિલ અને સામાજિક - આર્થિક આધુનિક પ્રવૃત્તિ અને સમસ્યાઓને સમજ્યા વગર મરજી પ્રમાણે ઉકેલ લાવવો અશક્ય છે. વૈજ્ઞાનિક આધારોથી યોગ્ય આયોજન કરી સામાજિક, આર્થિક લક્ષ્યાંકો તરફ વધવાથી વધારે લાભ ઉઠાવી શકીએ. તે થઈ પણ રહ્યું છે. ખરેખર પંચવર્ષીય યોજના વગર સામાજિક - આર્થિક લક્ષ્યાંકો મેળવવા મુશ્કેલ છે.
- ભારતીય સમાજ આજે અનેક પ્રકારની સમસ્યાઓથી ઘેરાયેલ છે. કૃષિપ્રધાન દેશ હોવા છતાં પણ કૃષિ ઉત્પાદનમાં પાછળ છે. આના પાછળનું મુખ્ય કારણ, કૃષિથી જોડાયેલી સુવિધાઓનો અભાવ અને વૈજ્ઞાનિક સાધનોનો અલ્પ ઉપયોગ છે. બીજી તરફ ઔદ્યોગિક ક્ષેત્રમાં ભારત પાછળ છે. કુટિર અને નાના ઉદ્યોગોની દશા ખરાબ છે. આ સિવાય બેરોજગારી, ગરીબી, વસ્તીની ભયંકર સમસ્યા, દેશની પ્રગતિ માટે ચેતવણી આપે છે. આ ચેતવણીનો ઉત્તર ક્યા પ્રકારે અને કેવી રીતે આપી શકાય ? આ ચેતવણીનો ઉત્તર એ છે વૈજ્ઞાનિક આધારો પર આધારિત આયોજન વડે આર્થિક સમસ્યાઓનો ઉકેલ શક્ય છે.
- આજના ભારતમાં વિવિધ

કલ્યાણકારી યોજનાઓની જરૂરિયાત છે. જેમ કે, માતૃત્વ, શિશુ કલ્યાણ કાર્યક્રમ, પરિવાર નિયોજન, આરોગ્ય, શિક્ષણ, ગંદી વસાહતોને હટાવવી, આદિજાતિ સમૂહોનું કલ્યાણ, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ કાર્ય, વિસ્થાપિતોનો પુનઃવસવાટ, શારીરિક અને માનસિક દૃષ્ટિએ અસમર્થ લોકોનું કલ્યાણ, મજૂરોનું કલ્યાણ વગેરે આયોજનના આધારે ભારત સરકાર સમાજકલ્યાણ કાર્યક્રમોને પોતે ક્રિયાન્વિત કરી શકે છે અને સાથે સ્વયમ્ એવી સ્વૈચ્છિક સંસ્થાઓને આર્થિક પીઠબળ આપી તેમના વડે જ તેમના માધ્યમથી અનેક કામ પાર પાડી શકે છે. ભારત સરકાર પોતાની પંચવર્ષીય યોજના થકી ઘણા બધા મહત્ત્વપૂર્ણ સમાજકલ્યાણ કાર્યક્રમોને દેશમાં લાગુ કરી રહી છે.

**સામાજિક પરિવર્તનમાં શિક્ષણ**

ભારતીય સમાજ સંસ્કૃતિ ઘણી પ્રાચીન છે. અહીં પ્રાચીન કાળથી ધર્મથી લઈ આજદિન સુધી વિવિધ મતભેદ જોવા મળે છે. અહીંના રીતરિવાજ પોતાનામાં એક આગવી ઓળખ ધરાવે છે.

આજે કુટુંબ, લગ્ન વગેરે સામાજિક સંસ્થાઓ તૂટી રહી છે. આજે જાતિવાદ વંશપરમ્પરા, મૂલ્યહીન સામાજિક જીવનને કારણે ભ્રષ્ટાચાર વધી રહ્યો છે. શિક્ષણના માધ્યમથી નીચે આપેલ સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન લાવી શકાય :

(૧) જાતિવાદ
(૨) અસ્પૃશ્યતા
(૩) વંશપરંપરા
(૪) ઊંચનીચના ભેદભાવ
(૫) સ્ત્રીઓનું સમાજમાં નીચું સ્થાન
(૬) સ્ત્રીઓની સાથે દૂરવ્યવહાર
(૭) ઉન્નત અને પછાત વર્ગો વચ્ચે વધતી જતી ખાઈ
(૮) દહેજપ્રથા
(૯) સામાજિક મૂલ્યોમાં ઘટાડો
(૧૦) કુટુંબનું તૂટક સ્વરૂપ (વિભક્ત કુટુંબ)

૧૨મી પંચવર્ષીય યોજના (૨૦૧૨-૨૦૧૭) શિક્ષણ અંતર્ગત નીચેના મુદ્દા સમાવી લેવામાં આવ્યા છે.

- ૧૨મી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં શિક્ષણ પ્રાપ્ત કરવા માટેની ઉંમર સાત વર્ષ સુધી કરવી.
- અર્થવ્યવસ્થાના કૌશલ્યોના અનુરૂપ જનસંખ્યાની પ્રત્યેક ઉંમરદીઠ જરૂરિયાત મુજબ ઉચ્ચ શિક્ષણ માટે પ્રત્યેક ઉંમરદીઠ ૨૦ લાખ સુધી ખાલી જગ્યાઓ પાડીને ઉચ્ચ શિક્ષણ માટેની તક ઊભી કરવી.
- ૧૨મી પંચવર્ષીય યોજનાના અંત સુધીમાં શિક્ષણમાં સામાજિક અને લૈંગિક તફાવત (છોકરા અને છોકરીઓ વચ્ચે, અનુસૂચિત જાતિઓ /અનુસૂચિત જનજાતિઓ / સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ અને સામાન્ય જાતિ વચ્ચે) દૂર કરવો.

દરેક સમાજમાં સ્થળ, સમય, પ્રદેશ અનુસાર પરિવર્તન આવતું રહે છે. તેમનું પરમ્પરાગત જીવન, વંશપરંપરાગત વ્યવસાય, કામ કરવાની અરુચિ, આંતરમાળખાકીય સુવિધાઓનો અભાવ, નિરક્ષરતા, ગરીબી, બેરોજગારી. અજ્ઞાનતા વગેરે કારણોસર સમાજમાં જોઈએ તેટલો બદલાવ આવી શક્યો નથી. ૨૧મી સદીના ટેક્નોલૉજીના યુગમાં ઝડપી ફેરફાર થઈ રહ્યા છે, પરંતુ ભારતના ગામડાંમાં હજુ પણ સામાજિક પરિવર્તનની પ્રક્રિયા ખૂબ જ ધીમી ગતિએ થઈ રહી છે. સમાજ માટે સર્વાંગી વિકાસનો અભિગમ અપનાવવો જોઈએ. અધિકારો અને પરમ્પરા અને વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને નવું આયોજન અને માળખું અપનાવવું જરૂરી છે. આમ થાય ત્યારે સંપૂર્ણ સામાજિક પરિવર્તન થઈ શકશે.

**સંદર્ભ :**

(૧) ભારતમાં સામાજિક પરિવર્તન - શ્રી સૌરભ ઉપાધ્યાય
(૨) આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન - શ્રી જે. પી. સિંહ
(૩) પ્રતિયોગિતા દર્પણ (ભારતીય અર્થવ્યવસ્થા)-૨૦૧૪
(૪) આયોજિત વિકાસ દ્વારા આદિવાસીઓમાં આવેલું પરિવર્તન (પીએચ.ડી.) શોધ નિબંધ- શ્રી અરવિંદ ભટ્ટ

લેખકશ્રી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં એમ.ફિલ. કરે છે.

**યોજના**
**આગામી આકર્ષણ**

**ફેબ્રુઆરી : ૨૦૧૫**

**સમવાયતંત્ર (ફેડરાલીઝમ) અને ભારતીય રાજનીતિ**

**માર્ચ : ૨૦૧૫**

**અંદાજપત્ર ૨૦૧૫-૧૬ (વિશેષાંક)**

# કાશ્મીરના સંરક્ષણ માટે સરદારે આઝાદી પછીના પ્રારંભના વર્ષોમાં કેવા ક્રાંતિકારી કદમ ઉઠાવ્યા હતા ?

● પ્રભાકર ખમાર ●

કટોકટી કાળમાં 'જો' અને 'તો' જેવાં અનુમાનો, અંદાજો અને અટકળોને બહુ સ્થાન હોતું નથી. એ સમયે તો ત્વરિત નિર્ણય સાથે એકશન જ હોય.

સરદારશ્રી આજે હોત તો ? શું કરત કે શું કહેત - એવી કલ્પના અપ્રસ્તુત અને અવાસ્તવિક લાગે છે, છતાં કેટલીક વાર સમકાલીન પરિસ્થિતિને મૂલવવા ભૂતકાલીન પરિસ્થિતિનું અવલોકન આવશ્યક અને સાર્થક નીવડે છે. ઇતિહાસના મૂલ્યાંકનની દૃષ્ટિ તેમજ હકીકત દોષના નિવારણ માટે પણ આવી માનસિક કસરત ઉપયોગી બને છે.

આઝાદી પછી ભારતીય ભૂમિમાં જો સૌથી મોટી સમસ્યા હોય તો તે કાશ્મીરની છે. અણઆવડત અને સ્વાર્થી રાજનીતિએ આ સરહદી રાજ્યમાં આતંકવાદને વધુ ને વધુ ઉગ્ર બનાવ્યો છે. ૫ લાખ જેટલા સુરક્ષાકર્મીઓને ત્યાં ગોઠવવામાં આવ્યા છે, છતાંય વકરતા ત્રાસવાદને નાથવામાં નિષ્ફળતા સાંપડી છે. આ પરિસ્થિતિમાં સરદાર વલ્લભભાઈ આજે હોત તો કાશ્મીરમાં સરકારી રાહે કેવાં ક્રાંતિકારી પગલાં ભર્યાં હોત એવો ઉદ્ગાર સ્વાભાવિકપણે જ આમજનતાના મનમાં ઉદ્ભવે છે ત્યારે આઝાદીના આરંભના દિવસોમાં કાશ્મીરનું રક્ષણ કરવામાં સરદારશ્રીએ સમયોચિત કેવા કદમ ઉઠાવ્યાં હતાં એનું અવલોકન કરવાથી 'સરદાર આજે હોત તો કાશ્મીરમાં શું કરત ?'' એ પ્રશ્નનો જવાબ આપોઆપ એમનાં કાર્યમાંથી જ મળી રહે છે.

**'સ્લેન્ડર વોઝ ધ ગ્રેડ' પુસ્તક શું કહે છે ?**

૨૩મી ઑક્ટોબર, ૧૯૪૭નો એ દિવસ ભારતને આઝાદી મળ્યાને હજુ તો માત્ર બે મહિના જેટલો જ સમય પ્રસાર થયો હતો. પાકિસ્તાનમાંથી પાંચ હજાર જેટલા તાયફાવાળા કાશ્મીરમાં ઘૂસી આવ્યા. આ તાયફાવાળા એટલે પાકિસ્તાનના સરહદ પ્રાંતના આદિજાતિ પ્રજાજનો. પાકિસ્તાન પ્રેરિત આ ત્રાસવાદી તત્ત્વોએ શસ્ત્ર-સરંજામ સાથે ૩૦૦ જેટલા ખટારા ભરીને કાશ્મીરમાં અંધાધૂંધ આક્રમણ કર્યું હતું. બારામુલ્લા સહિત કેટલાંક શહેરો પર કબજો જમાવી આ આક્રમણખોરો નવેમ્બરની ૪થી તારીખે કાશ્મીરના પાટનગર શ્રીનગરની સરહદ સુધી પહોંચી ગયા. મહારાજાએ ભયભીત બની પોતાનો જાન બચાવવા હિન્દુ વસ્તી ધરાવતા જમ્મુમાં આશરો લીધો હતો. શ્રીનગર શહેરના રક્ષણની જવાબદારી ભારતીય લશ્કરના બ્રિગેડિયર એલ. પી. સેનના નેતૃત્વ નીચે ૧૬૧ની બ્રિગેડને હસ્તક હતી, પરંતુ ૫,૦૦૦ જેટલા સશસ્ત્રખોરોનો સામનો કરવો મુશ્કેલ હતો. બ્રિગેડિયર સેને દિલ્હીમાં નાયબ વડા પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલનો સંપર્ક કર્યો. પરિસ્થિતિની ગંભીરતા જોઈ જાતમાહિતી માટે સરદારે તુરત જ શ્રીનગર જવાનો નિર્ણય કર્યો. સાથે સંરક્ષણ મંત્રી બળદેવસિંહ અને મણિબેન હતાં. એરપોર્ટથી સીધા લશ્કરી મથકે પહોંચી ગયા.

એ પછીની હકીકતો બ્રિગેડિયર એલ.પી. સેન લિખિત 'સ્લેન્ડર વોઝ ધ ગ્રેડ' પુસ્તકમાં સેનના શબ્દોમાં જ જાણીએ.

''મેં પરિસ્થિતિનો ચિતાર આપવાની શરૂઆત કરી કે થોડી જ વારમાં સરદાર પટેલે આંખો મીંચી દીધી. મને થયું કે વિમાની મુસાફરીના પરિશ્રમને કારણે એમણે ઊંઘ આવી ગઈ હશે. મારું બોલવાનું પૂરું કરીને મેં સંરક્ષણમંત્રી સરદાર બળદેવસિંહ સામે જોયું અને સીધો સવાલ કર્યો : ''મારે શ્રીનગરને એના નસીબ પર છોડીને હુમલાખોરોને ખીણમાંથી હાંકી કાઢવાના છે કે શ્રીનગરને બચાવવાનું છે ?'' સરદાર પટેલ હલ્યા. વાઘ સૂતો ન હતો. મારા અહેવાલનો શબ્દેશબ્દ એમણે સાંભળ્યો હતો. એ પોલાદી મનોબળ ધરાવતા ઓછાબોલા આગેવાન હતા. ''શ્રીનગરને તો બચાવવું જ જોઈએ.'' સરદાર માત્ર આટલું જ બોલ્યા.

''તો પછી મારે વધુ સૈનિક જોઈશે અને એ જલદીથી. ઉપરાંત થોડું તોપખાનું પણ.''

સાંભળીને સિંહ છલાંગ મારે એમ સરદાર ખુરશીમાંથી ઊભા થયા અને બોલ્યા : ''હું હમણાં જ દિલ્હી પાછો જાઉં છું. તમારે જે જોઈએ એ વહેલી તકે મળી જશે.'' અને એ દિવસે સાંજે જ મને સંદેશો મળ્યો કે, જરૂરી સંરક્ષણ સરંજામ સહિત લશ્કરી જવાનો શ્રીનગર આવવા રવાના થઈ ગયા છે. સરદાર પટેલે 'મેન ઑફ ધી એક્શન'ની પોતાની નામના સાર્થક કરી બતાવી હતી.

## 'ઑપરેશન એર લિસ્ટ'નો ત્વરીત નિર્ણય

આઝાદી ઉષઃકાળમાં કાશ્મીરનું રક્ષણ કરવામાં સરદારની ત્વરિત નિર્ણયશક્તિ અંગેનો એક પ્રસંગ કાશ્મીરના માજી મુખ્ય પ્રધાન ગુલામ મોહમ્મદ બક્ષીએ વર્ણવ્યો છે. પાકિસ્તાની આક્રમણખોરો શ્રીનગરનો કબજો લેવામાં નિષ્ફળ ગયા ત્યારે પાકિસ્તાની લશ્કર સીધું ભારત સામે સંઘર્ષમાં ઊતર્યું. ભારતના વિભાજન પછીના ત્રણ જ મહિનામાં ભારત-પાકિસ્તાન વચ્ચે કાશ્મીરની ધરતી પર પહેલું યુદ્ધ છેડાયું. દિલ્હીમાં ખળભળાવટ મચી ગયો. ગવર્નર જનરલ માઉન્ટબેટનની અધ્યક્ષતામાં એક ઉચ્ચ બેઠક મળી. માઉન્ટબેટન ઉપરાંત વડા પ્રધાન નેહરુ, નાયબ વડા પ્રધાન સરદાર, સંરક્ષણમંત્રી બળદેવસિંગ, મૌલાના આઝાદ, મુખ્ય અંગ્રેજ સેનાપતિ જનરલ બુશર તથા અન્ય ઉચ્ચ કક્ષાના લશ્કરી વડાઓ હાજર હતા, જેમાં કાશ્મીરના સંરક્ષણ વ્યૂહની ચર્ચા થતી હતી. મુખ્ય સેનાપતિ બુશરે કહ્યું કે, ''મારી પાસે જે સાધનો છે એ એટલાં અપૂરતાં છે કે કાશ્મીરને લશ્કરી સહાય મોકલી શકાય તેમ નથી.'' માઉન્ટબેટન મૌન રહ્યા. નેહરુ ચિંતાતુર દેખાયા. સહુના મોં ઉપર પરાજિત મનોવૃત્તિ અને અસહાયતા દેખાતી હતી. સરદાર આંખો બંધ રાખી શાંતિચિત્તે બધું સાંભળતા હતા. થોડી વારે પોતાની બેઠક પર હલ્યા અને તરત જ દૃઢ નિશ્ચય અને સંકલ્પભર્યા અવાજે બોલ્યા :

''જનરલો ! અહીં જુઓ, કાશ્મીરનું કોઈ પણ રીતે, કોઈપણ સંજોગોમાં અને કોઈ પણ કિંમતે આપણે રક્ષણ કરવાનું છે, પછી ભલે ગમે તે મુસીબત આવે, સાધન-સામગ્રી અપૂરતી હોય, છતાં તમારે આ કામ કરવાનું છે એટલે કરવાનું છે. સરકાર તરફથી સંપૂર્ણ સહાય મળશે.''

આવાં મક્કમતાભર્યાં ઉચ્ચારણો પછી સરદાર ઊભા થયા અને જનરલો તરફ નજર નાખી બોલ્યા કે, આવતીકાલ સવાર સુધીમાં 'ઓપરેશન એર લિસ્ટ' માટે તૈયાર રહો. આમ, સરદારના દૃઢ નિર્ણયથી બીજી વાર પણ કાશ્મીરમાંથી પાકિસ્તાન લશ્કર અને આક્રમણખોરોને ભાગવું પડ્યું.

## કાશ્મીરમાં ૬૫ માઈલનો રસ્તો ૮ મહિનામાં તૈયાર કરાવ્યો

કાશ્મીર વિશે સરદારશ્રીની દીર્ઘદૃષ્ટિનું એક ઉદાહરણ ગાડગીલ લેખિત 'ગવર્નમેન્ટ ફ્રોમ ઈનસાઈડ' પુસ્તકમાંથી મળે છે.

૧૯૪૭ના ઑક્ટોબરના આખરી અઠવાડિયામાં વલ્લભભાઈ કાશ્મીરનો નકશો ઉઘાડીને એનો અભ્યાસ કરી રહ્યા હતા. એ દરમિયાન બાજુમાં ઊભેલા લશ્કરી કમાન્ડર સાથે મસલત કરી અને તરત જ જમ્મુ-પઠાણકોટ વિસ્તાર તરફ આંગળી ચીંધીને જાહેર બાંધકામ ખાતાના પ્રધાન ગાડગીલને સૂચના આપી કે,

''આ બે શહેર વચ્ચેનો ૬૫ માઈલ લાંબો રસ્તો લશ્કરના વજનદાર વાહનોની અવરજવર ખમી શકે એવો આઠ મહિનામાં તૈયાર થવો જોઈએ. આ લડાઈ લાંબી ચાલવાની છે.''

ગાડગીલે કહ્યું કે, ''નકશામાં નદીનાળાં, ટેકરીઓ, પર્વતો જોઈ શકાતાં નથી.''

વલ્લભભાઈએ સ્પષ્ટ શબ્દોમાં પુનઃ કહ્યું, ''આ કામ સમયસર થઈ જ જવું જોઈએ. દેશના સંરક્ષણની દૃષ્ટિએ એ બહુ મહત્ત્વનું છે.''

ગાડગીલે કોઈ દલીલ કે પ્રશ્ન કર્યા વિના સરદારના આદેશનો અમલ શરૂ કર્યો. રાજસ્થાનથી ખાસ ટ્રેનો દ્વારા ૧૦,૦૦૦ મજૂરો લાવવામાં આવ્યા. ફ્લડ લાઈટો મુકાવીને રાત્રે પણ કામ ચાલું રાખ્યું. મજૂરો, કર્મચારીઓ, ઈજનેરો વગેરેના નિવાસ માટે તાત્કાલિક તંબુઓ-મકાનોની વ્યવસ્થા કરી. એમની સુવિધા માટે દવાખાનાઓ, હરતાં-ફરતાં સિનેમાઓ, બજારો ઊભાં કરીને આ કામને યુદ્ધના ધોરણે વેગ અપાયો અને ૬૫ માઈલનો રસ્તો સમયભર બંધાઈ ગયો. દર પંદર દિવસે એનો પ્રોગ્રેસ રિપોર્ટ સરદારને મોકલવામાં આવતો.

## શેખ અબ્દુલ્લાની ધમકી સામે સરદારની ચીમકી

ઑક્ટોબર, ૧૯૪૮માં બંધારણ-સભામાં કાશ્મીર વિશે ચર્ચા ચાલતી હતી. વડા પ્રધાન પંડિત નેહરુ વિદેશના પ્રવાસે હતા, આથી વડા પ્રધાન પદનો કાર્યભાર સરદારસાહેબ પાસે હતો. બંધારણસભામાં ચર્ચા ચાલુ હતી એ દરમિયાન શેખ અબ્દુલ્લાને કેટલીક બાબતો અંગે મતભેદ થતાં તેઓ ગુસ્સે થઈને ઊભા થઈ ગયા અને તેના પરિણામો વિપરીત આવશે એવાં ઉચ્ચારણો સાથે કાશ્મીર જવાની ધમકી આપીને સભાત્યાગ કર્યો. એ સમયે સરદારે બાજુમાં બેઠેલા મહાવીર ત્યાગીના કાનમાં કંઈક કહ્યું. ત્યાગીએ દિલ્હી રેલવે સ્ટેશન જઈને શેખ અબ્દુલ્લાને સરદારનો સંદેશો પહોંચાડ્યો. એ સંદેશો એવો હતો કે, ''શેખ સાહેબ બંધારણસભા છોડી શકે છે... દિલ્હી નહીં... અથવા અટકાયત થશે.'' સરદારના આ કડક સંદેશાની એવી અસર થઈ કે શેખસાહેબ રેલવે સ્ટેશનથી સીધા દિલ્હીના પોતાના નિવાસે પહોંચી ગયા.

**લેખકશ્રી અમદાવાદના શાહીબાગમાં આવેલા સરદાર સ્મારકમાં સંયુક્ત સચિવ છે.**

# રાષ્ટ્રીય મતદાતા દિવસ - ૨૫ જાન્યુઆરી

● ડૉ. એચ. એ. હસન ●

**પ્રસ્તાવના**

ભારત - રાજ્યોનું સંઘ જે સંપૂર્ણ રીતે ધર્મનિરપેક્ષ લોકશાહી છે, જેમાં સંસદીય સ્વરૂપની સરકાર છે. ભારત ૧૯૪૭માં આઝાદ થયું અને જેનો અમલ ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજથી કરવામાં આવ્યો. જેથી ૨૬ જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ તરીકે મનાવવામાં આવે છે.

ભારત ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોનો બનેલો સંઘ છે. ભારતીય બંધારણમાં નાગરિકતા અંગેની વ્યવસ્થા કરવામાં આવી છે. જે મુજબ ભારતના નાગરિકો માટે બંધારણના અમલના દિવસે જે વ્યક્તિ ભારતમાં સ્થાયી સ્વરૂપે રહેતો હોય અને ભારતમાં જન્મ થયો હોય અથવા જેના માતા પિતા માંથી કોઈ એક ભારતમાં જન્મી હોય અથવા ૨૬-૧-૧૯૫૦થી પહેલા ઓછામાં ઓછા ૫ વર્ષથી ભારતીય વિસ્તારમાં રહેતી હોય.

બંધારણમાં કેટલાક મૂળભૂત અધિકારો આપ્યા છે. જે પૈકી કેટલાક સામૂહિક અને કેટલાક વ્યક્તિગત છે. બંધારણે સ્વતંત્રતા સંબંધી મુખ્ય છ પ્રકારની સ્વતંત્રતા મૂળભૂત અધિકારોના સ્વરૂપમાં સ્વીકારેલ છે, જેની સુરક્ષા માટે અદાલતનો સહારો લઈ શકાય છે. આ આધિકારો પૈકી –

(૧) સમાનતનો અધિકાર
(૨) વાણી સ્વાતંત્ર્યનો અધિકાર
(૩) શોષણ સામે બચાવનો અધિકાર
(૪) ધાર્મિક સ્વતંત્રતા
(૫) શિક્ષણ પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા
(૬) મૂળભૂત અધિકારો લાગુ પાડવા બંધારણીય ઉપાયોનો અધિકાર.

મૂળભૂત અધિકારો પૈકી દરેક પુખ્ત વયના નાગરિકોને મતદાન કરવાનો અધિકાર છે.

**ચૂંટણીપંચ**

બંધારણના અમલ સાથે સરકારની રચના માટે ચૂંટણી કરવાની જવાબદારી અદા કરવા માટે ચૂંટણીપંચને કામગીરી સોંપવામાં આવી, જેમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રતિની ચૂંટણી સંસદ અને વિધાનસભાની ચૂંટણી કરવા માટે, માર્ગદર્શન, નિયંત્રણ અને મતદાર યાદી તૈયાર કરવા સહિતની કામગીરીનો સમાવેશ થાય છે.

ભારતનું ચૂંટણીપંચ સ્વતંત્ર બંધારણીય કામગીરી બજાવતું પંચ છે, જેની સ્થાપના ૧૯૫૦થી થઈ તથા ઑક્ટોબર, ૧૯૮૯ સુધી ચૂંટણીપંચે એક વ્યક્તિના મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે કામગીરી બજાવી. નવેમ્બર-ડિસેમ્બર ૧૯૮૯ સંસદની ચૂંટણી વખતે તા. ૧૬/૧૦/૮૯ના રોજ બીજા બે કમિશનરોની નિમણૂંક કરી. જાન્યુઆરી, ૧૯૯૦ સુધી આ વ્યવસ્થા ચાલુ રહી પરંતુ વધારાના બે કમિશનરોના પદ રદ થતા આ વ્યવસ્થા બંધ થઈ. ફરી ૧/૧૦/૧૯૯૩માં ફરીથી બે કમિશનરોની નિમણૂક કરી. આ સાથે ત્રણે કમિશનરોને સમકક્ષ ગણવા ઠરાવ્યું. ૧૯૫૦થી અત્યાર સુધીમાં ૧૬ મુખ્ય ચૂંટણી કમિશનરો દ્વારા તેઓને સોંપવામાં આવેલી કામગીરી બજાવી. આ કામગીરી પૈકી મતદાર યાદી તૈયાર કરવાની મહત્ત્વની જવાબદારી, ચૂંટણી નિયમો અને લોકપ્રતિનિધિત્વ ધારા અંતર્ગત અદા કરે છે.

બંધારણની જોગવાઈ અનુસાર પુખ્ત વયના તમામ નાગરિકોને ભેદભાવ સિવાય મતાધિકાર પ્રાપ્ત થાય છે. મતાધિકારનો ઉપયોગ કરવા માટે, મતદાર તરીકે, મતદાર યાદીમાં નોંધણી આવશ્યક છે. ભારતમાં પ્રથમ ચૂંટણી ૧૯૫૨માં યોજાઈ અને આજ સુધી કુલ ૧૬ લોકસભાની રચના થઈ.

ભારતનો પુખ્ત વયનો નાગરિક મતાધિકાર પ્રાપ્ત કરે છે. મતાધિકારના ઉપયોગ માટે તેનું નામ મતદાર યાદીમાં નામ દાખલ થયેલ હોવું જોઈએ. આમ મતદાર યાદી ચૂંટણી માટે મહત્ત્વનો અને અંત્યંત ઉપયોગી દસ્તાવેજ છે. જે ખૂબ

જ ચોકસાઈથી તૈયાર કરવામાં આવે છે. જેથી કોઈ પણ વ્યક્તિ બંધારણ હેઠળ પોતાને પ્રાપ્ત થતા મતાધિકારથી વંચિત ન રહે તથા સરકારની રચના કરવામાં પોતાનું યોગદાન આપી શકે.

**મતદાર યાદીઓ સંબંધી બંધારણની જોગવાઈઓ**

- લોકસભા, વિધાનસભાના મત વિભાગોની ચૂંટણીઓ માટે મતદાર યાદીઓ તૈયાર કરવા અંગે દેખરેખ, સંચાલન અને નિયંત્રણની કામગીરી ભારતનું ચૂંટણી પંચ કરે છે.
- બંધારણ અન્વયે લોકસભા, વિધાનસભા માટે એક જ સામાન્ય મતદાર યાદી તૈયાર કરવાની જોગવાઈ છે.
- મતદાનનો અધિકાર અત્યારે ૧૮ વર્ષની ઉંમરે પ્રાપ્ત થાય છે.
- મતદાર યાદીઓ તૈયાર કરવામાં મદદરૂપ થવા સંસદમાં ૧૯૫૦નો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ઘડવામાં આવ્યો તથા આ ધારા અન્વયે ભારત સરકારે ૧૯૬૦ના મતદાર નોંધણી અંગેના નિયમો બનાવ્યા છે.

**મતદાર યાદીમાં નામ નોંધાવવા માટેની લાયકાત**

ચૂંટણી કાયદા અનુસાર :

જે વ્યક્તિ નીચેની શરતોનું પાલન કરતી હોય તેવી તમામ વ્યક્તિઓના નામ મતદાર યાદીમાં નોંધવા માટે લાયક ગણવામાં આવે છે :

- વ્યક્તિ ભારતની નાગરિક હોવી જોઈએ.




- વ્યક્તિ અસ્થિર મગજની ન હોવી જોઈએ.
- ચૂંટણી કાયદા અન્વયે મત આપવા માટે ગેરલાયક ઠરેલ ન હોવી જોઈએ.
- વ્યક્તિનું નામ અન્ય કોઈ મત વિભાગમાં નોંધાયેલ ન હોવું જોઈએ.
- એક જ મત વિભાગમાં અન્ય મત સરનામા હેઠળ બે વાર નોંધાયેલ ન હોવું જોઈએ.
- મતદાર યાદી તૈયાર કરતી વખતે વ્યક્તિએ ૧૮ વર્ષ પૂરાં કરેલ હોવા જોઈએ.
- વ્યક્તિ જ્યાં મતદાર યાદીમાં નામ નોંધાવા ઈચ્છતી હોય ત્યાંનો રહેવાસી હોવો જોઈએ.

**લાયકાત તારીખ**

- પુખ્ત વયના મતાધિકાર ૧૯૮૮ સુધી ૨૧ વર્ષ પૂર્ણ થયે મતાધિકાર પ્રાપ્ત થયેલ હતો. ૧૯૮૮ના ૬૧મા બંધારણીય સુધારા દ્વારા મતદારની ઉંમર ૨૧થી ઘટાડીને ૧૮ વર્ષની કરવામાં આવી.
- ૧૯૫૭ સુધી મતદાર તરીકે નોંધણી માટે ઉંમરના હેતુ માટે ૧લી માર્ચ લાયકાતની તારીખ ગણવામાં આવતી હતી.
- ૧૯૮૯માં મતદાર યાદીઓની સુધારણા કરવામાં આવી ત્યારે અપવાદરૂપ તા. ૧/૪/૧૯૮૯ને લાયકાતની તારીખ ગણવામાં આવી હતી. તથા ૧૯૮૯ની ચૂંટણીઓ પહેલાં ૧૮ થી ૨૧ વર્ષના વય જૂથમાં આવતા મતદારોની નોંધણીની જોગવાઈ કરવામાં આવી હતી.
- હાલ જે વર્ષમાં મતદાર યાદીઓની સુધારણા કરવામાં આવે તે વર્ષની ૧લી જાન્યઆરી લાયકાતની તારીખ ગણી આ તારીખે વ્યક્તિએ ૧૮ વર્ષ પૂરાં કર્યા હોય તેની નોંધણી થઈ શકે.

હાલ ભારત સરકાર દ્વારા ૧ જાન્યુઆરી ઉપરાંત ૧લી એપ્રિલ,

૧લી જુલાઈ તથા ૧ ઑક્ટોબર એમ વર્ષની ચાર લાયકાતની તારીખ નક્કી કરવાની વિચારણા છે, જેથી કોઈ પણ વ્યક્તિ મતાધિકારથી વંચિત ન રહી શકે.

**મતદાર યાદીઓ તૈયાર કરવી અને સુધારવી**

૧૯૫૦ના લોકપ્રતિનિધિત્વ ધારા હેઠળ દરેક મતદાર વિભાગ માટેની મતદાર યાદીઓ તૈયાર કરવાની રહેશે. આ યાદી ભારતના ચૂંટણીપંચની દેખરેખ, માર્ગદર્શન અને સંચાલન હેઠળ તૈયાર કરવામાં આવશે. ૧૯૫૦ના લોકપ્રતિનિધિ ધારાની કલમ ૨૧ અન્વયે ભારતનું ચૂંટણીપંચ લેખિત રીતે કાનૂની નોંધ કે અન્ય સૂચના આપે તે સિવાયના કિસ્સામાં મતદાર યાદીની સુધારણા નીચે મુજબ કરવાની રહેશે :

- લોકસભા અને રાજયની વિધાનસભાની ચૂંટણી પહેલાં.
- કોઈ બેઠક ખાલી પડી હોય અને તે બેઠકની પેટા ચૂંટણી પહેલાં.
- ચૂંટણીપંચ આદેશ આપે તેવા સંજોગોમાં.

**મતદાર યાદીની સુધારણાના પ્રકાર**

- વિગતવાર સુધારણા
- સંક્ષિપ્ત સુધારણા
- આંશિક રીતે કે સંક્ષિપ્ત કે વિગતવાર સુધારણા
- ખાસ સુધારણા

**મતદાર યાદીનું કોમ્પ્યૂટરાઈઝેશન**

મતદાર યાદી કોમ્પ્યૂટર પર તૈયાર કરવાની ચૂંટણીપંચની નેમ છે. આ અંગે ચૂંટણીપંચ સજાગ અને સભાન છે. વર્તમાન સમયની માંગને ધ્યાનમાં રાખી જિલ્લાકક્ષાએ અને રાજયકક્ષાએ વ્યવસ્થિત ડેટાબેઝ તૈયાર કરવામાં આવેલ છે અને તેનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે, જેને આધારે જરૂરિયાત મુજબ સુધારાવધારા કરી શકાય છે.

**મતદારોના ફોટા સાથેના ઓળખપત્રો (વોટર આઈડી)**

ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય તો જ દેશની લોકશાહી તંદુરસ્ત અને મજબૂત બને. મતદાર પોતાની ઈચ્છા મુજબ તેમજ પોતાની પસંદગીના ઉમેદવારની તરફેણમાં મત આપવા મુક્ત હોવી જોઈએ. મતદાર નિર્ભય રીતે મતદાન કરી શકે, બોગસ મતદાન ન થાય તે બાબત લોકસભામાં અવારનવાર ચર્ચાના એરણ પર આવી હતી. ૧૯૮૫મા ૧૯૫૦ના લોકપ્રતિનિધિત્વ ધારો ૧૯૫૧ની કલમ ૬૧મા સુધારો કરી એવી ખાસ જોગવાઈ કરવામાં આવી કે મતદાન વખતે મતદારની ઓળખ માટે ફોટા સાથેના ઓળખપત્રનો ઉપયોગ કરવા માટે જરૂરી નિયમો તૈયાર કરી બનાવટી બોગસ મતદાન અટકાવવાની જોગવાઈ કરી શકાશે. આ સુધારાને અમલમાં મૂકવા ૧૯૬૦ના મતદાર નોંધણી નિયમોમાં એવી જોગવાઈ કરવામાં આવી કે ચૂંટણીપંચ મતદાન વખતે મતદારની સાચી ઓળખ માટે અને બોગસ મતદાન અટકાવવા મતદારોને ફોટા સાથેનું ઓળખપત્ર આપવાનું નક્કી કરવા સક્ષમ છે. આ બાબતની કાયદાકીય જોગવાઈ હોવા છતાં ઓળખપત્ર આપવાનો કાર્યક્રમ અમલમાં મૂકી શકાતો ન હતો. પ્રથમ વાર ફોટા સાથેના ઓળખપત્ર યોજનાનો અમલ ૧૯૭૯માં સિક્કિમ વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં કરવામાં આવ્યો. ત્યાર બાદ ૧૯૮૦માં આસામ, મેઘાલય સહિત ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં તબક્કાવાર હાથ ધરવામાં આવ્યો. ચૂંટણીપંચે ૧૯૯૩માં દેશવ્યાપી કાર્યક્રમ હેઠળ મતદારોને ફોટા સાથેના ઓળખપત્ર આપવાનું નક્કી કર્યું અને તે અંગેનો સમયબદ્ધ કાર્યક્રમ દરેક રાજયને આપવામાં આવ્યો. ચૂંટણીપંચના આદેશ મુજબ દરેક રાજ્યોએ તેનો અમલ કર્યો, આમ છતાં ચૂંટણીપંચ દ્વારા ખાસ કિસ્સા તરીકે ઓળખપત્રની અવેજીમાં અન્ય દસ્તાવેજો પુરાવા તરીકે રેશનકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, લાઈટબિલ, ફોનબિલ, પાસપોર્ટ, રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલ ઓળખપત્ર, ખેડૂતપોથી વગેરેનો ઉપયોગ કરવા ઠરાવ્યું.

(લેખક શ્રી સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરામાં પૂર્વ પ્રિન્સિપાલ છે.)

**યોજના**
**આગામી આકર્ષણ**

**ફેબ્રુઆરી : ૨૦૧૫**

**સમવાયતંત્ર (ફેડરાલીઝમ) અને ભારતીય રાજનીતિ**

**માર્ચ : ૨૦૧૫**

**અંદાજપત્ર ૨૦૧૫-૧૬ (વિશેષાંક)**

# ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ સામાજિક પરિવર્તન અને વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના

• રાજવી એ. મુલાણી •

**પરીચય :**

મહાત્મા ગાંધીએ ''ચરિત્ર અને રાષ્ટ્રનિર્માણ'' પુસ્તકમાં વંચિતોની દરકાર કરીને કહ્યું છે કે સમાજના છેવાડાના લોકોને પણ તેમના અકળાવી મૂકે તેવા ભયાનક અળગાપણામાં તેમની પડખે જઈને ઊભા રહેવું જોઈએ. બાપુએ તો સમાજના છેવાડાના માણસની ચિંતા કરવા અને એમને સમાજની મુખ્ય ધારામાં ભેળવવા માટે વખતોવખત કહેલું જ છે. બાપુએ અંત્યજનોના ઉદય માટે અંત્યોદય અને સર્વના ઉદય માટે સર્વોદયના વિચારો પણ સમગ્ર માનવજાતને આપ્યાં છે.

બાપુના સર્વોદયની વિચારધારા મુજબ તો સમાજનો છેવાડાનો માનવી જ્યારે એમ કહે કે હવે હું સુખી છું. ત્યારે સર્વોદય થયો કહેવાય અને ત્યારે જ અંત્યોદય થયો કહેવાય.

ગુજરાત સરકારની આદિવાસી પ્રજાના સર્વાંગી વિકાસની ભાવના તેના કાર્યો દ્વારા સુપેરે વ્યકત થાય છે. આ શુભ આશયને ફળીભૂત કરવા ગુજરાત સરકારે મહાઅભિયાન શરૂ કર્યું છે. જેના પરિણામ સ્વરૂપે આદિજાતિ વિસ્તારોમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિકક્ષેત્રે કાયાપલટ થઈ રહી છે. ગુજરાત રાજ્ય સરકારના દૃષ્ટિવંત આયોજનના આધારે આદિજાતિ વસ્તી અને વિસ્તારનો વિકાસ સ્થાનિક જરૂરિયાતો અને સ્ત્રોતોને ધ્યાનમાં રાખી સ્થાનિક લોકભાગીદારી મારફતે વિકેન્દ્રીત આયોજનની પ્રક્રિયાથી હાથ ધરવામાં આવ્યું છે. આદિજાતિ વિકાસ ઝડપથી થાય. સ્થાનિક લોકોની જરૂરિયાતો ઝડપથી સંતોષાય તે માટે રાજ્ય સરકાર વર્ષ ૨૦૦૭-૦૮ થી૪૦,૦૦૦ કરોડની વનબંધુ યોજના આદિવાસીઓના સર્વાંગી વિકાસની બાબતમાં સમગ્ર દેશ માટે રોલમોડલ માર્ગદર્શક બની છે.

દેશમાં સન્ ૨૦૧૧ની જનગણના પ્રમાણે કુલ વસ્તી ૧૨૧ કરોડ છે. જેમાં આદિવાસીઓની વસ્તી ૮.૪૩ કરોડ નોંધાઈ છે. જે કુલ વસ્તીના લગભગ ૭ ટકા કહેવાય. ગુજરાતમાં આ વસ્તી ગણતરી મુજબ કુલ વસ્તી ૬.૬૪ કરોડ નોંધાઈ છે. જેમાં આદિવાસીઓની કુલ વસ્તી ૬.૦૪ કરોડ નોંધાઈ છે. જેમાં આદિવાસીઓની કુલ વસ્તી ૯૦ લાખ નજીક એટલે કે ૧૫ ટકા છે. દેશના જુદા-જુદા રાજ્યોમાં વસવાટ કરતા આદિવાસીઓની જનસંખ્યાની રીતે જોઈએ તો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ઓરિસ્સા પછી ગુજરાત ચોથા ક્રમે છે.

આપણે ત્યાં ખાસ કરીને આદિવાસીઓની વસ્તી અંબાજીથી ઉંમરગામ સુધી છે. જ્યાં પહાડો અને વનવિસ્તારોના નૈસર્ગિક સૌંદર્યથી ઘેરાયેલો રાજ્યનો પૂર્વપટ્ટીનો વિસ્તાર છે. ગુજરાતમાં પૂર્વપટ્ટીના ૧૨ જિલ્લાઓ અને ૪૩ તાલુકાઓ છે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સન્ ૨૦૦૧માં રાજ્યમાં સત્તાના સૂત્રો સંભાળ્યા પછી પહેલા પાંચ વર્ષમાં જ વનબંધુઓના વિકાસ માટે રૂ. ૬,૫૦૦ કરોડ વાપર્યા. આમ સન્ ૨૦૦૧ પહેલાના ૪૨ વર્ષમાં ૬,૦૦૦ કરોડ ખર્ચાયા. તો ન્યુ મિલેનિયમના પ્રથમ પાંચ જ વર્ષમાં ૬,૫૦૦ કરોડ ખર્ચવામાં આવ્યા.

- **રૂા. ૪૦,૦૦૦ કરોડની વનબંધુ કલ્યાણ યોજના :**

પૂર્વમુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૭ના રોજ વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરી. સન્ ૨૦૦૭-૦૮થી સન્ ૨૦૧૧-૧૨માં રૂા. ૧૫,૦૦૦ કરોડના આયોજન સામે વનબંધુ કલ્યાણ યોજનામાં રૂા. ૧૭,૦૦૦ કરોડથી વધુ રકમ વનબંધુઓના કલ્યાણ અને સર્વાંગી વિકાસ માટે ખર્ચ કરવામાં આવી. ૧૨મી પંચવર્ષીય યોજનામાં વનબંધુ કલ્યાણ યોજનાના ફેઝર માટે રૂા. ૪૦,૦૦૦ કરોડના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. સન ૨૦૧૨-૧૩ માટે એક જ વર્ષમાં રૂા. ૬,૬૧૩ કરોડની જોગવાઈ ગુજરાત સરકારે કરી હતી. જ્યારે સન્ ૨૦૧૩-૧૪ માટે રૂા.૭,૧૦૨ કરોડની જોગવાઈ કરી છે. જે અગાઉના વર્ષની સરખામણીએ રૂા.૪૮૯ કરોડ વધુ એટલે કે ૭.૩૯ ટકા વધુ છે. આમ, ગુજરાતની રૂા. ૪૦,૦૦૦ કરોડની વનબંધુ કલ્યાણ યોજના આદિવાસીઓના સર્વાંગી વિકાસની બાબતમાં સમગ્ર દેશ માટે રોલમોડેલ બનીને માર્ગદર્શન કરી રહી છે.

● **ગુજરાતના અંદાજપત્રમાં આદિવાસીઓ મુખ્ય ધારામાં :**

ગુજરાત આદિજાતિ વિભાગનું અંદાજપત્ર અને કેન્દ્ર સરકારનું આદિજાતિ વિભાગનું અંદાજપત્ર જોવામાં આવે તો ખ્યાલ આવે કે ગુજરાતનાં અંદાજપત્રમાં વનબંધુઓ મુખ્ય ધારામાં છે. કેન્દ્ર સરકારનું કુલ અંદાજપત્ર સન્ ૨૦૧૩-૧૪ માટે રૂા. ૬,૮૦, ૧૨૩ કરોડ છે. જ્યારે આદિજાતિ કલ્યાણ મંત્રાલયનું અંદાજપત્ર રૂા. ૧,૭૬૨ કરોડ છે. જ્યારે ગુજરાત સરકારે સન્ ૨૦૧૩-૧૪ માટે રૂા. ૭,૧૦૨ કરોડની જોગવાઈ કરી છે.

● **વનબંધુ કલ્યાણ યોજનામાં મુખ્ય ૧૦ મુદ્દાનો કાર્યક્રમ :**

૧. પાંચ લાખ કુટુંબ માટે રોજગારી
૨. ગુણવત્તામુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર
૩. આદિજાતિ વિસ્તારોનો વેગવંતો આર્થિક વિકાસ
૪. સૌને માટે આરોગ્ય
૫. સૌને માટે ઘર
૬. સૌને માટે પીવાનું પાણી
૭. સિંચાઈ
૮. બારમાસી રસ્તાઓ
૯. સાર્વત્રિક વીજળીકરણ
૧૦. શહેરી વિકાસ

**૧. ગરીબ કુટુંબોને રોજગારી :**

૨૦૧૩-૧૪ માટે શ્રમ અને રોજગાર માટે રૂા. ૧૨૬.૨૩ કરોડની જોગવાઈ છે. વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ કુટુંબોને ગરીબી રેખાથી ઉપર લાવવા માટે પશુપાલનના વ્યવસાયમાં જોડાયેલ મુખ્ય વ્યક્તિ તરીકે મહિલા હોય તેવા કુટુંબોને પશુપાલન અને ડેરી ઉદ્યોગની પ્રવૃત્તિઓ વધારી તેમને આવક બમણી કરવાના રોજગારલક્ષી કાર્યક્રમના મુદ્દાને પ્રાધાન્ય આપ્યું છે. અત્યાર સુધીમાં ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ કુલ ૧૯૦ કરોડના ખર્ચે ૬૦,૪૧૨ દુધાળા પશુ આદિજાતિ લોકોને પુરા પાડવામાં આવેલા છે. છેલ્લા ૩ વર્ષમાં આદિજાતિ વિસ્તારોમાં દૂધ ઉત્પાદનમાં ૩૫ થી ૪૦ ટકા જેટલો સુધારો થયો છે.

● **આદિવાસીઓને પગભર કરવા માટે વિવિધ રોજગારલક્ષી કાર્યક્રમો :**

– આદિજાતિના ૪૩ તાલુકાના ૧૧૦ આઈ.ટી.આઈ.માં ૨૧,૧૫૧ બેઠકો.
– ૩૩૪ ઔદ્યોગિક એકમોમાં ૨૨૦૭ બેઠકોની એપ્રેન્ટિસ તાલીમ સુવિધા.
– દાહોદ, વ્યારા, રાજપીપળા, ગોધરા ખાતે એન્જિનિયરિંગ કૉલેજોની સ્થાપના
– દાહોદ, દેડિયાપાડા, અમીરગઢ ખાતે નવી કૃષિ કૉલેજની સ્થાપના
– દાહોદ, વ્યારા, રાજપીપળા ખાતે નર્સિંગ તથા ફિઝિયોથેરાપી કૉલેજની સ્થાપના
– વલસાડ ખાતે ૧૫૦ બેઠકોની મેડિકલ કૉલેજ અને જનરલ હોસ્પિટલની સ્થાપના

**૨. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પર ભાર :**

આદિજાતિના બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી ગુજરાતના તમામ તાલુકાઓમાં વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત કરાવાઈ છે. ૧૮ એકલવ્ય રેસીડેન્સિયલ શાળાઓ શરૂ કરી છે.૧૨ મોડલ સ્કૂલો ધોરણ ૬ થી ૧૨ની શરૂ કરી છે. ૩૮ લૉ લીટરસી ગર્લ્સ રેસીડેન્સિયલ સ્કુલ શરૂ કરી છે. આ ઉપરાંત ૩ ઈજનેરી કૉલેજો, ૧૦ નવી આઈ.ટી.આઈ. સાથે હાલ કુલ ૩૩ આઈ.ટી.આઈ.કાર્યરત છે. જ્યારે દાહોદ ખાતે એક ફિઝિયોથેરાપી કૉલેજ ૩ નર્સિંગ સ્કુલો દાહોદ, રાજપીપળા અને વ્યારા ખાતે શરૂ કરી છે.તેમજ નવસારી ખાતે વેટરનરી કૉલેજ ૨૦૦૮-૦૯થી શરૂ કરી છે.

● **સુવિધાયુક્ત શિક્ષણનું વરદાન :**

– ટેલેન્ટગ્રુપ યોજનામાં ૩૩૦ વનવાસી વિદ્યાર્થીઓને નામાંકિત શાળાઓમાં પ્રવેશ
– રૂા. ૨.૮૨ કરોડના ખર્ચ રહેવા-જમવાની ફી સાથેની તમામ સુવિધાઓ
– કુલ ૧૭૭૧ સંસ્થાઓમાં ૧,૪૬,૬૬૪ વિદ્યાર્થીઓને શિક્ષણનો લાભ
– ૫૪૯ આશ્રમશાળાઓમાં ૭૨,૬૦૬ વિદ્યાર્થીઓનો અભ્યાસ ચાલુ
– ૪૪ આદર્શ નિવાસી શાળાઓમાં ૬,૭૭૯ વિદ્યાર્થીઓ
– ૯૪૯ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં ૪૩,૭૮૩ વિદ્યાર્થીઓને સુવિધા
– ૬૯ સરકારી ડ્રાય હોસ્ટેલોમાં ૩,૪૫૦ વિદ્યાર્થીઓને સુવિધા
– ૬૫ કૉલેજ કક્ષાના છાત્રાલયોમાં ૬,૭૫૦ વિદ્યાર્થીઓને સુવિધા
– ૧૭ કન્યા નિવાસી શાળાઓમાં ૪,૧૬૮ વિદ્યાર્થીનીઓ
– તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં સન્ ૨૦૧૨-૧૩ માટે રૂા. ૩૮૮.૩૭ કરોડની જોગવાઈ

**૩. આદિજાતિ વિસ્તારોનો વેગવંતો આર્થિક વિકાસ :**

ગુજરાત રાજ્યમાં આદિવાસીઓના

કલ્યાણ માટે કૃષિ અને રોજગાર ઉપર ભાર મૂકવામાં આવ્યો. જેમ કે, આદિવાસીઓનાં પાંચ લાખ પરિવારો માટે રોજગારલક્ષી કાર્યક્રમ શરૂ કરવો. કૃષિ ક્રાંતિ માટે સન્ ૨૦૧૩-૧૪માં કૃષિ અને સહકાર ક્ષેત્રે રૂા. ૩૬૭.૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આદિવાસી સમાજના ખેડૂતોની આવક બમણી કરવાના હેતુથી આદિજાતિ વિસ્તારોમાં કૃષિ મહોત્સવના માધ્યમથી નવતર પ્રયોગ કરવામાં આવ્યા. જેમાં બી.પી.એલ. કુટુંબોને લાભ આપવાની સાથે ખાતરની કીટ્સ અને લાભાર્થીઓને પ્રાથમિક તાલીમ પણ આપવામાં આવે છે. વનવાસી ખેડૂતો નવસારી અને વલસાડ જિલ્લામાં શાકભાજીની ખેતી, દાહોદ જીલ્લામાં ફળોની ખેતી, ડાંગ જીલ્લામાં કાજુ અને આદુની આધુનિક ખેતી કરતાં થયાં છે, જેની મુંબઈના બજારોમાં અને વિદેશોમાં નિકાસ થાય છે. પરિણામે આદિજાતિ વિસ્તારોનો આર્થિક વિકાસ વેગવંતો બન્યો છે.

**૪. સૌને માટે આરોગ્ય :**

આદિજાતિના ૭ તાલુકાઓમાં ધોરણ ૧ થી ૭ની પ્રાથમિક શાળાના ૨,૦૦,૦૦૦ બાળકોને દૈનિક ૨૦૦ મી.લી. ફલેવર્ડ દૂધ આપવાની દૂધ સંજીવની યોજના ૨૦૦૭ થી શરૂ કરી છે. જેના પરિણામે બાળકોની હાજરી જળવાઈ રહે અને તેમનું આરોગ્ય સુધરે છે. આદિજાતિ વિસ્તારમાં ૪.૧૯ લાખ જેટલી બહેનોને હોસ્પિટલોમાં ચિરંજીવ યોજના હેઠળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

આદિજાતિ લોકોની આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કુલ ૩૪.૬૦ લાખની આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે.

- **સિક્સસેલ એનિમિયા / અન્ય રોગોના નિવારણની પહેલ :**

– સન્ ૨૦૧૩-૧૪માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂા. ૬૬૩.૮૫ કરોડની જોગવાઈ.
– સિક્સસેલ એનિમિયા આદિવાસી સમાજમાં મોટા ભાગે દક્ષિણ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં
– રાજ્ય સરકાર દ્વારા સન્ ૨૦૦૬થી સિક્સસેલ એનિમિયા નિયંત્રણ કાર્યક્રમ અમલમાં
– ગુજરાતમાં ૩૦ લાખથી વધુ વ્યક્તિઓનું સ્ક્રીનીંગ
– સ્ક્રીનીંગમાં ૧૪,૫૭૦ દર્દીઓ અલગ તારવી શકાયા જેમને સરકારી આરોગ્ય કેન્દ્રોમાં મફત સારવાર
– તા. ૧-૬-૨૦૧૧થી સિક્સસેલ એનિમિયા સોસાયટીની રચના
– સન્ ૨૦૧૩-૧૪માં સિક્સસેલ એનિમિયા અને થેલેસીમિયાના દર્દીઓને માસિક રૂા. ૧૦૦૦ તબીબી સહાય ચૂકવવાની જોગવાઈ.
– આ માસિક સહાયની ચૂકવણી માટે રૂા. ૯૬ લાખની ફાળવણી
– આ ઉપરાંત પણ આરોગ્ય વિભાગ દ્વારા રૂા. ૫ કરોડની જોગવાઈ
– સિક્સસેલ સોસાયટીને રૂા. ૮૭૨૦ લાખની ગ્રાન્ટ

**૫. સૌને માટે ઘર :**

ઘરવિહોણા બી.પી.એલ. કુટુંબોને ઈન્દિરા આવાસ, સરદાર આવાસ યોજના અને અન્ય યોજના હેઠળ કુલ ૩.૮૧ લાખ જેટલાં વ્યક્તિઓને મકાન ફાળવ્યા છે.

- **આવાસ યોજના હેઠળ સૌના માટે ઘર :**

– આગામી પાંચ વર્ષમાં ઘરવિહોણા તમામ વનબંધુ પરિવારોને ઘરનું ઘર મળે તે માટે વનબંધુ કલ્યાણ યોજનામાં આવાસ યોજનાને મહત્વ
– સન્ ૨૦૧૨-૧૩માં અનુસૂચિત જનજાતિ કલ્યાણ હેઠળ રૂા. ૯.૧૦ કરોડની જોગવાઈ
– સન્ ૨૦૧૩-૧૪ માટે રૂા. ૧૦.૧૯ કરોડની જોગવાઈ સાથે અંદાજે ૨,૨૦૦ વ્યક્તિઓને મકાન સહાયની યોજના
– અત્યાર સુધીમાં ૩.૮૪ લાખ વનવાસી પરિવારોને રૂા. ૧૬.૭૦ કરોડના ખર્ચે આવાસોની ફાળવણી
– સન્ ૨૦૧૨-૧૩માં ૨.૯૦ લાખ આવાસો
– ૧૬ હજારથી વધારે હળપતિ કુટુંબો માટે ખાસ આવાસ યોજના

**૬. સૌને માટે પીવાનું પાણી :**

આદિજાતિ વિસ્તારોમાં પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનું નમૂનેદાર કામ થયું છે. જેમાં ૩૧૧૩ વસાહતોમાં પ્રાદેશિક પાણી પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે. ૫૬૭૭ વસાહતમાં વ્યક્તિગત નળજોડાણો આપવામાં આવ્યા છે. તથા ૬૪૮૦ મીની પાઈપલાઈનો નાંખવામાં આવી છે. સરકારે વર્ષ ૨૦૧૨માં ૪૩.૨૫% લોકો ૬,૫૯,૬૭૬ કુટુંબોના ઘર સુધી પાણી પહોંચાડ્યું છે.

- **ઘરઆંગણે પીવાનું શુદ્ધ પાણી, નિરામય આરોગ્યનું મળ્યું વરદાન :**

– પીવાના પાણીની સુવિધાઓ ઘેરઘેર પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ
– એક સમયે આદિજાતિ વિસ્તારોમાં

પીવાના પાણી માટે ૩૪ કિ.મી. દૂર જવું પડતું.

- વનબંધુ કલ્યાણ યોજના કાર્યક્રમના મુદ્દા તરીકે પીવાના શુદ્ધ પાણીને મહત્તા.
- અત્યારે ૪૫.૬૦ ટકા એટલે કે ૬.૯૩ લાખ વનવાસી પરિવારોને ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી.
- ૭,૦૬૬ મીની પાઈપલાઈન પાણી યોજનાઓનો અમલ
- ૩,૫૧૦ ફળિયામાં જૂથ પાણી પુરવઠા યોજનાઓનો અમલ.
- ૭,૧૭૨ ફળિયામાં વ્યક્તિગત પાણી પુરવઠા યોજના.

**૭. સિંચાઈ :**

આદિજાતિ વિસ્તારોના ખેડૂતોને ખેતીમાં સિંચાઈની સુવિધા માટે નોંધપાત્ર કામ થયું છે. હયાત સિંચાઈ યોજનાનું વિસ્તૃતીકરણ કરી કેનાલોની જલવહન ૯૮૫૯૦ હેક્ટર જમીનમાં ક્ષમતામાં વધારો કરી સિંચાઈ વૃદ્ધિ થઈ છે તથા ૨૨૪૫ તળાવો ઊંડા કરાવવામાં આવ્યા છે.

**૮. બારમાસી રસ્તાઓ :**

આદિજાતિ વિસ્તારના ગામોને પાકા રસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવી છે. જેમાં આદિજાતિ વિસ્તારના ૯૮% મહેસૂલી ગામોને, પેટાપરાઓને રસ્તાઓથી આવરી લીધા છે. જિલ્લા તાલુકાના મુખ્ય રસ્તાઓ સાથે જોડાણ કરીને સુવિધા આપી છે. આગામી સમયમાં ૭૨૧૦ કિ.મી. રસ્તાઓને ડામરથી રિસરફેસ કરવાનું આયોજન કર્યું છે.

- **વનવાસી વિસ્તારોમાં બારમાસી રસ્તાઓ :**

- આદિવાસી વિસ્તારોમાં બનતા રસ્તાઓની ગુણવત્તા સુધારવા હાલના રસ્તાઓની મરામત માટે તેમજ ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા તમામ ફળિયાઓને પાકા રસ્તાના જોડાણ મળે તેવા અભિગમથી વનબંધુ કલ્યાણ યોજના કાર્યક્રમના બારમાસી રસ્તાઓની સુવિધા ઉપલબ્ધ કરાવવા આ ગુજરાત સરકાર કટિબદ્ધ છે.
- વર્ષ ૨૦૦૭-૧૨ દરમ્યાન કુલ રૂા. ૨૬૯૬/- કરોડના ખર્ચે ૯૮૭૧ કિ.મી. રસ્તાનું નિર્માણ કર્યું છે.
- રસ્તાઓની કુલ લંબાઈ : રાજ્યમાં ૭૪૧૨ કિ.મી. છે. જ્યારે આદિજાતિ વિસ્તારમાં ૧૬,૬૫૮ કિ.મી.ના રસ્તા થયા છે.
- પ્રતિ ૧૦૦ ચો.કિ.મી.એ રાજ્યના રસ્તાની લંબાઈ ૩૭.૮૧ કિ.મી. જ્યારે આદિજાતિ વિસ્તારમાં ૫૨.૫૫ કિ.મી.ની સરેરાશ થાય છે.
- રાજ્યમાં ૧ લાખની વસ્તી દીઠ રસ્તાની લંબાઈ ૧૪૬.૨૬ કિ.મી. જ્યારે આદિવાસી વિસ્તારમાં ૧ લાખની વસ્તીએ રસ્તાની લંબાઈ ૨૨૭.૮૪ કિ.મી.ની છે.
- મહેસૂલી ગામોનું જોડાણ રાજ્યમાં ૯૯.૮૧ ટકા જ્યારે આદિવાસી વિસ્તારમાં ૯૯.૪૭ ટકા.

**૯. સાર્વત્રિક વીજળીકરણ :**

સાર્વત્રિક વીજળીકરણ કાર્યક્રમ હેઠળ ૧૩૬૧ પેટાપરાનું વીજળીકરણ થયું છે. જેમાં ૪,૮૪,૭૭૩ ઘરોનું વીજળીકરણ થયું છે. તે ઉપરાંત ૫૩૫૨૪ કૂવાઓનું વીજજોડાણ કર્યું છે. ૧૭ સબ સ્ટેશનોની સ્થાપના કરી છે.

- **આદિવાસીઓના જીવનમાં રેલાયો પ્રકાશપૂંજ : મળ્યું વીજળીકરણનું વરદાન :**

- વનબંધુ કલ્યાણ યોજનામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ૨૪ કલાક વીજળી મળે તે માટે વીજળીકરણને મહત્ત્વ.
- રૂા. ૫૦.૧૫ કરોડના ખર્ચે ૧,૭૧,૧૪૫ ઘરોમાં કુટિર જ્યોત યોજના હેઠળ વીજળીકરણ.
- રૂા. ૫.૩૦ કરોડના ખર્ચે ૧૨,૮૮૫ આદિમ્ જૂથના લોકોના ઘરોમાં વીજળીકરણ.
- આદિવાસી વિસ્તારોમાં સન ૧૯૯૦-૨૦૦૦ દરમ્યાન ૨૦,૦૦૦ કૂવાઓના વીજળીકરણ સામે સન ૨૦૦૦-૨૦૧૨ દરમ્યાન ૯૨,૦૦૦ કૂવાઓનું વીજળીકરણ.
- ૨૦૦૭-૧૩ દરમ્યાન કૂવાના વીજળીકરણ સહિત ૮૮૬ પેટાપરાનું રૂા. ૧૦૦૦ કરોડના ખર્ચે વીજળીકરણ.
- સન્ ૨૦૦૦ થી સન્ ૨૦૧૨ના છેલ્લા ૧૨ વર્ષમાં ૮૦ નવા સબસ્ટેશનની સ્થાપના.
- સન્ ૨૦૧૩-૨૦૧૪માં ૧૮ નવા સબસ્ટેશનનું આયોજન.

**૧૦. શહેરી વિકાસ :**

વર્ષ ૨૦૧૧ થી ફાયનાન્સિયલ ઈન્કલ્યુઝન પ્રોજેક્ટ શરૂ કર્યો છે. તે અંતર્ગત દેનાબેંક અને IDBI બેંકના

સહયોગથી પાયલોટ પ્રોજેક્ટ તરીકે સાબરકાંઠા જિલ્લાના ૪ તાલુકાઓમાં અમલમાં છે. જેમાં દેનાબેંક દ્વારા ૨૦ ATM મશીન તથા IDBI બેંક દ્વારા ૧ ATM મશીન મૂકી કાર્યક્રમની શરૂઆત કરી છે. તે અંતર્ગત અત્યાર સુધીમાં ૫૯,૭૧૫ ખાતાઓ ખોલવામાં આવ્યા છે. જે દરેક ખાતેદારને રૂા. ૫૦ થી રૂા. ૨૦૦૦ની ક્રેડિટની સુવિધા આપવામાં આવી છે. આ યોજનાથી કોઈપણ મધ્યસ્થી વિના લાભાર્થીના ખાતામાં સરકારી સહાય જમા થઈ શકશે.

આદિમજૂર અને હળપતિ જાતિના લોકોને પાયાની સુવિધા પૂરી પાડવા અંતર્ગત વર્ષ ૨૦૧૨-૧૩ માટે આવાસ, પીવાના પાણી, રસ્તાઓ તેમજ આજીવિકા માટે રૂા. ૧૨૫૦ લાખનું આયોજન રાજ્યકક્ષાની સમિતિમાં મંજૂર થયું છે. આમ વિવિધ નીતિઓ અને યોજનાઓ દ્વારા શહેરી વિકાસને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

- **વનબંધુ કલ્યાણ યોજનાની ટૂંકમાં સમીક્ષા :**

– ૧૯૬૦ થી ૨૦૦૧ સુધીનાં સમયગાળામાં આદિવાસી વિભાગ માટે રૂા. ૬,૦૦૦ કરોડના ખર્ચે જ્યારે વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા. ૭૧૦૩ કરોડની માતબર જોગવાઈ.

– વર્ષ ૨૦૦૭-૦૮ થી વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં ૧૫ હજાર કરોડના આયોજનની સામે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ૧૭ હજાર કરોડથી પણ વધુ ખર્ચ કરવામાં આવ્યો.

– ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ કુલ ૧૯૦ કરોડના ખર્ચે ૬૦,૪૧૨ દૂધાળા પશુ આદિજાતિ લોકોને પૂરા પાડવામાં આવ્યા છે. છેલ્લા ૩ વર્ષમાં દૂધ ઉત્પાદનમાં ૪૦ ટકા જેટલો વધારો થયો છે.

– આદિવાસી વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી તેમજ ગુણોત્સવ જેવા કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. હવે ડ્રોપ આઉટ રેશિયો ઘટીને માત્ર ૨ ટકા જ રહ્યો છે.

– હાલમાં ૧૮ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ (EMRS)માં ૪,૪૨૧ આદિજાતિના હોંશિયાર બાળકોને મફત શિક્ષણ, ભોજન, ગણવેશ, સ્ટેશનરી તથા હોસ્ટેલની સુવિધાનો લાભ.

– વર્ષ ૨૦૦૧ પહેલા ૧૨ આદિવાસી તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળા ન હતી. વર્ષ ૨૦૦૭ બાદ ૪૩ આદિવાસી તાલુકામાં કુલ ૯૫ વિજ્ઞાન પ્રવાહની શાળાઓની સ્થાપના.

– આદિવાસી વિસ્તારોમાં વર્ષ ૧૯૯૦-૨૦૦૦ દરમ્યાન ૨૦,૦૦૦ કૂવાઓનું વીજળીકરણ થયું હતું. વર્ષ ૨૦૦૦-૨૦૧૨ દરમ્યાન ૯૨,૦૦૦ કૂવાઓનું વીજળીકરણ થયું. મહેસૂલી ગામોનું જોડાણ રાજ્યમાં ૯૯.૮૧ ટકા, જ્યારે આદિવાસી વિસ્તારમાં ૯૯.૪૭ ટકા.

– ૨૦૦૧માં માત્ર ૪૮,૬૦૦ જેટલા કુટુંબોને જ ઘર સુધી પીવાનું પાણી મળતું હતું તેની સામે અત્યારે ૬.૯૩ લાખ આદિવાસી કુટુંબોને ઘર સુધી પીવાનું પાણી પહોંચાડી શક્યા છીએ.

– આદિજાતિના ૪૩ તાલુકામાં ૧૧૦ આઈ.ટી.આઈ.માં ૨૧,૧૫૧ બેઠકોમાં તાલીમ સુવિધા ઉપલબ્ધ ૧૫ જેટલા આદિવાસી યુવાન દીકરા/દીકરીઓને પાયલોટની તાલીમ માટે રૂા. ૧૩૫ લાખની લોન સહાય આપવામાં આવી.

– સિંચાઇ નહેર સુધારણા કાર્યક્રમ હેઠળ ૧ લાખ ૨૬ હજાર ૩૫૭ હેક્ટર જમીનને સિંચાઈ ૨.૬૪ લાખ ૬૦૪ હેક્ટરમાં સિંચાઈની સવલતનું નિર્માણ કરવામાં આવેલ છે.

– છેલ્લા પાંચ વર્ષમાં કુલ રૂા.૨૬૯૬ કરોડના ખર્ચે ૯૮૭૧ કિ.મી. રસ્તાનું નિર્માણ કરેલ છે.

– ૩.૮૪ લાખ આદિવાસી કુટુંબોને રૂા. ૧૬.૭૦ કરોડના ખર્ચે આવાસ પૂરા પાડ્યા છે. ચાલુ વર્ષ ૨૦૧૨-૧૩માં ૨.૯૦ લાખ આવાસનું આયોજન કર્યું છે.

– ગુજરાતમાં ૧,૧૬,૪૨૫ એકર જંગલની જમીનો માટે ૮૯,૨૮૩ સનદો અને અધિકાર પત્રો આપવામાં આવ્યા છે.

- **સંદર્ભસૂચિ, Websites and Data Sources :**
  - www.censusindia.gov.in
  - www.gujaratinformation.net

(લેખક એચ.બી. કાપડીયા કૉલેજ ઑફ એજ્યુકેશનમાં લેક્ચરર છે.)

# સંપોષિત વિકાસ

• દેવાંશ પટેલ •

**પ્રસ્તાવના**

પર્યાવરણ અને અર્થતંત્ર વચ્ચે વિશિષ્ઠ સંબંધ છે. પર્યાવરણની ગેરહાજરીમાં માનવજીવનનું અસ્તિત્વ કલ્પી શકાતું નથી. શાસ્ત્રોમાં એવું કહ્યું છે કે, માનવીનું શરીર પંચમહાભૂતોનું બનેલું છે. આ પંચમહાભૂતો એ જળ, વાયુ, જમીન, સૂર્ય અને આકાશ છે. આ બધા તેમ જ તેની આસપાસના કુદરતી પદાર્થ પર્યાવરણનાં જ ઘટકો છે. આમ, પર્યાવરણ માનવજીવનનો એક મહત્ત્વનો ભાગ બની ગયો છે. માનવીના તાજગીભર્યા અને તંદુરસ્તીવાળા આરોગ્ય માટે તથા ઊંચી ગુણવત્તાવાળાં જીવનધોરણ માટે સ્વચ્છ પર્યાવરણ અગત્યનું છે.

પર્યાવરણ ઉત્પાદન અને વપરાશ જેવી આર્થિક પ્રવૃત્તિઓમાં સંસાધન અને ઊર્જા પૂરાં પાડે છે. આર્થિક પ્રવૃત્તિઓ કરવાને લીધે  કેટલોક કચરો ઉત્પન્ન થાય છે. પર્યાવરણ આ કચરોને શોષી લે છે જેને પર્યાવરણની ખાળકૂંડી (Sink) તરીકેની ભૂમિકા કહેવાય. પર્યાવરણની આ કચરો શોષવાની ક્ષમતા પછી જે કંઈ કચરો વધે તે પ્રદૂષણ તરીકે ઓળખાય છે. દા.ત., વાહનોના ધુમાડો, કારખાનાં અને ફેકટરીઓનો ધુમાડો, કારખાનામાંથી નીકળતું રસાયણયુક્ત ગંદું પાણી, વસ્તુઓનો વપરાશ કરવાથી નીપજતો કચરો, પ્લાસ્ટિકની કોથળીઓ વગેરે.

કુદરતી સંપત્તિ એ અમૂલ્ય છે. કુદરત દ્વારા માનવીને જળ, હવા, જમીન, જંગલો,ખનિજસંપત્તિ વગેરે જેવી સંપત્તિ ભેંટ સ્વરૂપે પ્રાપ્ત થઈ છે. આર્થિક વિકાસ સાધવામાં આ કુદરતી સંપત્તિનો ઉપયોગ કરવામાં આવે છે. આર્થિક વિકાસને કારણે માનવનાં જીવનધોરણને સુધારી તેને ગુણવત્તાવાળું બનાવી શકાય. જીવનની ગુણવત્તામાં ત્યારે જ સુધારો આવે કે જ્યારે,

- આર્થિક વિકાસના લાભો સામાન્ય પ્રજા સુધી પહોંચે.
- લોકોને પીવા માટે ચોખ્ખું પાણી મળી રહે.
- લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધે.
- લોકોનું આરોગ્ય સુધરે.
- ગંદકીનો યોગ્ય નિકાલ થાય.
- લોકોને શુદ્ધ અને પ્રદૂષણમુક્ત વાતાવરણ મળે.
- વિકાસ ભાવિ પેઢીઓના ભોગે ન થવો જોઈએ.

આમ, વર્તમાન પેઢીએ કુદરતી સંપત્તિ કે પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના તેની જાળવણી કરીને પોતાની જરૂરિયાત સંતોષી શકે તેવો વિકાસ કરવો જોઈએ જેને 'સંપોષિત વિકાસ' તરીકે ઓળખવામાં આવે છે.

**સંપોષિત વિકાસનો અર્થ**

સંપોષિત (Sustainable) વિકાસમાં આર્થિક વિકાસની સાથે સાથે પર્યાવરણીય સંસાધનોની જાળવણી પર ભાર મુકાયો છે. આર્થિક વિકાસની સાથે વર્તમાન તથા ભવિષ્યના જીવનની ગુણવત્તાને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. વર્તમાન પેઢી જે ઊંચું જીવનધોરણ ભોગવતી હોય તે જીવનધોરણ જો ભવિષ્યની પેઢી ભોગવી શકે તો તેવા વિકાસને સંપોષિત વિકાસ કહી શકાય.

વર્ષ ૧૯૮૦માં Conservation of Nature & Natural Resources માટે World Conservation Strategyમાં આંતરરાષ્ટ્રીય સંઘ દ્વારા 'સંપોષિત વિકાસ'નો સૌ પ્રથમ ઉપયોગ થયો હતો, પરંતુ ૧૯૮૭માં વર્લ્ડ કમિશન ઓન ઍન્વાયરમેન્ટ ઍન્ડ ડેવલપમેન્ટમાં 'Our Common Future' હેઠળ Brundtlond Report દ્વારા સંપોષિત વિકાસનો સામાન્ય ઉપયોગ કરવામાં આવ્યો.

**વ્યાખ્યાઓ**

(૧) Brundtland Reportમાં આપવામાં આવેલી સંપોષિત વિકાસની

વ્યાખ્યા :

"ભાવિ પેઢીની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતાને નુકસાન પહોંચાડ્યા સિવાય વર્તમાન પેઢીને જરૂરિયાતો સંતોષવી એટલે સંપોષિત વિકાસ."

(૨) યુનેસ્કોની સંપોષિત વિકાસની વ્યાખયા :

"પ્રત્યેક પેઢી પૃથ્વી પર આવી ત્યારે જળ, વાયુ અને જમીન સંસાધનની જે પરિસ્થિતિ હતી, તે જ પરિસ્થિતિમાં પૃથ્વીને શુદ્ધ અને પ્રદૂષણમુક્ત છોડી જવી."

ઉપરોક્ત વ્યાખ્યાઓ અનુસાર કહી શકાય કે, વર્તમાન પેઢીએ કુદરતી સંપત્તિ કે પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વિના તેઓ પોતાની જરૂરિયાતો સંતોષે જેથી ભવિષ્યની પેઢીની જરૂરિયાતો પૂરી પાડવાની ક્ષમતાને નુકસાન ન પહોચે.

**સંપોષિત વિકાસ શા માટે જરૂરી ?**

દુનિયાનો દરેક દેશ વિકાસ માટે સતત પ્રયત્ન કરતો રહે છે, પરંતુ વિકાસ એ પર્યાવરણના વિનાશના ભોગે થવો જોઈએ નહિ. સાયમન કુઝનેટ્સ નામના અર્થશાસ્ત્રી જાણાવે છે કે વિકાસના પ્રારંભિક તબક્કામાં પ્રદૂષણ જરૂર વધે છે, પરંતુ ત્યાર બાદ તેમાં ઘટાડો થાય છે. આર્થિક વિકાસના પ્રારંભિક તબક્કામા વિવિધ હેતુઓ માટે પર્યાવરણની માગ થતી રહે છે. આર્થિક વિકાસના પ્રારંભિક તબક્કામાં જળ, હવા અને જમીન વગેરે જેવાં સંસાધનો પ્રાપ્ત હતા, પરંતુ વિકાસની સાથે સાથે તે સંસાધનોની માગ વધી જેને કારણે સમાજ ઉપર તેની ઘણી નકારાત્મક અસર પડી. દા.ત., કાગળની માગ વધવાથી જંગલો કપાયાં. કાગળના ઉત્પાદનને કારણે જમીનનું પ્રદૂષણ વધ્યું જેને પરિણામે જીવનની ગુણવત્તા ઘટી.

વિકાસની પ્રક્રિયામાં જંગલો નાશ પામે, પેટ્રોલ અને ડીઝલ જેવી મહત્ત્વની ખનિજ પેદાશો ખલાસ થઈ જાય, ભૂતકાળમાં રહેલાં પાણી વપરાઈ જાય, પાક-સંરક્ષણ અને છોડના રોગોના નિયંત્રણ માટે વપરાતાં રસાયણો તેમ જ અન્ય રસાયણોને લીધે હવા અને પાણી દૂષિત થાય એટલે કે પર્યાવરણ લોકોના સ્વાસ્થ્ય માટે જો પ્રતિકૂળ બને તો વિશ્વના કોઈ પણ દેશની ભાવિ પેઢીઓ ઊંચું જીવનધોરણ ભોગવી શકશે નાહિ. માટે જો પર્યાવરણની જાળવણી સાથે વિકાસ કરવામાં આવે તો વર્તમાન પેઢી તેમ જ ભવિષ્યની પેઢીને ગુણવત્તાવાળું ઊંચું જીવનધોરણ પ્રાપ્ત થઈ શકે. આ બાબતને સંપોષિત વિકાસમાં ધ્યાનમાં લેવાય છે. તેથી સંપોષિત વિકાસ એ અનિવાર્ય છે.

યુનેસ્કોએ આપેલી સંપોષિત વિકાસની વ્યાખ્યામાં એ બાબત સ્પષ્ટ થાય છે કે જળ, વાયુ અને જમીન સંસાધનને શુદ્ધ અને પ્રદૂષણમુક્ત રાખવા જોઈએ જેથી વર્તમાન અને ભવિષ્યની પેઢીને લાભ પ્રાપ્ત થઈ શકે તે માટે સંપોષિત વિકાસ અનિવાર્ય છે. જળ, વાયુ અને જમીન વિશેની ચર્ચા નીચે મુજબ છે.

**૧. જળ**

વિશ્વની ઘણી બધી પ્રાચીન સંસ્કૃતિઓ નદીકાંઠે વિકાસ પામેલી. નદીઓ માનવ-સંસ્કૃતિના વિકાસમાં ઘણી બધી રીતે ઉપયોગી બની રહી. નદીઓ માનવીને પીવા માટે, ખેતી માટે, ઉદ્યોગો માટે તેમ જ અન્ય બીજી વપરાશના હેતુસર પાણી પૂરું પાડે છે. નદીઓ ભૂતકાળની પ્રાચીન, વર્તમાનની તેમ જ ભવિષ્યની પેઢી માટે મહત્ત્વની નહિ પરંતુ ખૂબ જ જરૂરી છે. માનવી નદીઓનું મહત્ત્વ ભૂલીને વિકાસ માટ કયાંય ને કયાંય તે નદીઓને પ્રદૂષિત કરતો ગયો છે. માનવી દ્વારા પ્લાસ્ટિકનો કચરો તેમજ કારખાનાં કે ઉદ્યોગો દ્વારા ઝેરી રસાયણોવાળું પાણી નદીઓમાં ઠાલવવામાં આવી હ્યું છે જેનાથી નદીઓમાં પ્રદૂષણનું પ્રમાણ વધી હ્યું છે. જો માનવી નદીઓને આવી જ રીતે પ્રદૂષિત કરતો રહેશે તો નદીઓ દ્વારા માનવીને જે ભૂતકાળમાં લાભો મળતા હતા તે લાભો વર્તમાન તેમજ ભવિષ્યની પેઢીને મળી શકશે નહિ. માટે આ લાભ વર્તમાન અને ભવિષ્યની પેઢીને પ્રાપ્ત થાય તે માટે સંપોષિત વિકાસ અનિવાર્ય છે.

**૨. વાયુ**

છેલ્લાં કેટલાંક વર્ષોથી આર્થિક વિકાસને કારણે પર્યાવરણ પર ગંભીર અસરો પડી છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં પૃથ્વીના તાપમાનમાં સતત વધારો થઈ હ્યો છે. ઉદ્યોગો તેમજ વાહનો દ્વારા છોડાતાં ઝેરી વાયુના કારણે પૃથ્વી પરના

સજીવો ઉપર તેની ગંભીર અસરો પડી છે. સૂર્યના પારજાંબલી કિરણોની સામે રક્ષણ આપતું ઓઝોન પડ હવે નબળું પડતું જાય છે. વાયુને પ્રદૂષિત કરતાં ઉદ્યોગો અને વાહનો વાયુ પ્રદૂષણ કરી પર્યાવરણ પર ગંભીર અસર પહોંચાડે છે. ઔદ્યોગિક એકમોમાંથી નીકળતો ધુમાડો, રાખ તથા રાસાયણિક દ્રવ્યો હવાને પ્રદૂષિત કરે છે. ખાનગી દ્વિચક્રી, ત્રિચક્રી અને ચાર ચક્રીય વાહનોની સંખ્યામાં સતત વધારો થતો ગયો છે જેને પરિણામે વાતાવરણમાં વાયુ પ્રદૂષણ વધતુ ગયુ છે. ઔદ્યોગિકીકરણને કારણે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ પણ સતત વધતું ગયું છે. વર્ષ ૨૦૧૨માં થયેલા એક સર્વેક્ષણ મુજબ વિશ્વમાં કાર્બન વાયુઓનું સૌથી વધુ ૨૭ ટકા ઉત્સર્જન ચીન કરે છે ત્યાર પછી અમેરિકા ૧૪ ટકા, યુરોપિયન યુનિયન ૧૦ ટકા અને ભારત ૬ ટકા કાર્બન વાયુઓનું ઉત્સર્જન કરે છે. આમ, વિશ્વમાં કાર્બન વાયુઓનું પ્રમાણ વધતું ગયું છે જે માનવીની વર્તમાન તેમજ ભાવિ પેઢી માટે ગંભીર અસરો ઊભી કરી શકે છે. આથી વર્તમાન પેઢીએ ઝડપી આર્થિક વિકાસ સાધવાને બદલે સંપોષિત વિકાસને મહત્ત્વ આપવું જોઈએ.

**૩. જમીન**

જમીન એ કુદરતી સંપત્તિ છે. જમીન કુદરતી સંપત્તિ હોવાથી તેનું પ્રમાણ સ્થિર છે. જમીન માનવીને ઘણી બધી રીતે ઉપયોગી છે. માનવીને ખેતી કરવા મકાન, કારખાનાં કે ઔદ્યોગિક એકમો બાંધવા માટે જમીન એ ઘણી ઉપયોગી છે, પરંતુ વર્તમાન સમયમાં માનવીએ જમીનનો કરકસરભર્યો ઉપયોગ કરવાને બદલે તેનો બેફામ રીતે ઉપયોગ કર્યો છે. બીજી બાજુ ઝડપથી વધતી જતી વસ્તીને લીધે અનાજની માગ વધી જેને પરિણામે અનાજ ઉત્પન્ન કરવા માટેની જમીનનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરવો પડે, પરંતુ માનવજીવનનો વિકાસ વધતા રોડ-રસ્તા બનાવવા, મકાનો કે ઔદ્યોગિક એકમો બાંધવા માટે જમીનના ઉપયોગમાં વધારો થાય છે, જેને પરિણામે ખેતી કરવા માટે જમીનનું પ્રમાણ ઘટતું ગયું છે તેથી ખેતીક્ષેત્ર ઉત્પાદન વધારવા માટે રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના કારણે જમીન ઉપરાંત હવા તથા પાણી પ્રદૂષિત થાય છે. આ પ્રદૂષણનો ખર્ચ પેઢીને ખાનગી ખર્ચ તરીકે નહિ પરંતુ સમગ્ર સમાજે ભોગવવાનો રહે છે. આ ખર્ચનો સમાવેશ સંપોષિત વિકાસના ખ્યાલમાં થયો છે, આ સંદર્ભમાં સંપોષિત વિકાસ અનિવાર્ય છે.

પૃથ્વીના તાપમાનમાં સતત વધારો થવા પાછળનાં કારણો પૈકી એક કારણ જંગલોનો નાશ છે. જંગલો માનવીને ઘણી બધી રીતે ઉપયોગી છે. જંગલો જમીનનું ધોવાણ અટકાવે છે. જંગલો વરસાદ લાવવા માટે ઉપયોગી છે. જંગલો વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ અને ઑક્સિજન વાયુ વચ્ચે સમતુલા જાળવે છે. તે ઉપરાંત જંગલો વિવિધ ઔષધિઓ, ઈમારતી લાકડું, ફર્નિચર બનાવવા અને બળતણ માટે લાકડું વગેરે પૂરાં પાડે છે. આમ, જંગલોનું મહત્ત્વ ઘણું છે પરંતુ વિકાસ માટે જંગલોનો નાશ થતો જાય છે, જેને લીધે વનસંપત્તિનો વિસ્તાર ઘટી રહ્યો છે. જંગલોનું પ્રમાણ ઘટવાથી કાર્બન ડાયોક્સાઈડ અને ઑક્સિજન વાયુ વચ્ચે સમતુલા જાળવવાની જંગલોની ક્ષમતા ઘટી રહી છે, જેને પરિણામે વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધતું ગયું છે. વરસાદ અનિયમિત અને અનિશ્ચિત થતો જાય છે. આ બધી આડઅસરો વર્તમાન પેઢી અને ભાવિ પેઢીએ ભોગવવી પડશે. આથી વર્તમાન પેઢી જંગલોની જાળવણી કરી કે વધુ વૃક્ષો વાવીને જંગલોનું પ્રમાણ વધારે તો ભાવિ પેઢીની જરૂરિયાતો સંતોષવાની તેમની ક્ષમતાને હાનિ પહોંચશે નહિ. આથી સંપોષિત વિકાસ અનિવાર્ય છે.

આર્થિક વિકાસ માટે ખનિજસંપત્તિ ઘણી ઉપયોગી છે. પૃથ્વીના પેટાળમાંથી પ્રાપ્ત થયેલ પેટ્રોલ, ડીઝલ, કુદરતી ગૅસ, કોલસો, લોખંડ વગેરે જેવી ખનિજ-સંપત્તિ આર્થિક વિકાસ માટે ઘણી ઉપયોગી


# स्वच्छ भारत अभियान
# SWACHCHH BHARAT MISSION

છે. આર્થિક વિકાસ વધતા માનવીનાં જીવનધોરણમાં સુધારો થાય છે. પરંતુ વર્તમાન સમયાં ખનિજસંપત્તિનો યોગ્ય રીતે ઉપયોગ કરવાને બદલે તેનો બેફામ રીતે ઉપયોગ થતો ગયો છે. આપણે સૌ જાણીએ છીએ કે આવનારાં થોડાંક વર્ષોમાં આ ખનિજસંપત્તિ માનવીને પ્રાપ્ત થઈ શકશે નહિ, કારણ કે આ ખનિજસંપત્તિ એ કુદરતી સંપત્તિ છે અને તેનો જથ્થો એ મર્યાદિત છે તેથી વર્તમાન પેઢીએ ભાવિ પેઢીનો વિચાર કરીને ખનિજસંપત્તિનો કરકસરભર્યો તેમજ વૈકલ્પિક રીતે ઉપયોગ કરી સંપોષિત વિકાસને મહત્ત્વ આપવું જોઈએ.

આમ, સંપોષિત વિકાસનો ખ્યાલ વિકાસની એ પ્રક્રિયાનો નિર્દેશ કરે છે કે જેમાં દેશનાં સાધનો, મૂડીરોકણની દિશા, ટૅકનોલૉજિકલ વિકાસની ક્ષિતિજો અને સંસ્થાકીય માળખામાં થતાં ફેરફારો વગેરે વર્તમાનની અને ભવિષ્યની માનવ-જરૂરિયાતો સંતોષવાની ક્ષમતામાં વધારો કરે છે. પરિવર્તનની આ પ્રક્રિયા સંપોષિત વિકાસ અને આર્થિક વિકાસને સાંકળી લઈ એ હકીકત પર ભાર મૂકે છે કે વિકાસ પર્યાવરણના વિનાશના ભોગે થવો જોઈએ નહિ. આમ, વર્તમાન પેઢીની એ નૈતિક ફરજ છે કે તેઓ પર્યાવરણની જાળવણી કરી શુદ્ધ અને પ્રદૂષણમુક્ત વાતાવરણ સાથે જેવું જીવનધોરણ જીવી રહી છે તેવું જ જીવનધોરણ ભાવિ પેઢીને આપવું જોઈએ.

- **સંદર્ભસૂચિ**


- Gaurav Datt & Ashwani Mahajan, Indian Economy, S. Chand & Company Ltd., New Delhi.
- M. L. Jhingan & Chandar K. Sharma, Environmental Economics - Theory, Management & Policy, Vrinda Prakashan, New Delhi.
- એચ. કે. ત્રિવેદી અને રમેશ બી. શાહ, વિકાસશીલ રાષ્ટ્રોનું અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
- વૃદ્ધિ-વિકાસ અને આયોજનનું અર્થશાસ્ત્ર, પોપ્યુલર પ્રકાશન, સુરત.


- **વેબસાઇટ સૂચિ**


- en.wikipedia.org
- w.w.w. coznow. org



**(લેખક એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં વિઝિટિંગ લેક્ચરર છે.)**






**Subscription Rates of Yojana (English, Hindi), Kurukshetra (English, Hindi) & Aajkal**

| | |
|---|---|
| Single Copy | Rs. 10.00 |
| 1 Year | Rs. 100.00 |
| 2 Years | Rs. 180.00 |
| 3 Years | Rs. 250.00 |

: Address :
**Business Manager (Journals)**
Publications Division, East Block - IV, Level 7,
R. K. Puram, New Delhi-110 066
Tel. : (011) 26100207, 26105590 • Fax : (011) 26175516

Subscription amount may be sent through
**Money Order / Demand Draft / Cheque / Postal Order**

**Demand Draft / Cheque should be in favour of**
The Director, Publications Division, Ministry of I & B, Payable at New Delhi

**૨૫ ડિસેમ્બર ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીનો દિવસ 'રાષ્ટ્રીય સુશાસન દિવસ' તરીકે ઉજવવામાં આવ્યો છે. આ પ્રસંગે તેમના ભાષણોમાંથી અત્યારે પણ પ્રસ્તુત હોય તેવા કેટલાક અંશો નીચે રજૂ કરવામાં આવ્યા છે –**

**સુશાસન : પારદર્શકતા, જવાબદારી અને વિશ્વસનિયતા**

.. 'સુશાસન'ના મહત્ત્વપૂર્ણ પાસાં છે –

- બચાવ માટે વ્યાપક કાયદાકીય માળખું અને તેનો તટસ્થ અને સક્ષમન્યાયિક વ્યવસ્થા દ્વારા અમલ
- સક્ષમ, કાર્યદક્ષ અને જનતાને અનુકૂળ સનદી વ્યવસ્થા સાથે જવાબદાર, પ્રામાણિક અને પારદર્શક નિર્ણય લેવા સક્ષમકાર્યકારિણી
- અને સૌથી મહત્ત્વપૂર્ણ નાગરિક સમાજની મજબૂત ભાગીદારી...

...પારદર્શકતા અને જવાબદારીપણું સુશાસનના માપદંડો છે, જે સરકારની સક્રિયતા અને કાર્યક્રમોની કાર્યદક્ષતા સુનિશ્ચિત જ કરતા નથી, પણ સાથે સાથે જનતામાં સરકારની વિશ્વસનિયતા પણ પ્રસ્થાપિત કરે છે. સરકારની નૈતિક કાયદેસરતા માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે બહુમતી જનતાએ તેની રાજકીય કાયદેસરતા માટે સમર્થન આપ્યું છે. એટલે ભારતીય લોકશાહીએ પારદર્શકતા અને જવાબદારીના નિયમોના પાલન માટે મજબૂત સંસ્થાકીય માળખું ઊભું કર્યુ છે. સરકાર કરદાતાઓના રૂપિયા ક્યાં અને કેવી રીતે ખર્ચે છે તેના પર નજર રાખવી એ સાંસદો અને ધારાસભ્યોની મહત્ત્વપૂર્ણ ફરજ છે.

**રાષ્ટ્ર માટે કામગારી : ઝડપી અને ઉત્તમ**

.. અર્થતંત્રના તમામક્ષેત્રોમાં ઉત્પાદકતામાં વધારાને પ્રાથમિકતા આપવી જોઈએ. હું દરેક કામદારો અને દરેક સંસ્થાઓને 'ઝડપી કાર્ય, ઉત્તમકાર્ય, રાષ્ટ્ર માટે કાર્ય' કરવાની અપીલ કરું છું.

**નિષ્પક્ષતા, સમાનતા અને સ્થિરતા**

.. શાસન, વેપારવાણિજ્ય અને વહીવટીમાં સામેલ તમામલોકો માટે સૌથી મોટો પડકાર વૈશ્વિક વેપાર, વ્યવસાય અને અર્થતંત્રમાં નિષ્પક્ષતા, સમાનતા અને સ્થિરતા સાથે વિકાસ કરવો એ છે. જો આપણે આગામી સદીમાં ઈચ્છિત પરિણામઆપવા વૈશ્વિકરણ કરવા માંગતા હોઈએ, તો આપણા લક્ષ્યાંકો આ હોવા જોઈએ:

- સર્વજન સુખાય, નહીં કે થોડા લોકોની સુખાકારી;
- લાંબા ગાળાની વૃદ્ધિ, નહીં કે ટૂંકા ગાળાનો ફાયદો;
- પૂરક ક્ષમતાઓ પર આધારિત સહકાર અને વિકાસ, નહીં કે ગળાકાપ સ્પર્ધામાં રહેલા સંઘર્ષના મૂળિયા પર આધારિત વૃદ્ધિ.

**ભારતને સંભવિત સમર્થન**

.. વિકાસશીલ અને વિકસિત દેશો એમબંનેના લોકો ઉદારીકરણ અને વૈશ્વિકરણને સમર્થન આપવા ઈચ્છે છે, જેમાં તેમને નીચેની ખાતરી આપવાની શરતો સામેલ છે:

- આ સુધારાથી દરેકને ફાયદો થશે, ખાસ કરીને છેવાડાના અને વંચિતોને;
- પર્યાવરણનું સંરક્ષણ થશે;
- તેમની રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક ઓળખ જાળવવામાં આવશે.

દરેક ભારતીય - ભારતમાં રહેતો કે વિદેશમાં રહેતો – હંમેશા માને છે કે ભારત મહાન રાષ્ટ્ર છે અને દુનિયા આ સત્યનો સ્વીકાર શા માટે કરતી નથી તેનું તેમને આશ્ચર્ય છે. કદાચ આપણે આપણી સંભવિતતા દ્વારા આપણી જાતને મૂલવવાનું વલણ ધરાવીએ છીએ, જ્યારે અન્ય લોકો આપણી મૂલવણી આપણી કામગીરી દ્વારા કરે છે. જોકે આપણી સંભવિતતા અને આપણી કામગીરી વચ્ચેનો ફરક હવે ઓછો થયો છે. ભારતમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે અને પરિવર્તન ઝડપથી થઈ રહ્યું છે. આ પરિવર્તન અત્યારે વધુ સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યું છે. દુનિયાએ આઈટી અને માહિતી આધારિત અર્થતંત્રના અન્ય ક્ષેત્રોમાં આપણી ક્ષમતાની કદર કરી છે. આપણા ઝડપથી વિકસી રહેલા બજારો અને ઝડપથી વિસ્તરતા અર્થતંત્રે આપણી નોંધ લેવાની દુનિયાને ફરજ પાડી છે. ભારતીય ઉદ્યોગ અને વેપારધંધાઓ વૈશ્વિકરણમાંથી શીખી રહ્યા છે અને ટેકનોલોજીમાં થઈ રહેલી ક્રાંતિ એ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવાની તેમને ફરજ પાડી છે. અત્યારે "મેક ઇન ઇન્ડિયા" કે "સોર્સ ફ્રોમ ઇન્ડિયા" લેબલ રાષ્ટ્રીય ગૌરવની બાબત છે.

**આપણે વિકસિત રાષ્ટ્ર બની શકીએ, આપણે વિકસિત રાષ્ટ્ર બનવું જોઈએ**

.. ચાલો દેશમાં દરેક અને બધા આર્થિક સંગઠનોને નવું શીખવાના કેન્દ્રો બનાવીએ અને ભારતને જ્ઞાનનો, નવું શીખવા માટે જિજ્ઞાસુ, આતુર હોય તેવો દેશ બનાવીએ. આપણા પ્રયાસો દેશમાં નવી કાર્યશૈલી તૈયાર કરવાની દિશામાં હોવા જોઈએ, પણ તેમાં આપણી પરંપરાગત સેવાની ભાવના હશે તો જ તેના મીઠાં ફળ ચાખવા મળશે. કામફક્ત રોજગારલક્ષી ન હોવું જોઈએ, કામતમારા સંતોષ માટે કરવું જોઈએ. જ્યારે સમાજસેવા અને રાષ્ટ્રસેવાના અભિગમસાથે કોઈ કામકરવામાં આવે છે ત્યારે તે સાધના બની જાય છે.

ભારત અત્યારે મોટા પડકારનો સામનો કરે છે. આપણે હંમેશા લોકશાહી દેશ રહીશું. તે ભારતના સ્વાભિમાન અને સામર્થ્યનો અખૂટ સ્રોત છે. પણ આ પડકારો આપણે ભૂલવા ન જોઈએ :

- આપણી લોકશાહી વિકાસના મુદ્દાની આસપાસ સામાન્ય રાષ્ટ્રીય હેતુ ઊભો કરી શકે અને આપણું સ્વપ્ન સાકાર થાય તે રીતે તેને પૂર્ણ કરી શકે.
- આપણે પ્રાદેશિક અને સામાજિક ભેદભાવો ભૂલી શકીએ અને ઝડપથી શહેરી-ગ્રામીણ અસમાનતાને નાથી શકીએ.
- આપણે ઝડપથી આપણી યુવા વસતિની વધતી જતી મહત્ત્વાકાંક્ષાઓને અનુરૂપ તકો ઊભી કરી શકીએ.
- ટૂંકમાં, આપણે ભારતને વર્ષ ૨૦૨૦ સુધીમાં સંપૂર્ણપણે વિકસિત રાષ્ટ્ર બનાવી શકીએ.
- એક પેઢીના જીવનકાળની અંદર આ શક્ય છે ? હા, મને વિશ્વાસ છે, આપણે વિકસિત રાષ્ટ્ર બની શકીએ, આપણે વિકસિત રાષ્ટ્ર બનવું જોઈએ.

(સ્રોતઃ ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના પસંદ કરેલા ભાષણો, પ્રકાશન વિભાગ, માહિતી અને પ્રસારણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રકાશિત)

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

પ્રકાશન તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૧૪
પોસ્ટિંગ તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૫


## પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો

| પુસ્તકનું નામ | કિંમત |
|---|---|
| માદામ ભિખાઈજી રુસ્તમજી કામા | ૬૦-૦૦ |
| ઠક્કરબાપા | ૮૦-૦૦ |
| સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦-૦૦ |
| ભારતના ગૌરવ ગ્રંથ | ૭૦-૦૦ |
| વૈજ્ઞાનિકો | ૪૫-૦૦ |
| ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦-૦૦ |
| આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫-૦૦ |
| આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫-૦૦ |
| સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬-૦૦ |
| સૌંદર્ય મીમાંસકો | ૫૦-૦૦ |
| કાલીદાસ કહાની | ૩૨-૦૦ |
| વાલ્મીકિ અને વ્યાસ | ૨૨-૦૦ |
| સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦-૦૦ |
| રામાયણ, મહાભારત અને ભાગવત લેખકો | ૮૫-૦૦ |
| દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮-૦૦ |
| તત્ત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮-૦૦ |
| ભારતીય જનજાતિઓ અતીતના ઝરુખેથી | ૧૦૦-૦૦ |
| રાજકુમારી નિહાલદે | ૧૨-૦૦ |
| દ્દષ્ટાઓ અને ચિંતકો | ૫૦-૦૦ |
| સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮-૦૦ |
| કાકા સાહેબ કાલેલકર | ૨૧૦-૦૦ |
| સંગીતજ્ઞો | ૪૫-૦૦ |
| ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦-૦૦ |
| ગુજરાતમાં જાગૃતિની લહેર | ૭૨-૦૦ |
| | રૂ. ૧૭૪૩-૦૦ |

ઉપર જણાવેલ પુસ્તકોના વેચાણમાં ૫૦% કમિશન

| | |
|---|---|
| લાલબહાદુર શાસ્ત્રી | ૭૦-૦૦ |
| સરદાર વલ્લભભાઈ પટેલ | ૮૦-૦૦ |
| ગુરુનાનક થી ગુરુગ્રંથ સાહેબ સુધી | ૧૬૦-૦૦ |
| ગાંધી-સચિત્ર જીવનકથા | ૧૨૫-૦૦ |
| નાના સાહેબ પેશ્વા | ૧૨૦-૦૦ |
| મહાત્મા જ્યોતિબા ફુલે | ૧૫૦-૦૦ |
| | રૂ. ૭૦૫-૦૦ |

કુલ રૂ. ૧૭૪૩-૦૦ + ૭૦૫-૦૦ = ૨૪૪૮-૦૦



## યોજના કાર્યાલય

લોંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅન્ક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮૮૬૬૯, ૨૬૫૮૧૪૫૦
E-mail : yojanagujarati@gmail.com


**YOJANA (GUJARATI), January 2015**

**O.I.G.S.**

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેન્કની ઉપર, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

**Printed and Published by Dr. (Ms) Sadhana Rout, Additional Director General and Head on behalf of Publications Division, Soochna Bhawan, C.G.O. Complex, Lodhi Road, New Delhi-110 003**
Printed By : **Sahitya Mudranalaya Pvt. Ltd.,** 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 • Phone : 25469101-02
**Director & Chief Editor : Rajesh K. Jha** **Dy. Director : Amita Maru**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 26100207 / 26105590**